બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمة الله علیه બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله علیه

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**જુન-૨૦૨૧**

શવ્વાલુલ મુકર્રમ-ઝિલ કૂઅદ
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૬, સળંગ અંક : ૨૦૯

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | રૂહાની રીતે મજબૂત બની જાવ ! | 04 |
| 02 | **કોરોના સંકટમાં દીની મદ્રસાના ઉસ્તાદો, ઈમામોના હાલાત પર એક દષ્ટિ** | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 16 |
| 07 | કાનૂને શરીઅત | 22 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 09 | لَیْسَ مِنَّا 'તે અમારો નથી' | 28 |
| 10 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 30 |
| 11 | નમાઝ અને મેડિકલ સાયન્સ | 34 |
| 12 | દાસ્તાન પેલેસ્ટાઈનના સોદાગરોની | 37 |
| 13 | કિબ્લાએ અવ્વલ : બયતુલ મુકદ્દસ કલ આજ ઔર કલ ! | 41 |
| 14 | અંબિયાએ કિરામની બરઝખી જિંદગી | 45 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


**યા શાહે સંજરી...**

બિગળી મેરી બના દો યા શાહે સંજરી

બિગળી મેરી બના દો યા શાહે સંજરી
રંજો અલમ મિટા દો યા શાહે સંજરી
કિત્ના કરમ હે મુઝ પર અપના બના લિયે હે
કિસ્મત મેરી જગા દો યા શાહે સંજરી
પર હે ન પાસ ઝર હે બસ આપકી નઝર હે
તયબહ્ મુઝે દિખા દો યા શાહે સંજરી
ષાબિત કદમ રહેં હમ આશિક બને રહેં હમ
બિલખૈર ખાતિમા હો યા શાહે સંજરી
ફિર હિંદકી ઝમીં પર ઝાલિમ ઉભર રહે હૈં
તીરે નઝર ચલા દો યા શાહે સંજરી
અર્ઝે ફિલિસ્તીં પર મઝલૂમ હૈં મુસલમાં
ફૌઝે મુબીં અતા હો યા શાહે સંજરી
તહરીકે **સુન્ની દા'વતે ઈસ્લામી**કો હુઝૂર
આલમમેં અબ ચલા દો યા શાહે સંજરી
હુસ્ને અમલસે કાસિર દર પર ખળા હે **'શાકિર'**
અપના ઉસે બના લો યા શાહે સંજરી

**રજૂકર્તા :** *અતાએ મુફ્તીએ આ'ઝમ, પીરે તરીકત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી* **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ**

# રૂહાની
## રીતે મજબૂત બની જાવ !

હાલમાં આખી દુનિયા ચિંતાઓની ઘાટીઓથી પસાર થઈ રહી છે અને આ મુશ્કેલીઓથી નીકળવાનો જાહેરી રીતે કોઈ રસ્તો પણ દેખાઈ રહ્યો નથી. લોકોને આશ્વાસન આપવું અને સંતોષ અપાવવુ તો આસાન છે પરંતુ ચિંતાઓથી બહાર કાઢવું ખૂબ જ મુશ્કેલ છે. રમઝાનુલ મુબારક જેવા મુક઼દ્દસ મહિનામાં મસ્જિદમાં ઈબાદતથી દૂરી, લોકડાઉન, આર્થિક મંદી, મસ્જિદમાં પાબંદીઓ, હરમૈન શરીફૈનમાં મુશ્કેલીઓ, આ અને આવા પ્રતિબંધોએ આખી મુસ્લિમ ઉમ્મતને હલાવી મૂકી છે. શું કરીએ ? ક્યો રસ્તો અપનાવીએ ? બધુ જ સમજની બહાર છે ! આ વાક્યો આજે દરેક ખાસ તથા આમની જીભો પર છે. હું સમજું છું કે લોકોનું આ રીતનું વિચારવું અને કહેવું ગૈર વ્યાજબી નથી પરંતુ અલ્લાહની તાકત અને કુદરતથી નિરાશ થવું પણ બરાબર નથી. દેખીતી રીતે આપણામાં નિરાશા આવી ગઈ છે અને આ નિરાશા આપણા આખા અસ્તિત્વ પર છવાઈ ગઈ છે. પરંતુ યાદ રાખો ! અલ્લાહથી વધીને કોઈ તાકત નથી, એટલા માટે ઈસ્લામમાં નિરાશાને કુફ્ર ઠરાવી દેવામાં આવ્યું છે કે નિરાશા જ્યારે છવાઈ જાય છે તો એ, એ વાતનો ખામોશ સંદેશ આપે છે કે હવે કશું નહીં થાય ! કોઈ કામ નહીં બને ! કોઈ રસ્તો નીકળવાનો નથી ! આ એક એવો નાઝુક તબક્ક઼ો છે કે જ્યારે મુનષ્ય આ અંધકારમાં ભટકવા લાગે છે. પરંતુ અલ્લાહ પર મજબૂત ઈમાન રાખનારા અલ્લાહના વલીઓ જાણે છે કે એ જ એક તાકત છે જે અશક્યને પણ શક્ય બનાવે છે, જે અંધકારને અજવાળામાં ફેરવે છે. એ આપણને એવી શક્યતાઓ સામે લાવીને ઉભા કરે છે કે આપણા વહેમ તથા ગુમાનમાં પણ નથી હોતુ. તો હવે સવાલ એ છે કે આપણે આવી હાલતમાંથી કેવી રીતે નીકળીએ ?!

> **શું કરીએ ? ક્યો રસ્તો પકડીએ ? બધુ જ સમજથી બહાર છે ! આ પ્રકારના વાક્યો આજે દરેક આમ તથા ખાસની જીભ પર છે. લોકોનું આ રીતનું વિચારવુ ગેરવ્યાજબી નથી, પરંતુ અલ્લાહની તાકત અને કુદરતથી નિરાશ થવુ પણ બરાબર નથી.**

**આ પરિસ્થિતિમાં પોતાને રૂહાની (આધ્યાત્મિક) રીતે વધુથી વધુ મજબૂત કરો, હોંસલાને બુલંદ રાખો, અલ્લાહથી ઉમ્મીદ રાખો, અને હુઝૂર રહ્‌મતે આલમ ﷺથી વસીલો પકડો.** આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہશું સરસ અર્ઝ કરે છે :–

*તીન કા ભી હમારે તો હિલાયે નહીં હિલતા !*
*તુમ ચાહો તો હો જાએ અભી કોહે મહ઼ન ફૂલ*

એક બીજી જગ્યાએ કહે છે :–

*ગમઝદોં કો રઝા મુઝદા દીજે કે હૈ*
*બેકસોં કા સહારા હમારા નબી*

અલ્લાહની જાત પર સંપૂર્ણ ભરોસો કરો અને ઉમ્મીદ રાખો કે તે જ મુસ્લિમ ઉમ્મત માટે કોઈ રસ્તો કાઢશે. અલ્લાહ તઆલાથી નાઉમ્મીદી એ ગુમરાહોનું નસીબ છે. કુર્આને મુક઼દ્દસમાં રબ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો :–

قَالَ وَمَنْ يَّقْنَطُ مِنْ رَّحْمَةِ رَبِّهٖٓ اِلَّا الضَّآلُّوْنَ

''કહ્યું, પોતાના રબની રહ્‌મતથી કોણ નાઉમ્મીદ થાય, પરંતુ એ જ જે ગુમરાહ થયા.''

*–(સૂરએ હિજર, ૫૬, કન્ઝુલ ઈમાન)*

આપણે અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડવી પડશે. આક઼ાએ કરીમ ﷺનો ઈર્શાદ છે :–

كتب الله جبل الله ممدو دمن السماء والارض

''અલ્લાહની કિતાબ અલ્લાહની રસ્સી છે. જે આસ્માનથી જમીન તરફ લાંબી છે.''

આ જ પ્રકારની એક બીજી હદીષ છે. કુર્આનનો એક કિનારો અલ્લાહના દસ્તે કુદરતમાં છે અને બીજો કિનારો તમારા હાથોમાં છે. બસ ! તેને મજબૂતીથી પકડી લો, ત્યાર પછી તમે ન હલાક઼ થશો ન ભટકી જશો.

*–(મુસન્નફે ઈબ્ને અબી શૈબા)*

તિલાવતે કુર્આનની અધિક્તા તેમજ કન્ઝુલ ઈમાનથી તર્જુમાનો અભ્યાસ અને દુરૂદ શરીફ પઢવાની વ્યવસ્થા, અને તૌબા તથા ઈસ્તિગફારની ખૂબ અધિક્તા આપણી પરેશાનીઓનો ઈલાજ બની શકે છે. રબ તઆલા આખી મુસ્લિમ ઉમ્મત બલ્કે આખી દુનિયાને નિરાશાથી કાઢીને અમન અને અમાનનો જલ્વો નસીબ ફર્માવે. (આમીન)

*(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, એપ્રિલ–૨૦૨૧)*

❑ અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી–મુંબઈ
❑ અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ

Web.:www.barkatekhwaja.net

# કોરોના સંકટમાં દીની મદ્રસાના ઉસ્તાદો, ઈમામોના હાલાત પર એક દષ્ટિ

તંત્રી લેખ......

ગયા વરસે ઈ.સ. ૨૦૨૦માં દારુલ ઉલૂમો મદ્રસાઓમાં લગભગ દરેક ઠેકાણે શાબાનની શરૂઆતમાં તલબાના ઈમ્તેહાનનો સમય હતો એ જ અરસામાં અચાનક કોરોનાની વબાના કારણે હિંદુસ્તાનમાં સર્વત્ર સખત લોકડાઉન ગવર્નમેન્ટે જાહેર કર્યુ. એમાં દેશભરમાં રેલ રોડ, દુકાનો, હોટલો સર્વ બંધ થવાથી પોતાના વતન પરત જવા માગતા શ્રમજીવીઓ તેમજ અન્ય લોકોની જે બુરી હાલત થઈ અને અનેક લોકોનાં મૃત્યુ થયાં એનાથી આપ સૌ વાકેફ છો. આ લોકડાઉને લોકોના ધંધા વેપારનો જનાઝો કાઢી નાખ્યો અને દરેક વર્ગ આર્થિક રીતે તૂટી ગયો, દેવામાં ડૂબી જવાથી અનેક લોકોએ આપઘાતો પણ કર્યા અને હજીયે એ ક્રમ ચાલુ છે. કોરોનાની વબાના કારણે અનેક લોકોના મૃત્યુ થયાં, કેટલીય સ્ત્રીઓ વિધવા બની તો કેટલાય બાળકો, ઘરડાં મા બાપો નિરાધાર બની ગયાં. એના વિશેના દુઃખની અનેક દાસ્તાનો દિલને રંજ પહોંચાડી જાય છે. કેટલાય નોકરી કરી ગુજરાન ચલાવનારા લોકો બેકાર બની ગયા, આવકો બંધ થઈ ગઈ અને આર્થિક કફોડી સ્થિતિમાં સપડાય ગયા. આવા નાઝુક સમયે ભૂખમરાની સ્થિતિ ઊભી થઈ ત્યારે ખાસ કરીને સખી સદ્ધર મુસલમાનોએ, અનેક મુસ્લિમ સંસ્થાઓએ સહાયનો ધોધ પણ વહાવ્યો અને અનાજ, દાણા પાણી વગેરેની કીટો જરૂરતમંદોમાં વહેંચીને તેમને રાહત પહોંચાડવા કોશિશ કરી. આપણા **"ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા"** તેમજ **"સુન્ની દા'વતે ઈસ્લામી-ભરૂચ"** તથા **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ"** થકી પણ શક્ય તે કીટો તથા કેશ વડે જરૂરતમંદોની સહાય કરવામાં આવી. વરસભરના દુઃખોની દાસ્તાન ઘણી લાંબી છે જેને આપ લોકોએ પણ મહેસૂસ કરી હશે.

Web : www.barkatekhwaja.net

## ★ દીની અખ્લાક઼ી તા'લીમ જેમનાથી બાકી છે તેમના વિશે જાણીએ ★

એક વરસ ઉપરથી ચાલતી કોરોનાની વબાએ સૌને પ્રભાવિત કરી તેમની હાલતો કફોડી કરી નાખી એ જ પ્રમાણે દીનના ખાદિમો અહલે સુન્નતના ઉલમા, હાફિઝો, ઈમામો જેઓ ખિદમતે દીન પાછળ સતત લાગેલા રહેતા હતા તેમની હાલત પણ અકથ્ય થઈ ગઈ. ઘણા ઠેકાણે તો ઉસ્તાદોને સદંતર છૂટા જ કરી દેવામાં આવ્યા તો કેટલાક ઠેકાણે પગારોમાં કાપ મૂકવામાં આવ્યો, જ્યારે અમુક ઠેકાણે દીની ઈદારા મદ્રસા, મસ્જિદોના સંચાલકોએ હજી સુધી પૂરા પગાર સાથે આ મઝલૂમ વર્ગની ખિદમત રાબેતા મુજબ ચાલુ રાખી છે. જેઓને સદંતર છૂટા કરી દેવામાં આવ્યા ત્યાંના ઉસ્તાદો મજબૂર થઈને રોજી રોટીની તલાશમાં ક્યાં તો મસ્જિદની ઈમામતમાં લાગ્યા તો કેટલાક મામૂલી પગારથી બીજાં કામોમાં લાગી ગયા અને જાણે મજબૂરન દીની ખિદમતની લાઈનથી દૂર થઈ ગયા.

કેટલાય દારુલ ઉલૂમોમાં ઉસ્તાદોએ "ઓન લાઈન" જે રીતે શક્ય બન્યુ પઢાઈ આગળ વધારી, કેટલાક હાફિઝ પણ બનાવ્યા, અને જ્યાં શક્ય બન્યું ત્યાં મર્યાદિત તલબાને ઈદારા પર બોલાવી છેલ્લા ત્રણેક મહિના પઢાઈ પણ કરી. મક્તબો પણ કેટલાય ઠેકાણે છૂટક રીતે થોડી થોડી સંખ્યામાં પ્રાઈવેટ ઘરોમાં ચાલુ રાખ્યાં અને દીની તા'લીમને ઝિંદા રાખવાનો પ્રયાસ કર્યો.

## ★ દીની ખિદમતમાં લાગેલ તબક઼ો ખરેખર મઝલૂમ તબક઼ો છે ! ★

આ તબક઼ો એટલે દીની તા'લીમ આપતા ઉસ્તાદો, ઈમામો વગેરેને મઝલૂમ એટલા માટે કહ્યા છે કે **આપણે દીની ખિદમત કરવા માટે કરોડોની ઈમારતો, દારુલ ઉલૂમો, મસ્જિદો બનાવીએ છીએ પણ જેઓ દીની ખિદમત કરી રહ્યા છે, જેમનાથી દીની ઈલ્મ બાકી છે, જે કુર્આન હદીષની તા'લીમ આપી દીને ઈસ્લામની સુવાસ દુનિયામાં ફેલાવી રહ્યા છે, દીની અખ્લાક઼ી તા'લીમથી જગતભરમાં ઈસ્લામની રોશની ફેલાવી રહ્યા છે, દીનો સુન્નિયતને ઝિંદા રાખી રહ્યા છે, તેમને પગાર ખૂબ જ મામૂલી આપીએ છીએ !** અને આ ક્રમ આજથી નહીં પહેલેથી ચાલ્યો આવે છે.

સદરુલ અફાઝિલ **મૌલાના સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી** (જન્મ : ઈ.સ. ૧૮૮૩/હિ.સ. ૧૩૦૦, વિસાલ : ઈ.સ. ૧૯૪૭/હિ.સ. ૧૩૬૭) પોતાના જમાનાના મદ્રસાઓનો ચિતાર આ પ્રમાણે દર્શાવે છે :

"હિંદુસ્તાનની વિશાળતામાં ઈસ્લામી મદ્રસાઓ એક દુર્લભ ચીજ છે જેને આપણે આપણી ગલત રાય અને બિનજરૂરી મજાકના કારણે વિપુલ પ્રમાણમાં સમજીએ છીએ. આટલા વિશાળ દેશમાં થોડાક જ મદ્રસાઓ છે જે આંગળીઓના વેઢાઓ પર ગણી શકાય છે. જ્યારે આ મદ્રસાઓની હાલત પર નજર પડે છે તો આંસુઓ દુઃખી દિલેથી લોહી બનીને આંખોના વાટે વહી જવાની ખ્વાહિશ કરે છે. ઈસ્લામી મદ્રસાની શિકાયત કરવાવાળા ઘણા મળે છે અને મળતા રહેશે પણ એવી વ્યક્તિઓ ઘણી ઓછી હશે જેમણે પોતાના દિમાગને એ સબબોને શોધવા તકલીફમાં મૂકયું હોય જેના કારણે શિકાયતો ઉપસ્થિત થાય છે. **દીની દર્સગાહોમાં સામાન્યતઃ મુદર્રિસોની કોઈ ક઼દર નથી હોતી અને જીવનનિર્વાહના પાત્ર પગાર પણ મળતો નથી.** થોડાક પગારોમાં સબ્ર કરીને બેઠેલા રહે છે. માલદારો તેમને પૂછતા નથી, અર્વાચીન શિક્ષિતો તેને આશ્ચર્યજનક તમાશો સમજે છે ! તેમનો દેખાવ, વાણી, ચાલ ઢાલ, ખાસિયતો, આદતો સૌ તેમની દ્રષ્ટિમાં મજાકને પાત્ર છે.

થોડીક લીટીઓ પછી લખે છે : તેમ છતાં મર્દાનાવાર અડગતાની સાથે પોતાની ખિદમતોને અંજામ આપતા રહેવું અને ફિક્રો તથા મુસીબતોના લશ્કરો સામે છાતી તાણીને ઉભા થવું, પોતાના પરાયાઓની તકલીફો વેઠવી, દરેક પ્રકારની વાતો સાંભળવી અને સબ્ર તથા સુકૂનથી પોતાનું કામ કર્યે જવું અને કોઈની પરવા ન કરવી ઈસ્લામની હક્ક઼ાનિયતની એક દલીલ છે."

હઝરત સદરુલ અફાઝિલ ઈસ્લામી મદ્રસાઓની કફોડી હાલત પર લોહીનાં આંસૂં વહાવતાં લખે છે :– દુનિયા આ મદ્રસાઓને બિનજરૂરી અને બેકાર ચીજ ગણે છે. **જમાનો ચાહે છે કે આલિમો તથા તલબા (વિદ્યાર્થીઓ) ખાવા પીવાના બાબતે ફરિશ્તા જેવા ગુણવાળા બની જાય ! તે આવક જે આ જ મદ્રસાઓના ખર્ચ માટે છે તે અન્ય કામોમાં ખર્ચવામાં આવે છે અને હક્ક઼દારોને મેહરૂમ ત્યજી દેવામાં આવે છે.** મદ્રસાઓની પાસે એટલો સરમાયો નથી હોતો જેનાથી તે પોતાની હાલત સુધારી શકે. મદ્રસાઓ માટે વર્તમાનકાળમાં આપવામાં આવતા થોડા સરખા પગારો આપવા કઠિન કામ છે. મોટાભાગના પગારો કસમયે આપવામાં આવે છે અને વ્યવસ્થાપકોએ તકાઝો સાંભળવાની તકલીફ ઉઠાવવી પડે છે. તેનું દિમાગ એ ફિકરોથી પરેશાન રહે છે અને કામયાબીનો કોઈ માર્ગ નથી નીકળતો. મુસલમાન આ ક્ષેત્રે ખૂબ જ સુસ્તીપૂર્વક વર્તે છે. ચંદા ખૂબ જ થોડા છે અને તે પણ સમય પર નથી પહોંચતા (છતાં ખૈરિયત છે ! કે) ભરપેટ ધરાયેલાઓને

શિકાયત છે કે આ મદ્રસાઓમાં ગદાગીરી (ભીખ માંગવા)ની તા'લીમ આપવામાં આવે છે ! તેઓ તેમને તુચ્છકારની નજરે તેમને જુએ છે. પણ આ શિકાયત કરતાં તેમને શરમ આવવી જોઈએ કે **તેમણે મઝહબ તથા ધર્મના માટે પોતાની જિંદગીઓ વકફ કરનારાઓ અને ઐશઆરામથી અલગ થઈ જનારાઓને કઈ હાલમાં રાખ્યા છે !** શું કોઈ મદ્રસાને આજે એટલી દૌલત પ્રાપ્ય છે કે પોતાના વિદ્યાર્થીઓને અંગ્રેજી સ્કૂલોના બોર્ડો (વિદ્યાર્થીઓ)ની જેમ રાખી શકે ? તલબા (વિદ્યાર્થીઓ)ની અડગતા તથા મર્દાનગી સેંકડો હજારો દાદને પાત્ર છે કે તેઓ મુસીબતો છતાં ઈલ્મ પ્રાપ્તિમાં વ્યસ્ત છે અને સગવડો ન હોવાની ભાવનાની કલ્પના પણ તેમના દિલમાં નથી આવતી." *(માહનામા અશ્રફિયા, મેં–૧૯૮૯)*

અલ્બત્ત ! વર્તમાન યુગમાં મદ્રસા મસ્જિદોની મોટાભાગે આર્થિક સ્થિતિ હવે પહેલાં જેવી નથી, ખૂબ આવક હોય છે છતાં આ મઝલૂમ તબક઼ા (વર્ગ) સાથે હજી સંચાલકો ન્યાય નથી કરતા અને ખૂબ જ ટૂંકા પગારો મોટાભાગની જગાઓ પર આપવામાં આવે છે. એ લોકોએ સમજવું જોઈએ, નહીં તો ખુદાને ત્યાં એમની જો પકડ થઈ તો શું જવાબ આપશે ?! કે મારા દીનના રક્ષકો ખાદિમો સાથે તમોએ આવો વહેવાર કર્યો ?!

## ★ દીનના ખાદિમ વર્ગ સાથે વહેવાર વિશે નિખાલસ મંતવ્ય ★

અમારી જાણ પ્રમાણે કેટલાય ઈદારા એવા છે કે જેમની પાસે બેંક બેલેન્સ પડેલાં છે, અને લોકડાઉનનું વરસ ગયું અને ચાલુ વરસ પણ હજી એ જ સ્થિતિમાં છે છતાં તેમને લોકોએ ઘણે ખરે અંશે ચંદો આપ્યો છે. અને વરસભર જે ખર્ચ તલબાને ખાવા પીવા વગેરે પર થતો હતો તે તો ઈદારો બંધ રહેવાથી નથી થયો. મતલબ કે શક્યતા હોવા છતાં ઈદારામાં દીનની ખિદમત કરતા ઉસ્તાદોને નિભાવી રાખવા માટે તેમની ક઼દર કરીને પણ તેમના પગારો ચાલુ ન રાખતાં તેમને સદંતર છૂટા કરી આપવામાં આવ્યા. (કોઈ બંધ બેસતી પાઘડી ન પહેરે. આ જનરલ વાત કહી છે.) આ મઝલૂમ વર્ગનું શું થયું હશે એ તો એઓ જ જાણે ! પણ આવા વર્તનથી શું આ વર્ગ નિરુત્સાહ થઈને ખિદમતે દીનનું કામ ત્યજી નહીં દે. અને આ હાલત જોઈને અન્ય લોકો દીની ખિદમતની લાઈનથી દૂર નહીં ભાગે ? જો એવું થાય તો દીનનું ખૂબ જ મહાન નુકસાન થશે. આમેય ટૂંકા પગારોના કારણે હવે દીની ઈલ્મ મેળવી હાફિઝ, ક઼ારી, આલિમ, ઈમામ બનવા પ્રતિ આકર્ષણ ઓછુ થતું જઈ રહ્યું છે, અને જો કપરા સમયે આ વર્ગને નિરાધાર છોડી મૂકીએ તો પરિસ્થિતિ અધિક બગડવાનો ભય છે. જેથી **જેમની પાસે સગવડ હોય તેઓ** ગંભીરતાથી વિચારી આ દીની ખિદમત કરતા વર્ગને નિભાવી લે.

એક ઈદારાના સંચાલકે મુઝ નાચીઝને કહ્યું કે હવે અમે શાબાનથી બધા સ્ટાફનો પગાર બંધ કરી છૂટા કરી દેવા વિચારીએ છીએ. તો મેં તેમને ઉપરોક્ત વાત સમજાવી જે અલ્હમ્દુલિલ્લાહ ! તેમના ગળે ઉતરી ગઈ અને તેમણે સ્ટાફનો પગાર યથાવત રહેવા દીધો. તો આ બાબતે અન્ય ઈદારા પણ વિચારે અને ઉલમા, હુફ્ફાઝ, ઈમામોની ક઼દર કરે, તેમને ઈજ્જત આપે, કેમ કે દીન આ ખાદિમોથી જ ઝિંદા છે.

## ★ ભૂતકાળમાં મદ્રસાઓના કપરા સમયે ઈલ્મે દીનને કોણે જીવંત રાખ્યો ?! ★

ટૂંકમાં જણાવું તો મુસ્લિમ બાદશાહોના દૌરમાં મદ્રસાઓના નિભાવ માટે સેંકડો વરસો સુધી એ બાદશાહો વઝીફા આપતા હતા. પણ જ્યારે અખંડ ભારતમાં બાદશાહત ખત્મ થઈ અને હિંદ પર અંગ્રેજો તથા ફિરંગીઓનો

કબજો થઈ ગયો, ત્યારે મદ્રસાઓની હાલત ખૂબ જ કફોડી થઈ ગઈ. છતાં ત્યારથી લઈને (લગભગ ૧૯મી સદીના અડધેથી અંગ્રેજોનું રાજ થયું. આખરી મોગલ બાદશાહ બહાદુરશાહ ઝફર ઈ.સ. ૧૮૬૨માં દુનિયાથી વિદાય થયા) હિંદના આઝાદ થતા સુધી અને ત્યાર પછીથી આજની તારીખ સુધી ગમે તેવી મુસીબતોમાં પણ અહલે સુન્નતના ઉલમાએ, હુફ્ફાઝે, ઈમામોએ ઓછા કે નહિવત વઝીફામાં દીનો સુન્નિયતની ખિદમત કરી છે. આના સંબંધે મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી مدظلہ العالیએ ખૂબ જ ઈમાન અફરોઝ એક બયાન પણ કરેલું છે. તેનો સાર એ જ છે કે આ જ દીનના ખાદિમોએ દીને ઈસ્લામને કપરા સંજોગોમાં લુખી સૂકી ખાઈને ઝિંદા રાખ્યો છે, ઈલ્મે દીનનો ફેલાવો કર્યો છે, ત્યારે આજે આપણે દીન ઈમાનવાળા છીએ. **જો આ તબકાની ખિદમતો ન હોત તો આપણને દીન ઈમાન ક્યાંથી નસીબ થાત ! બીજો ક્યો ઝરીયો છે જેના થકી તમે ઈસ્લામનું જ્ઞાન મેળવી શકો, અને બીજા કોણ છે જે તમારા મુસલ્લા સંભાળે ?! તમારા મૈયતોની નમાઝો વગેરે પઢે પઢાવે ?!**

સારાંશ કે આપણે સૌએ ઉલમા, હુફ્ફાઝ તથા ઈમામો વગેરે દીનના ખિદમતગારોની કદર કરવી જોઈએ. વર્તમાન કપરા સમયમાં સંસ્થાઓ તરફથી તેમજ વ્યક્તિગત રીતે પણ તેમની ખિદમત કરતા રહેવું જોઈએ. યોગ્ય પગાર ધોરણો મોઘવારી પ્રમાણે રાખવાં જોઈએ, તેમને તુચ્છ ન સમજતાં તેમની કદર કરવી જોઈએ.○○○

## મુફલિસીનો નબવી ઈલાજ

મશહૂર મુહદ્દિષ 'હુદબહ્ ઈબ્ને ખાલિદ'ને બગદાદના ખલીફા હારૂન રશીદે પોતાના ત્યાં જમવા નિમંત્ર્યા. જમવાથી પરવારીને જ્યારે દસ્તરખાન ઉઠાવ્યું તો ખાણાના જે અમુક ટુકડા જમીન પર પડી ગયા હતા તેને મુહદ્દિષ મૌસૂફે ઉઠાવી ઉઠાવીને ખાવાનું શરૂ કરી દીધું. મામૂને આશ્ચર્યથી પૂછયું કે, હે શયખ ! આપ હજી ધરાયા નથી ? આપે ફર્માવ્યું, કેમ નહીં ! પરંતુ મને હમ્માદ ઈબ્ને સલ્મહે એક હદીષ બયાન ફર્માવી : (અર્થ) : **જે શખ્સ દસ્તરખાન પર વેરાએલા ટુકડાઓને વીણી વીણીને ખાશે તે મુફલિસી અને ફાકાકશીથી બેખૌફ થઈ જશે.** હું આ હદીષ પર અમલ કરી રહ્યો છું. આ સાંભળીને મામૂન અત્યંત પ્રભાવિત થયો અને પોતાના એક ખાદિમની તરફ ઈશારો કર્યો તો તે અચાનક એક હજાર દીનાર એક રૂમાલમાં બાંધીને લાવ્યો અને મામૂને તે હુદબહ ઈબ્ને ખાલિદની ખિદમતમાં નઝરાના રૂપે પેશ કરી દીધા. હુદબહ ઈબ્ને ખાલિદે ફર્માવ્યું કે, આ તે જ હદીષ પર અમલની બરકત છે !

*(ષમરાતુલ અવરાક, ૧/૮)*

**ચેતવણી** : કેટલીક તે સુન્નતો જેને અંગ્રેજી ઢબવાળી વિચારસરણીવાળા માલદાર પોતાની ફિરઔનિયતના કારણે સભ્યતાની વિરુદ્ધ સમજે છે. દા.ત. કે જમ્યા પછી વાસણ સાફ કરવું, આંગળી ચાટી જવી, ઢેફાંઓ વડે ઈસ્તિન્જા કરવો, દીનદાર મુસલમાન અને ખાસ કરીને ઉલમા તથા મશાઈખે જોઈએ કે તેઓ ચુસ્તતાથી આ સુન્નતો પર અમલ કરે. અને હરગિઝ (કદાપિ) ઘમંડીઓથી પ્રભાવિત થઈને તે સુન્નતોને ન છોડે. હુઝૂર ﷺની મુકદ્દસ સુન્નતો પર અમલ કરવાથી કેવળ આખેરતમાં જ ફાયદો નથી થતો બલ્કે આખેરતના સવાબની સાથે સાથે ક્યારેક ક્યારેક ખુદાવંદે આલમ તેને દુનિયવી ફાયદાનો ઝરીયો પણ બનાવી દે છે. જેમ કે આપે વાંચ્યું કે હુદબહ ઈબ્ને ખાલિદે એક બાદશાહના દરબારમાં પણ એક એવી સુન્નત પર અમલ કરવાનું ન છોડયું જેને દુનિયાવાળાઓ પોતાની અજ્ઞાનતા અને બેવકૂફીના કારણે સભ્યતાની વિરુદ્ધ સમજતા રહ્યા છે. મૌલા عزوجلએ તેમના આ સુન્નત પર અમલને તેમની માલદારીનો ઝરીયો બનાવી દીધો કે તેમને એક હજાર દીનાર મળી ગયા. સાચુ છે :–

***હમેં કરની હય શહનશાહે બત્હાકી રઝાજોઈ–વો અપને હો ગએ તો રહ્મતે પરવર દિગાર અપની***

Web: www.barkatekhwaja.net

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

الَّذِيْنَ يَتَرَبَّصُوْنَ بِكُمْ ۚ فَاِنْ كَانَ لَكُمْ فَتْحٌ مِّنَ اللّٰهِ
قَالُوْٓا اَلَمْ نَكُنْ مَّعَكُمْ ۖ وَ اِنْ كَانَ لِلْكٰفِرِيْنَ نَصِيْبٌ ۙ
قَالُوْٓا اَلَمْ نَسْتَحْوِذْ عَلَيْكُمْ وَ نَمْنَعْكُمْ مِّنَ الْمُؤْمِنِيْنَ ؕ
فَاللّٰهُ يَحْكُمُ بَيْنَكُمْ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَ لَنْ يَّجْعَلَ اللّٰهُ
لِلْكٰفِرِيْنَ عَلَى الْمُؤْمِنِيْنَ سَبِيْلًا ﴿۱۴۱﴾ اِنَّ الْمُنٰفِقِيْنَ
يُخٰدِعُوْنَ اللّٰهَ وَ هُوَ خَادِعُهُمْ ۚ وَ اِذَا قَامُوْٓا اِلَى الصَّلٰوةِ
قَامُوْا كُسَالٰى ۙ يُرَآءُوْنَ النَّاسَ وَ لَا يَذْكُرُوْنَ اللّٰهَ اِلَّا
قَلِيْلًا ﴿۱۴۲﴾ مُّذَبْذَبِيْنَ بَيْنَ ذٰلِكَ ۖ لَآ اِلٰى هٰٓؤُلَآءِ وَ لَآ اِلٰى
هٰٓؤُلَآءِ ؕ وَ مَنْ يُّضْلِلِ اللّٰهُ فَلَنْ تَجِدَ لَهٗ سَبِيْلًا ﴿۱۴۳﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الْكٰفِرِيْنَ اَوْلِيَآءَ مِنْ دُوْنِ
الْمُؤْمِنِيْنَ ؕ اَتُرِيْدُوْنَ اَنْ تَجْعَلُوْا لِلّٰهِ عَلَيْكُمْ سُلْطٰنًا
مُّبِيْنًا ﴿۱۴۴﴾ اِنَّ الْمُنٰفِقِيْنَ فِي الدَّرْكِ الْاَسْفَلِ مِنَ النَّارِ ۚ وَ
لَنْ تَجِدَ لَهُمْ نَصِيْرًا ﴿۱۴۵﴾ اِلَّا الَّذِيْنَ تَابُوْا وَ اَصْلَحُوْا وَ
اعْتَصَمُوْا بِاللّٰهِ وَ اَخْلَصُوْا دِيْنَهُمْ لِلّٰهِ فَاُولٰٓئِكَ مَعَ
الْمُؤْمِنِيْنَ ؕ وَ سَوْفَ يُؤْتِ اللّٰهُ الْمُؤْمِنِيْنَ اَجْرًا
عَظِيْمًا ﴿۱۴۶﴾ مَا يَفْعَلُ اللّٰهُ بِعَذَابِكُمْ اِنْ شَكَرْتُمْ وَ
اٰمَنْتُمْ ؕ وَ كَانَ اللّٰهُ شَاكِرًا عَلِيْمًا ﴿۱۴۷﴾

## સૂરએ નિસાઅ્ની તફસીર

તે જેઓ તમારી પરિસ્થિતિ તાક્યા કરે છે, તો જો અલ્લાહ તરફથી તમને વિજય પ્રાપ્ત થાય, તો કહે, શું અમે તમારી સાથે ન હતા ?[૨૮૦] અને કાફિરોના ભાગે હોય, તો તેમને કહે, શું અમારો કાબૂ તમારા પર ન હતો ?[૨૮૧] અને અમે તમને મુસલમાનોથી બચાવ્યા[૨૮૨], તો અલ્લાહ તમારા સહુમાં[૨૮૩] ક઼યામતના દિવસે ફૈસલો કરી દેશે[૨૮૪]. અને અલ્લાહ કાફિરોને મુસલમાનો પર કોઈ માર્ગ નહીં આપે[૨૮૫] (૧૪૧) બેશક ! મુનાફિક લોકો પોતાના ગુમાનમાં અલ્લાહને છેતરવા ઈચ્છે છે[૨૮૬].અને તે જ એમને અજ્ઞાન રાખીને મારશે. અને જ્યારે નમાઝ માટે ઉભા થાય[૨૮૭] તો મરેલા જીવથી[૨૮૮]. લોકોને દેખાડે છે અને અલ્લાહને યાદ નથી કરતા પણ થોડું[૨૮૯] (૧૪૨) વચમાં ડગમગ થઈ રહ્યા છે[૨૯૦]. ન આ તરફના, ન તે તરફના[૨૯૧]. અને જેને અલ્લાહ ભટકાવે, તું તેના માટે કોઈ માર્ગ પામીશ નહીં (૧૪૩) હે ઈમાનવાળાઓ ! કાફિરોને મિત્ર ન બનાવો, મુસલમાનો સિવાય[૨૯૨]. શું એ ઈચ્છો છો કે અલ્લાહ માટે પોતાના ઉપર સ્પષ્ટ દલીલ બનાવી લો ?[૨૯૩] (૧૪૪) બેશક ! મુનાફિકો દોઝખના સહુથી નીચલા ભાગમાં છે[૨૯૪]. અને

*તું કદાપિ તેમનો કોઈ મદદગાર પામીશ નહીં (૧૪૫) પરંતુ તે જેમણે તવબહ કરી[૨૯૫], અને સુધર્યા અને અલ્લાહનું દોરડું મજબૂત પકડયું, અને પોતાનો દીન નિખાલસપણે અલ્લાહ માટે કરી લીધો તો એ મુસલમાન સાથે છે[૨૯૬] અને નજીકમાં જ અલ્લાહ મુસલમાનોને મહાન સવાબ આપશે (૧૪૬) અને અલ્લાહ તમને અઝાબ આપીને શું કરશે, જો તમે સત્ય માનો, અને ઈમાન લાવો અને અલ્લાહ બદલો દેનાર, જાણનાર છે (૧૪૭)*

## :: સમજૂતી ::

**૨૮૦** : એનાથી તેમનો હેતુ માલેગનીમતમાં ભાગેદારી અને હિસ્સો મેળવવાનો છે.

**૨૮૧** : કે અમે તમને કત્લ કરી શકતા ને કેદ પકડી શકતા હતા, અમે એવું કશું કર્યું નહીં.

**૨૮૨** : અને તેમને જાત જાતના બહાનાંઓથી રોક્યા, અને તેમના ભેદોથી તમને માહિતગાર કર્યા, તો તમે અમારા આવા વર્તાવની કદ્ર કરો, અને હિસ્સો આપો. (આ મુનાફિકોની હાલત છે)

**૨૮૩** : હે ઈમાનદારો અને મુનાફિકો !

**૨૮૪** : કે મો'મિનોને જન્નત આપશે, અને મુનાફિકોને જહન્નમમાં નાખશે.

**૨૮૫** : અર્થાત કાફિરો મુસલમાનોનો સર્વનાશ કરી શકશે નહીં, ન તેઓ દલીલમાં (ધર્મની બાબતે) વિજય મેળવી શકશે. ઉલમાએ આ આયતથી અમુક મસાઈલ તારવ્યા છે : (૧) કાફિર મુસલમાનનો વારસદાર બની શકતો નથી. (૨) કાફિર મુસલમાનના માલ પર કબ્જો કરીને (બળજબરીથી) માલિક બની શકતો નથી. (૩) કાફિરને મુસલમાન ગુલામ ખરીદવાની રજા નથી. (૪) ઝિમ્મી કાફિરના બદલામાં મુસલમાન કત્લ નહીં કરવામાં આવે. *(જુમલ)*

**૨૮૬** : કારણ કે વાસ્તવમાં તો અલ્લાહને છેતરવું શક્ય નથી.

**૨૮૭** : મો'મિનોની સાથે.

**૨૮૮** : કારણ કે ઈમાન તો છે નહીં, કે જેનાથી તાબેદારીનો શોખ અને ઈબાદતની લિજ્જત પ્રાપ્ત થાય, માત્ર દેખાવ છે. એટલે જ મુનાફિકને નમાઝ બોજરૂપ લાગે છે.

**૨૮૯** : એ રીતે કે મુસલમાનો પાસે હોય તો નમાઝ પઢી લે, અને દૂર થાય કે ખલાસ.

**૨૯૦** : કુફ્ર અને ઈમાનની.

**૨૯૧** : ન નિખાલસ મો'મિન ન ખુલ્લા કાફિર.

**૨૯૨** : આ આયતમાં મુસલમાનોને કહેવામાં આવ્યું કે કાફિરોને મિત્ર બનાવવા એ મુનાફિકપણાની ટેવ છે. તમે એનાથી બચો.

**૨૯૩** : પોતાના મુનાફિકપણાની, અને એ રીતે જહન્નમને પાત્ર બનો.

**૨૯૪** : મુનાફિકનો અઝાબ કાફિર કરતાં પણ વધારે છે, કારણ કે દુનિયામાં ઈસ્લામનો ડોળ કરી મુજાહિદોના હાથથી બચી ગયો છે. અને કુફ્ર હોવા છતાં મુસલમાનોને ભૂલથાપ આપવી, અને ઈસ્લામની ઠેકડી ઉડાડવી, તેનું કાર્ય રહ્યું છે.

**૨૯૫** : મુનાફિકપણાથી.

**૨૯૬** : ઉભય જગતમાં. *(ક્રમશઃ)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Web: www.barkatekhwaja.net

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

## (બાબુસ્સતર) સતર ઢાંકવાના વિશે પ્રકરણ[1]

**૧.** શરીરનો તે હિસ્સો જેને ઢાંકવો નમાઝમાં ફર્ઝ છે તેને 'સતર' કહેવાય છે. પુરૂષ માટે ડૂટીથી ગુઠણો સુધી સતર છે, અને સ્ત્રીના માટે માથાથી પગો સુધી સિવાય ચહેરા, કાંડા સુધી હાથ અને ઘૂંટીની સુધીના પગો. **જો સતરના કોઈ અંગનો ૧/૪ ભાગ નમાઝમાં ત્રણ તસ્બીહના સમય જેટલો ખુલ્લો રહે તો નમાઝ તદ્દન થશે જ નહીં.** લેખક આ પ્રકરણમાં મુસ્તહબ લિબાસ તથા મકરૂહ લિબાસનું વર્ણન પણ કરશે.

**(વિભાગ : ૧) :** *હઝરત અમ્ર ઈબ્ને અબી સલમા رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ના ઘરમાં એક કપડામાં લપેટાયને નમાઝ પઢતા જોયા કે પોતાના ખભાઓ પર તેના છેડા નાખેલા હતા[2]. (બુખારી, મુસ્લિમ)*

**૧.** આપ કુરૈશી છે. મખ્ઝૂમી છે. હુઝૂર صلی اللہ علیہ وسلم ના સોતેલા પુત્ર છે. ઉમ્મે સલમાના પુત્ર છે. હિ.સ. ૨માં હબ્શામાં પેદા થયા. હુઝૂર صلی اللہ علیہ وسلم ની વફાતના સમયે આઠ વરસના હતા. અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના હુકૂમતના જમાનામાં હિ.સ. ૮૩માં વફાત પામ્યા.

**૨.** એ રીતે કે એક કપડુ માથાથી પગો સુધી ઓઢેલ હતા અને કપડાનો જમણી બાજુનો છેડો ડાબા ખભા પર અને ડાબો છેડો જમણા ખભા પર રાખેલ હતા. જાણવા મળ્યું કે એક કપડામાં નમાઝ વિના કરાહતે જાઈઝ છે, શર્ત એ કે ખભા વગેરે ખુલ્લુ ન હોય. જો કે મુસ્તહબ એ છે કે ત્રણ કપડાંમાં નમાઝ પઢો : ટોપી કે અમામો, કમીઝ, તેહબંદ કે પાયજામો.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ શખ્સ એક કપડામાં એ રીતે નમાઝ ન પઢે કે તેના ખભા પર કપડાનો કોઈ હિસ્સો ન હોય[1]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** કે નગ્ન પેટ, નગ્ન પીઠ, નગ્ન ખભાએ નમાઝ પઢવી મના છે. અમુક લોકો કેવળ તેહબંદ કે પાયજામો પહેરી નમાઝ પઢે છે એ મકરૂહ છે. બલ્કે ઈમામ અહમદની નજીક નમાઝ મકરૂહે તહરીમી દોહરાવવી વાજિબ છે.

*તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા કે જે કોઈ એક કપડામાં નમાઝ પઢે તો તેના કિનારા આમ તેમ નાખે[1]. (બુખારી)*

**૧.** એટલે કે જમણો છેડો ડાબા ખભા પર અને ડાબો જમણા પર. જો છેડા છૂટા રહ્યા તો નમાઝ ફતઅન થશે નહીં કેમ કે સતર ખુલ્લુ રહેશે અને જો હાથ વડે પકડેલ રાખશે તો નમાઝ મકરૂહ થશે કે આ સ્થિતિમાં હાથ બાંધી શકશે નહીં.

Web: www.barkatekhwaja.net

*હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ બેલ બૂટા (ફૂલોની ડિઝાઈન)વાળી ચાદરમાં નમાઝ પઢી[1]. એના બેલબૂટા એક નજર જોયા. જ્યારે ફારિગ થયા તો ફર્માવ્યું કે મારી આ ચાદર અબૂ જહમની પાસે લઈ જાવ અને અબૂ જહમથી અબજાનિયત ચાદર લઈ આવો[2] આ ચાદરે મને હમણા નમાઝથી દૂર રાખ્યો. (મુસ્લિમ, બુખારી) બુખારીની રિવાયતમાં આ પ્રમાણે છે કે ફર્માવ્યું, હું એના બેલબૂટાઓને નમાઝમાં જોતો હતો. મને ખૌફ છે કે મારી નમાઝ ખરાબ કરી દે[3].*

**૧.** અરબીમાં ખમીસા બેલબૂટાવાળી ચાદરને કહે છે પરંતુ અલગથી અઅલામનો ઉલ્લેખ કરવો એ તજરીદના કારણે છે. એ ઊની કાળી ચાદર હતી જે અબૂ જહમે હદિયા રૂપે હુઝૂર ﷺ ની ખિદમતમાં પેશ કરી હતી, એને ઓઢીને સરકાર ﷺ નમાઝ પઢી રહ્યા હતા.

**૨.** અલ્બજાનિયહ શામ (સીરિયા)ની એક વસ્તીનું નામ છે જ્યાં સાદા કપડાં તૈયાર થાય છે. એના તરફ એની નિસ્બતથી. જેવી રીતે આપણે ત્યાં ભાગલબોર્યા ઢાકાની મલમલ અથવા લાઈલપુરનો લઠ્ઠો મશહૂર છે. કેમ કે ચાદરને પરત કરવું અબૂ જહમને નાપસંદ પડત જેથી તેમના મનને રાખવા માટે એના બદલામાં બીજી ચાદર માગી લીધી. અને અબૂ જહમ કુર્શી છે. અદવી છે. મશહૂર સહાબી છે. નબી કરીમ ﷺ આપનો અદબ કરતા હતા કેમ કે એ કુરૈશના બુઝુર્ગોમાંથી હતા.

**૩.** એ રીતે કે નમાઝમાં આપણુ ધ્યાન તેના બેલ બુટાઓની તરફ થઈ જાય અને સંપૂર્ણપણે ખુઝૂઅ તથા ખુશૂઅ ન રહે. સૂફિયા ફર્માવે છે કે લિબાસની અસર દિલ પર થાય છે. ખાસ કરીને સાફ તથા રોશન દિલ જલ્દીથી અસર સ્વીકારે છે જેવી રીતે સફેદ કપડાં પર મામૂલી પણ કાળો ધબ્બો દૂરથી ચમકે છે. એનાથી જાણવા મળ્યું કે મસ્જિદનો મેહરાબ સાદો હોવો બેહતર છે કે જેથી કરીને નમાઝીનું ધ્યાનભંગ ન થાય. અમુક સૂફીઓ નકશો નિગાર (ડિઝાઈનવાળા) મુસલ્લાને બદલે સાદી સાદડી પર નમાઝ બેહતર સમજે છે, તેમનો માખઝ આ જ હદીષ છે. યાદ રાખશો કે આ સૌ પોતાની ઉમ્મતની તાલીમના માટે છે. મુસ્તફા ના દિલ મુબારકની સ્થિતિઓ વિવિધ છે, ક્યારેક કપડાની ડિઝાઈનોથી ખુશૂઅ તથા ખુઝૂઅ કમ થવાનો અંદેશો હોય છે અને ક્યારેક જેહાદના મેદાનમાં તલ્વારોના સાયામાં નમાઝ પઢે છે અને ખુશૂઅમાં કોઈ ફરક નથી આવતો, ક્યારેક બશરિયતનો ઝહૂર છે તો કદી નૂરાનિયતની જલ્વાગરી છે.

Web : www.barkatekhwaja.net

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત આઈશા رضی اللہ عنہا નો એક પર્દો હતો જેના વડે ઘરનો એક ખૂણો ઢાંકી રાખ્યો હતો. તેમને હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમારો આ પર્દો અમારી સામેથી હટાવી લો કેમ કે એની તસ્વીરો નમાઝમાં મારી સામે આવી જાય છે[1]. (બુખારી)*

**૧.** જાહેર એ છે કે એ ગૈરજાનદાર ચીજોની સૂરતો હશે. અને જો જાનદારના ફોટા પણ હોય તો પણ શોખના કે એહતેરામના રૂપે ન હતા કે જેથી તેના પર કરાહતનો હુકમ થાય. યાદ રાખશો કે દીવાલો પર ગિલાફ રાખવો જાઈઝ છે, જો કે બેહતર નથી. જેથી આ હદીષ મનાઈની રિવાયતની વિરૂધ્ધ નથી. શયખ ફર્માવે છે કે આ બનાવ મનાઈથી પહેલાંનો હશે, અને શક્ય છે કે કબાટ અથવા તાખલા પર ચીજોની હિફાઝતના માટે રાખવામાં આવ્યો હોય, જેવું કે હાલ પણ જરૂરતના માટે કરવામાં આવે છે કે બારીને બદલે ટાટીયુ અથવા પર્દો રાખી દેવામાં આવે છે. *(ક્રમશઃ)*

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**યહ ઘર યહ દર હૈ ઉસકા, જો ઘર દરસે પાક હૈ**
**મુઝદા હો બેઘરો કે સિલા અચ્છે ઘરકી હૈ**

**અર્થાત :** લગભગ મક્કાથી ચાલતી વખતે આ શેઅર કહ્યો છે. આ કા'બા મોઅઝ્ઝમા તે રબ્બુલ આલમીનનું ઘર (બયતુલ્લાહ) છે અને આ દરવાજો (દરે રહમત) એ ઝાતે બારી તઆલાની તરફ સંબંધિત છે જે ઘરથી પણ પાક છે અને દરવાજાથી પણ પાક છે. એને જરૂરત નથી. એનાથી એ પરિણામ નીકળે છે કે અલ્લાહ તઆલાની તરફથી બેઘરો (મુસાફિરો, હરમૈનની ઝિયારત માટે આવેલા)ને એ ખુશ ખબરી સંભળાવવામાં આવી રહી છે કે આ સારા ઘરવાળા મૌલાએ તમારા માટે સારા બદલાનું એલાન કર્યું છે.

અને એ પણ શક્ય છે કે પ્રથમ મિસ્રા (કડી)માં કા'બાની વાત થાય અને બીજામાં ગુંબદે ખદ઼રાની વાત હોય. કેમ કે આ ખુશ ખબરી હુઝૂર ﷺએ જ સંભળાવી છે કે જે હજ કરે અને તેમાં ખરાબીથી બચે તો એવો થઈ જાય છે જાણે આજે જ માના પેટથી પેદા થયો છે.

અતા તો અલ્લાહ જ ફર્માવે છે જ્યારે કે દરેક નેઅમતની વહેંચણી હુઝૂર ﷺ કરે છે અને સર્વ બશારતો તથા ખુશખબરીઓનાં એલાનો પણ આપ ﷺ જ ફર્માવે છે.

**મહબૂબે રબ્બે અર્શ હૈ ઉસ સબ્ઝ કુબ્બામેં**
**પહલૂમેં જલ્વગાહે અતીક઼ો ઉમર કી હૈ**

આ જે લીલારંગનો ગુંબદે ખદ઼રા દેખાય રહ્યો છે, હે તયબહના ઝાઈરો ! કાંઈ જાણો પણ છો કે એમાં કેટલી મહાન મહાન હસ્તીઓ આરામ કરી રહી છે ?! અર્શે મુઆલ્લાના રબના મહબૂબ એમાં આરામ કરે છે જેમના માટે કુલ કાઈનાત સજાવવામાં આવી.

હુઝૂર ﷺના બાજુમાં ખલીફાએ અવ્વલ બિલા ફસ્લ બિત્તહક઼ીક઼ સૈયદના સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ છે, જે સર્વ સંમતિએ અફઝલુલ બશર બઅદઝ્ અંબિયા (નબીઓ પછી સર્વ માનવોમાં સૌથી શ્રેષ્ઠ) છે. અબૂ બક્રની સાથે સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہની જલ્વાગાહ છે કે જેની ઝબાનથી હક્ક઼ બોલે છે અને શૈતાન જેમના પડછાયાથી પણ ભાગે છે.

**છાએ મલાઈકા હૈં લગાતાર હૈ વુરૂદ**
**બદલે હૈં પહરે બદલીમેં બારિશ દુરૂદકી હૈ**

**અર્થાત :** મઝારે પુર અન્વાર પર ૭૦ હજાર ફરિશ્તા દરેક સમયે હાજર રહીને સલાતો સલામ અર્ઝ કરતા

Web : www.barkatekhwaja.net

રહે છે. સિત્તેર હજાર સવારે આવે છે તે અસ્ર સુધી રહે છે. અસ્ર વખતે એમને બદલી નાખવામાં આવે છે અને બીજા સિત્તેર હજાર આવે છે તેઓ સવાર સુધી રહે છે. આવું કયામત સુધી ચાલતુ રહેશે. અને જે એકવાર આવે તે બીજીવાર નહીં આવે કે સર્વ ફરિશ્તાઓને અહીંની હાજરીથી મુશર્રફ કરવાનું મંઝૂર છે. જો તેઓ તબદીલ ન થાત તો કરોડો ફરિશ્તા વંચિત રહી જાત. બદલ અહીં તબદીલના અર્થમાં છે અને એનાથી ઈબ્હાબ (અધ્યાહન) રૂપે તારા તથા વાદળની તરફ નિર્દેશ કર્યો, અને આ વાદળમાં 'દુરૂર' એટલે મોતીઓની વર્ષા બતાવી, જેનાથી મુરાદ સતત દુરૂદ શરીફ છે. *(ખુલાસો હાશિયા હદાઈકે બખ્શિશમાંથી)*

સિત્તેર હજાર ફરિશ્તાઓનું દિવસે અને સિત્તેર હજાર ફરિશ્તાઓનું રાતે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થવું અને પોતાની પાંખોને રોઝાએ અક્દસ ﷺ પર ઘસવું, અને દરેક બદલી તથા તબદીલીમાં નવા ફરિશ્તાઓની ફોજ આવે છે, અને જે એકવાર આવે છે તે બીજીવાર કયામત સુધી નથી આવતો.

*(વિગત માટે જુઓ મિશ્કાત શરીફ તથા જવાહિરુલ બિહાર ફી ફઝાઈલુન્નબીયિલ મુખ્તાર, પેજ-૨૧૪)*

**સઅદૈનકા કિ઼ર્આન હૈ પહલૂએ માહ મેં**
**ઝુર્મત કીએ હુએ હૈં તારે તજલ્લી કમરકી હૈ**

*(સઅદૈન = બે ગ્રહો જેને બાબરકત સમજવામાં આવે છે. કિ઼ર્આન = એ બે ગ્રહોનો બુર્જ (રાશી). પહલૂએ માહ = ચાંદની પડોશમાં ઝુર્મત = ભીડ. તજલ્લીએ કમર = ચાંદની રોશની)*

અહીં સઅદૈનથી મુરાદ સિદીક તથા ફારૂક رضی اللہ عنہما છે. અને માહ તથા કમર એ રસૂલુલ્લાહ, તથા તારાઓ તે જ સિત્તેર હજાર ફરિશ્તાઓ જેઓ મઝારે પુર અન્વાર પર છવાએલા રહે છે.

એટલે કે સિદીક તથા ફારૂક رضی اللہ عنہما કેટલા ખુશનસીબ છે કે હુઝૂર ﷺના બાજુમાં આરામ કરી રહ્યા છે. હુઝૂર ચાંદ બનીને ચમકી રહ્યા છે અને ફરિશ્તાઓએ તારાઓ બનીને તયબહના ચાંદની આસપાસ વર્તુળ ઉભુ કર્યુ છે, અને અલ્લાહની રહમત છમાછમ વરસી રહી છે.

**સત્તર હઝાર સુબ્હ હૈં સત્તર હઝાર શામ**
**યૂં બંદગી ઝુલ્ફો રુખ આઠોં પહરકી હૈ**

**અર્થાત** : સવાર તથા સાંજ સતત સિત્તેર સિત્તેર હજાર ફરિશ્તાઓ રોઝએ અન્વર પર હાજર થઈને આપના રુખે વદુહા તથા ઝુલ્ફે વલ્લેલની પ્રશંસાનો ફરીઝો ૨૪ કલાક અંજામ આપી રહ્યા છે.

**જો એકબાર આયે દો બાર ન આયેંગે**
**રુખસત હી બારગાહસે બસ ઈસ કદરકી હૈ**

**અર્થાત** : જે ફરિશ્તો એકવાર હાજર થઈ ચૂક્યો તેને બીજીવાર કયામત સુધી હાજર થવાનું નસીબ થશે નહીં. કેમ કે અલ્લાહની બારગાહથી બસ આટલી જ ઈજાઝત છે.

**તળપા કરેં બદલ કે ફિર આના કહાં નસીબ**
**બે હુકમ કબ મજાલ પરિન્દે કો પર કી હૈ**

**અર્થાત** : ચાહે તબદીલી વખતે મહબૂબ ﷺના વિરહના ખયાલમાં કેટલાય તડપતા રહે, અને વળી



Web.: www.barkatekhwaja.net

ફરિશ્તા તો ગુનાહોથી માસૂમ છે. ભલા અલ્લાહના હુકમ વિના મજાલ છે કે આ (પક્ષીઓ પણ પાંખ હલાવી શકે અને) ફરિશ્તા તેના હુકમ વિરૂધ્ધ વર્તન કરી શકે ! لا یعصون اللّٰہ ما امرھم و یفعلون ما یؤ مرون ''તેઓ (ફરિશ્તા) અલ્લાહની નાફર્માની નથી કરતા, તે જ કરે છે જેનો એમને હુકમ થયો છે.''

**અય વાએ બેકસી ! તમન્ના કે અબ ઉમ્મીદ**
**દિનકો ન શામકી હૈ ન શબકો સહરકી હૈ**

**અર્થાત** : હાય ! કેટલા પ્રમાણમાં બેબસી છે કે તમામ ઉમ્મીદો પર પાણી ફરી વળ્યું કે સાંજે હાજર થવાવાળા દિવસભરની હાજરીની ઉમ્મીદ રાખતા હતા, અને દિવસે હાજર થવાવાળા રાતની પણ હાજરીની તમન્ના કરીને બેઠા હતા. જેઓ હાજરી આપી ચૂક્યા તેમની સર્વ ઉમ્મીદો ખત્મ થઈ ગઈ. એનો ખુલાસો હદાઈકે બખ્શિશમાં આ પ્રમાણે છે. ''જેઓ સાંજે હાજર થવાવાળા હતા તેમને દિવસભર સાંજની ઉમ્મીદ લાગેલી હતી કે ક્યારે સાંજ થાય અને અમે હાજર થઈએ અને જેઓ સવારે હાજર થવાવાળા હતા તેમને રાતભર સવારની આશા બંધાયેલી હતી કે ક્યારે સવાર થાય અને અમે હાજરી આપીએ. જેઓ એકવાર હાજર થઈ ચૂક્યા છે તેમને ન દિવસે એવી સાંજની ઉમ્મીદ છે અને ન રાતે એવી સવારની ઉમ્મીદ છે, કેમ કે હવે બીજીવાર આવવું નસીબ નહીં થાય !

**યહ બદલિયાં ન હોં તો કરોડોંકી આસ જાએ**
**ઔર બારગાહ મરહમત આલમે તર કી હૈ**

**અર્થાત** : જો ફરિશ્તાઓની આ ડયૂટીઓ તબદીલ ન થાય તો કરોડો ફરિશ્તાઓ હાજરીથી વંચિત રહી જાય (કેમ કે ما یعلم جنو د ربک الا ھو ફરિશ્તા એટલા અધિક પ્રમાણમાં છે કે જેની સંખ્યા ખુદા જ જાણે છે.) અને રહમતુલ્ લિલ્ આલમીનની રહમત એટલી આમ છે કે કોઈને મેહરૂમ રાખવામાં જ નથી આવતો.

**માસૂમોંકો ઉમ્રમેં સિર્ફ એક બાર બાર**
**આસી પળે રહેં તો સલા ઉમ્રભરકી હૈ**

**અર્થાત** : આ ગુનાહોથી માસૂમ ફરિશ્તાઓને તો આખા જીવન (જ્યારે કે એમની ઉમર પણ ઘણી લાંબી હોય છે)માં કેવળ એકવાર મદીના શરીફ રોઝાએ અન્વર પર હાજર થવાની ઈજાઝત છે, અને એક આપણે ગુનેહગાર છીએ કે (ઉમર ટૂંકી હોવા છતાં) આખુ જીવન પણ પડેલા રહીએ તો કોઈ પરવા નથી, ન તો કોઈ રોકવાવાળો છે, બલ્કે આમ ઈજાઝત છે.

**ઝિંદા રહેં તો હાઝરીએ બારગાહ નસીબ**
**મર જાએં તો હયાતે અબદ એશ ઘરકી હૈ**

*(હયાતે અબાદ = હમેશાંની જિંદગી. એશ ઘર = જન્નત)*

**અર્થાત** : જો ત્યાં (મદીનામાં) જીવતા રહીએ તો ત્યાં દરરોજ વારંવાર ઝિયારત નસીબ થાય અને જો ત્યાં મૌત આવી જાય તો હદીષ શરીફના પ્રમાણે શફાઅત નસીબ થશે જેના પરિણામે જન્નતના ઘરની કાયમની એશ તથા આરામ નસીબ થશે. مَنِ اسْتَطَاعَ مِنْكُمْ اَنْ يَّمُوْتَ بِالْمَدِيْنَةِ فَلْيَمُتْ بِهَا فَاِنِّىْ اَشْفَعُ لِمَنْ يَّمُوْتُ بِهَا ''જેનામાં મદીના આવીને મરવાની શક્તિ હોય તે અહીં આવીને મરે, હું એની શફાઅત કરીશ.'' *(ક્રમશઃ)*



Web.: www.barkatekhwaja.net

# અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

## પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ

હપ્તો : 03

**સવાલ ૨ : એ પણ જણાવશો કે એના બારામાં ઉમ્મતના અકાબિરીન તથા સલફે સાલિહીન (અગ્રેસર ઉલમા તથા પૂર્વજ બુઝુર્ગો)નો શું અકીદો છે?**

**:: અલ્‌જવાબ બિ અર્વાનિલ વહ્હાબ ::**

**સિદ્દીકે અકબર رضی اللہ عنہની અફઝલિયત વિશે ઈમામો તથા દીનના બુઝુર્ગોનાં કથનો**

**૦૧. ઈમામુલ અઈમ્મા ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ (વફાત : હિ.સ. ૧૫૦)નો અકીદો :** "લોકોમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌથી અફઝલ અબૂબક્ર સિદીક, પછી ઉમર બિન ખત્તાબ, પછી ઉષ્માન બિન અફ્ફાન, પછી અલી બિન અબી તાલિબ છે." *(અલ્ ફિક્હુલ અકબરુ મઅ શરહિ મુલ્લા અલી અલ્કારી, પેજ : ૬૧, ૬૨, કદીમી કુતુબખાના કરાચી)*

આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી **'અહલે સુન્નત વ જમાઅત'**ની નિશાની પૂછવામાં આવી તો ફર્માવ્યું : تَفْضِیْلُ الشَّیْخَیْنِ وَحُبُّ الْخَتَنَیْنِ وَمَسْحُ الْخُفَّیْنِ "હઝરત અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદીક તથા અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہماને સર્વ સહાબાથી બુઝુર્ગ જાણવા અને અમીરુલ મો'મિનીન ઉષ્માને ગની તથા અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા رضی اللہ عنہماથી મહોબ્બત રાખવી, અને મોજાઓ પર મસહ કરવો."

આ ત્રણેવ વાતો ખાસ કરીને એટલા માટે ફર્માવી કે હઝરત કૂફામાં રહેતા હતા અને ત્યાં રાફઝીઓની અધિક વસ્તી હતી, જેથી એ જ નિશાનીઓ જણાવી કે જેમાં એમનો રદ છે. આ રિવાયતનો એ અર્થ નથી કે કેવળ આ ત્રણ વાતો જ હોવી સુન્ની હોવા માટે પૂરતી છે." *(બહારે શરીઅત, ૧/૩૬૩, મક્તબતુલ મદીના)*

**૦૨. ઈમામ માલિક رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૭૯)નો અકીદો :-**

ઈમામ માલિક رحمۃ اللہ علیہને તફઝીલે શયખૈન (અબૂબક્ર, ઉમરની અફઝલિયત)ના બારામાં સવાલ થયો તો આપે જવાબ આપ્યો : لَیْسَ فِیْ اَبِیْ بَکْرٍ وَعُمَرَ شَکٌّ "અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની (તફઝીલ–અફઝલિયત)માં કોઈ શક નથી." *(શરહુઉસૂલિ એ'તેકાદિ અહલિસુન્નુનતિ લિલ્ અલ્કાઈ બાબુ જિમાઈ ફઝાઈલિસ્સહાબા, ૨/૧૯૪)*

**૦૩. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૨૦૪)નો અકીદો :** "ઈમામ શાફઈ ખિલાફત અને તફઝીલ (અફઝલિયત)ના મામલામાં ફર્માવતા હતા : અમે શરૂઆત કરીએ છીએ હઝરત અબૂબક્ર સિદીક, હઝરત ઉમર, હઝરત ઉષ્માન અને હઝરત અલીથી." (رضوان اللہ تعالٰی علیہم اجمعین)

*(અલ એઅ્તેકાદ લિલ્બયહકી, પેજ–૧૯૨)*

**૦૪. ઈમામ અહમદ બિન હંબલ બગદાદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૨૪૧)નો અકીદો:**

"ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہથી એવા શખ્સના બારામાં પૂછવામાં આવ્યું જે અસ્હાબે રસૂલ صلی اللہ علیہ وسلمથી મહોબ્બત તો કરે છે પણ કોઈના પર કોઈને ફઝીલત નથી આપતો. તો આપે ફર્માવ્યું, ખલીફાઓમાં હઝરત અબૂબક્ર સિદીક તથા હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન તથા હઝરત અલીયે મુર્તઝા رضوان اللہ تعالٰی علیہم اجمعینને

❑ સંપાદક : મુફ્તી મુનીબુર્રહમાન સાહબ ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

Web.: www.barkatekhwaja.net

ફઝીલત આપવી સુન્નત (ઉમ્મતનો નિયમ) છે."

*(અસ્સુન્નતુ લિબ્નિ ખિલાલ : ૫૯૯)*

**૦૫. ઈમામ સુફયાન થૌરી رحمۃ اللہ علیہ (વફાત : ૧૬૧ હિ.સ.)નો અકીદોઃ**

"જેણે હઝરત અબૂબક્ર સિદીક તથા હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہما પર કોઈને ફઝીલત આપી તો તેહકીક તેણે એ બંનેવ પર અયબ લગાડી."

*(શર્હુ ઉસૂલિલ્ એ'તેકાદ, રકમ : ૨૬૧૭, ઉસૂલુસ્સુન્નહ્ લિ ઈબ્નિ ઝમનૈન, રકમ : ૧૦૪)*

**૦૬. ઈમામુલ મુહદ્દિષીન ઈમામ બુખારી رحمۃ اللہ علیہ (વફાત : ૨૫૬ હિ.સ.)નો અકીદો :–**

ઈમામ બુખારીએ બુખારી શરીફમાં પ્રકરણ રચ્યું છે : بَابُ فَضْلِ أَبِي بَكْرٍ بَعْدَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એટલે નબી કરીમ صلی اللہ علیہ وسلم બાદ ઉમ્મતમાં અબૂબક્ર સિદીક અફઝલ હોવાના બારામાં પ્રકરણ." *(સહીહ બુખારી, ૨/૪૧૨)*

**૦૭. ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہ (વફાત : ૨૭૫ હિ.)નો અકીદો :–**

"બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના પછી લોકોમાં બેહતરીન આપ علیہ الصلوٰۃ والسلامના બે પ્રથમ વઝીર (હઝરત અબૂબક્ર સિદીક તથા હઝરત ઉમર ફારૂક) છે. પછી હઝરત ઉ ષ્માન અધિક અગ્રતાવાળા છે અને તેમના બાદ તેમનામાંથી ચોથા ખયરુલ બરિય્યહ્ હલીફુલ ખૈર હઝરત અલીયે મુર્તઝા છે."

*(તબકાતુલ્ હનાબિલા, ૨/૫૩)*

**૦૮. ઈમામ તહાવી رحمۃ اللہ علیہ (વફાત : ૩૨૧)નો અકીદો :–**

"અમે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌ પ્રથમ ખિલાફત હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہના માટે સાબિત કરીએ છીએ. સર્વ ઉમ્મત પર અગ્રસ્થાને રાખીને તેમને અધિક ફઝીલતવાળા ઠરાવીએ છીએ."

*(શર્હુલ અકીદતિત્તહાવિયા, પેજ : ૫૭)*

**૦૯. ઈમામ અબુલ હસન અશ્અરી رحمۃ اللہ علیہ (વફાત : ૩૨૩)નો અકીદો :–**

"ઉમ્મતનો ઈજમાઅ છે કે અશ્રએ મુબશ્શિરામાં અફઝલ અબૂબક્ર, પછી ઉમર, પછી ઉષ્માન, પછી અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે."

*(રિસાલતુલ અશ્અરિય્યિ ઈલા અહલિષ્ ષગ્ર, પેજ–૨૨૯)*

**૧૦. ફકીહ અબુલ લૈષ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૩૭૩)નો અકીદોઃ–**

"ઈમામ મુહમ્મદ બિન ફઝ્લ ફર્માવે છે : સુન્નીઓનો ઈજમાઅ છે કે આ ઉમ્મતમાં અફઝલ શખ્સ નબી علیہ الصلوٰۃ والسلام પછી અબૂબક્ર છે, પછી ઉમર." رضی اللہ عنہما

*(બુસ્તાનુલ આરિફીન, પેજ : ૧૨૯)*

**૧૧. હાફિઝ ઈબ્ને શાહીન رحمۃ اللہ علیہ (વફાત : ૩૮૫ હિ.)નો અકીદોઃ**

"હું ગવાહી આપુ છું : બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم બાદ લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદીક છે, પછી હઝરત ઉમર ફારૂકે આ'ઝમ છે, પછી હઝરત ઉષ્માને ગની છે, પછી હઝરત અલીયે મુર્તઝા છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

*(શર્હે મઝાહિબે અહલે સુન્નહ, પેજ–૩૨૦)*

**૧૨. ઈમામ અબૂ નુઐમ અસ્બહાની رحمۃ اللہ علیہ (વફાત : ૪૩૦ હિ.)નો અકીદો :–**

"રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પછી સૌથી અફઝલ અને સૌથી અધિક ઈમામતના પાત્ર હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ છે, પછી હઝરત ઉમર ખત્તાબ رضی اللہ عنہ છે." *(અલ ઈમામતુ વર્રદ્દુ અલર્રાફિઝા, ૧/૨૦૬)*

**૧૩. અબુલ હસન અલી ઈબ્ને ઉષ્માન દાતાગંજ બખ્શ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૪૬૪)નો અકીદો :–**

شیخ الاسلام وبعد از انبیاء بہترین انام "અબૂબક્ર સિદીક શયખુલ ઈસ્લામ છે અને નબીઓ પછી ખુદાની સર્વ મખ્લૂકથી અફઝલ છે." *(કશ્ફુલ મહજૂબ : ફારસી, પેજ : ૮૩)*

Web.:www.barkatekhwaja.net

**૧૪. ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ. ૫૦૫)નો અક઼ીદો :**

"સહાબાની ફઝીલત તથા ક્રમમાં અક઼ીદો એ હોય કે રસૂલુલ્લાહ ﷺના પછી લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર, પછી હઝરત અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(ક઼વાઈદુલ અક઼ાઈદ, પેજ–૩૦)*

**૧૫. ઈમામ ક઼ાઝી અબૂ યઅ્‌લા અલફરા** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૫૨૬)નો અક઼ીદો :–**

"પછી યક઼ીન રાખવું જોઈએ કે રસૂલુલ્લાહ ﷺના પછી મખ્લૂક઼માં બેહતરીન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે. અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ અંબિયા તથા મુરસલીન પછી અધિક અઝમતવાળા છે. અને રસૂલુલ્લાહ ﷺની ખિલાફતના સૌથી અધિક હક્ક઼દાર છે. એટલે કે પછી હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ, પછી હઝરત ઉ ષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ, પછી હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ છે."

*(કિતાબુલ એઅ્‌તેક઼ાદ, પેજ–૪૨)*

**૧૬. અબૂ હફ્સ ઉમર બિન મુહમ્મદ નસફી હનફી માતુરીદી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૫૩૭)નો અક઼ીદો :–**

"આપણા નબી علیہ الصلوٰۃ والسلامના પછી અફઝલુલ બશર હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર ફારૂક઼, પછી હઝરત ઉ ષ્માન ઝુન્નૂરૈન, પછી હઝરત અલી મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે."

*(અલ અક઼ાઈદ લિન્નસફી, પેજ–૨)*

**૧૭. શયખુલ ઈસ્લામ અદી બિન મુસાફિર હક્કારી** رحمۃ اللہ علیہ **(વફાત : ૫૫૭ હિ.)નો અક઼ીદો :** "બેશક ! રસૂલુલ્લાહ ﷺના પછી આ ઉમ્મતના બેહતરીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ છે, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલીયે મુર્તઝા છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(એઅ્‌તેક઼ાદુ અહલિ સુન્નતિ વલ્ જમાઅત, પેજ–૩૬)*

**૧૮. ગૌષે આ'ઝમ મહબૂબે સુબ્હાની** رضی اللہ عنہ **(વફાત : ૫૬૧ હિ.)નો અક઼ીદો :–**

"ચારેવ ખલીફાઓમાં સૌથી અફઝલ અબૂબક્ર છે. પછી ઉમર છે, પછી ઉષ્માન છે, પછી અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) *(ગુન્યુત્તાલિબીન, ભાગ–૨, પેજ–૧૫૮)*

**૧૯. ઈમામ હાફિઝ અબુલ ક઼ાસિમ અલી ઈબ્ને અસાકિર** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૫૭૧)નો અક઼ીદો :–**

"સહાબાની ફઝીલત અને ક્રમમાં અક઼ીદો એ હોય કે રસૂલુલ્લાહ ﷺના બાદ લોકોમાં અફઝલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી છે." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(તબ્યીનુ કઝિ બિલ્મુફ્તરી, પેજ–૩૦૬)*

**૨૦. હાફિઝ અબ્દુલગની મક઼દિસી (વફાત : હિ.સ. ૬૦૦)નો અક઼ીદો :**

"અને અમારો એ અક઼ીદો છે કે આ ઉમ્મતમાં રસૂલુલ્લાહ ﷺ પછી સૌથી બેહતરીન તથા અફઝલ અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે. જેઓ આપ علیہ الصلوٰۃ والسلامના ખાસ સહાબી તથા દીનીભાઈ, હિજરતની સફર તથા ગારે ષૌરમાં આપ ﷺના (વિશ્વાસુ) સાથી, આપ ﷺની હયાતે મુબારકામાં આપ ﷺના વઝીર અને આપના વિસાલ મુબારક પછી આપ علیہ الصلوٰۃ والسلامના ખલીફા છે. આપનું નામ મુબારક હઝરત અબ્દુલ્લાહ અતીક઼ બિન અબૂ ક઼ુહાફા ઉષ્માન અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે." *(અક઼ીદતુલ હાફિઝ તક઼ીઉદ્દીન અબ્દુલ ગની બિન અબ્દુલ વાહિદ મક઼દિસી, પેજ : ૯૯)*

**૨૧. શયખ અકબર મુહીયુદ્દીન મુહમ્મદ ઈબ્ને અરબી** رحمۃ اللہ علیہ **(વફાત : હિ.સ. ૬૩૮)નો અક઼ીદો :–**

Web. www.barkatekhwaja.net

"અને એમનામાંથી અમુક અવલિયા એવા હોય છે જેમની હુકૂમત જાહેર હોય છે, તેમને મકામ તથા મર્તબાના લેહાઝથી જે રીતે બાતિની ખિલાફત હાંસલ થાય છે. એવી જ રીતે જાહેરી ખિલાફત પણ હાંસલ થાય છે, જેમ કે હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન તથા અલી તથા હસન." (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

*(ફુતૂહાતે મક્કિયા, ૨/૯, રસાઈલે ઈબ્ને આબિદીન, ૨/૨૬૫)*

**૨૨. ઈમામ નવવી رحمۃ اللہ علیہ (વફાત : ૬૭૬)નો અક઼ીદો :-**

"અહલે સુન્નતની એકમતિ છે કે અફઝલ સહાબી અબૂબક્ર છે પછી ઉમર."

*(શરહે સહીહ મુસ્લિમ, ૧૫/૧૪૮)*

**૨૩. હાફિઝ ઈબ્ને હજર અસ્ક઼લાની رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૮૫૨)નો અક઼ીદો :-**

"અહલે સુન્નત વ જમાઅત દરમિયાન એ વાત પર ઈજમાઅ થઈ ચૂક્યો છે કે ખુલફાએ રાશિદીન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ફઝીલતમાં ક્રમ તેમની ખિલાફતના ક્રમની જેમ છે." *(ફત્હુલબારી, ૭/૩૪)*

**૨૪. અલ્લામા ઈબ્ને હુમામ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૮૬૧)નો અક઼ીદો :**

بِاَنَّ اَبَابَكْرٍ اَفْضَلُ النَّاسِ "હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ સર્વ લોકોમાં (સહાબામાં) અફઝલ છે." *(અલ્મુસામરહ, પેજ-૨૫૯)*

**૨૫. અલ્લામા ઈમામ જલાલુદ્દીન સિયૂતી શાફઈ رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૯૧૧)નો અક઼ીદો :**

"અહલે સુન્નતનો એ વાત પર ઈજમાઅ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના પછી સૈયદુના અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ અફઝલુન્નાસ (લોકોમાં શ્રેષ્ઠ) છે, પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત અલી, પછી બાકીના અશ્રએ મુબશ્શિરા, પછી બાકીના બદરવાળાઓ, પછી બાકીના ઓહદવાળાઓ, પછી બાકીના બયઅતે રિદ્વાનવાળાઓ, પછી બાકીના સર્વ સહાબીઓ."

*(તારીખુલ ખુલફા લિલ્ ઈમામમિ સુયૂતિ رحمۃ اللہ علیہ)*

**૨૬. અલ્લામા ઝયનુલ આબિદીન ઈબ્ને નજીમ હનફી رحمۃ اللہ علیہ (વફાત: હિ.સ. ૯૭૦)નો અક઼ીદો :-**

"રાફઝી જો હઝરત અલી رضی اللہ عنہ ને બીજાઓ (એટલે શયખૈન) પર ફઝીલત આપે તો તે બિદઅતી છે." *(અલ બહરુર્રાઈક઼, ૧/૬૧૧)*

**૨૭. અલ્લામા ઈબ્રાહીમ જલી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૯૭૦)નો અક઼ીદો :-**

"જે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને (શયખૈન : અબૂબક્ર, ઉમર) કરતાં અફઝલ બતાવે છે, તે અહલે બિદઅતમાંથી છે." *(ગુન્યતુલ મુસ્તમ્લી, પેજ-૪૪૩)*

**૨૮. ઈમામ શહાબુદ્દીન ખફ઼ફ઼ાજી رحمۃ اللہ علیہ (વફાત: હિ.સ. ૧૦૬૯)નો અક઼ીદો :-**

"અબૂબક્રને ખાસ કરવું એટલા માટે કે એ સિદ્દીક઼ે અકબર છે, જેમણે સર્વ લોકોમાં પહેલ કરી આપ علیہ الصلوٰۃ والسلام ને સમર્થન કરવામાં અને તેમનાથી સમર્થન સિવાય કાંઈ બહાર ન પડયું."

*(નસીમુર્રિયાઝ, ૧/૧૪૨, મતબૂઆ દારુલ ફિક્ર)*

**૨૯. અલ્લામા અબ્દુર્રહમાન બિન મુહમ્મદ શયખઝાદા رحمۃ اللہ علیہ (વફાત : ૧૦૭૮ હિ.સ.)નો અક઼ીદો :-**

"રાફઝી જો મૌલા અલી رضی اللہ عنہ ને (શયખૈન કરીમૈન) પર ફઝીલત આપે તો તે બિદઅતી છે."

*(મજમઉલ અન્હુર, ૧/૩, ૩૨૨, ૩૬૫)*

**30. ફખુસ્સાદાત અલ્લામા સૈયદ ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ (વફાત : ૧૨૫૨)નો અક઼ીદો :-**

Web.:www.barkatekhwaja.net

"જ્યારે કોઈ હઝરત અલીને (હઝરત અબૂબક્ર પર) ફઝીલત આપે અથવા સહાબીઓને બુરા કહે તો બિદઅતી છે ન કે કાફિર." *(રદ્દુલ મુહતાર, ૬/૨૨૧)*

**૩૧. અલ્લામા અબ્દુર્રઊફ મનાવી (વફાત : હિ.સ. ૧૦૩૧)નો અક઼ીદો:**

"હઝરત અબૂબક્ર જેમનું નામ અબ્દુલ્લાહ છે તે સર્વ શુક્રગુઝાર બંદાઓના અમીર છે અને નબીઓ પછી માનવો પર સૂરજ ઉગ્યો (એટલે જે આ દુનિયામાં આવ્યા) તેમનામાંથી સૌથી અફઝલ છે. એના પર સર્વ એહલે સુન્નતનો ઈત્તેફાક છે."

*(ફયઝુલ ક઼દીર, ૧/૧૬૭)*

**૩૨. હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શૈયખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૦૩૪)નો અક઼ીદો : ફર્માવે છે :–**

امیر را افضل از صدیق اکبر (رضی اللہ عنہ) گوید از جرگۂ اہل سنّت می برآید

"જે શખ્સ હઝરત અલી رضی اللہ عنہ ને સિદ્દીકે અકબરથી અફઝલ કહે તે અહલે સુન્નતના ગિરોહથી નીકળી જાય છે."

*(મક્તૂબાતે મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ, દફતર : દોમ)*

**૩૩. શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૩૧)નો અક઼ીદો :–**

افضلیٔ شیخین در ملت اسلامیہ قطعی است "ઈસ્લામી મિલ્લતમાં અફઝલિયતે શયખૈનનો મસ્અલો ક઼તઈ છે."

*(કુર્રતુલ અયનૈનિ ફી તફઝીલિશ્શયખૈન, પેજ–૨૬)*

**૩૪. મખ્દૂમ મુહમ્મદ હાશિમ ઠઠવી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૧૭૪)નો અક઼ીદો :**

"હક્ક઼ એ જ છે કે મસ્અલએ તફઝીલ (અફઝલિયતનો મસ્અલો) ક઼તઈ છે કે જે તવાતુર તથા ઈજમાઅથી સાબિત છે." *(અત્તરીક઼તુલ મુહમ્મદિયા ફી હક઼ીક઼તિલ્ ક઼ત્ઈ બિલ્ફદ્દલિય્યહ, ક઼લમી, પેજ : ૮)*

**૩૫. ક઼ાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૨૨૫)નો અક઼ીદો :–**

"સહાબાએ કિરામની એકમતિ અને નુસૂસથી સાબિત છે કે હઝરત સૈયદુના સિદ્દીકે અકબર رضی اللہ عنہ તમામ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી અફઝલ છે." *(માલાબુદ્દ મિન્હૂ, કિતાબુલ્ ઈમાન, પેજ : ૧૫)*

**૩૬. શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૧૨૩૯)નો અક઼ીદો:**

"તોહફાએ ઈષ્ના અશરિયા"માં લખે છે : અબ્દુલ્લાહ ઈબ્ને સબા યહૂદીએ પોતાની ગુમરાહ જમાઅતને સૌ પ્રથમ આ જ અક઼ીદો શીખવ્યો કે હઝરત અલી رضی اللہ عنہ સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી અફઝલ છે." *(તોહફએ ઈષ્ના અશરિયા, પેજ–૪૧)*

**૩૭. ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૪૦)નો અક઼ીદો :–**

અહલે સુન્નત વ જમાઅત نَصَرَهُمُ اللّٰهُ تَعَالٰى નો ઈજમાઅ છે કે ફરિશ્તા રસૂલ તથા માનવ રસૂલ તથા નબીઓ صَلَوَاتُ اللّٰهِ تَعَالٰى وَتَسْلِيْمَاتُهٗ عَلَيْهِمْ ના પછી હઝરાત ખુલફાએ અરબા (ચારેવ ખલીફા) رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ ખુદાની સર્વ મખ્લૂક઼થી અફઝલ છે. શરૂથી અંત સુધી વિશ્વની સર્વ ઉમ્મતોમાં કોઈ શખ્સ તેમની બુઝુર્ગી તથા ઈજ્જત તથા મક઼ામ તથા ક઼બૂલ તથા કરામત તથા કુર્બ તથા વિલાયતને નથી પહોંચી શકતો. اِنَّ الْفَضْلَ بِيَدِ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ۔ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ફઝ્લ અલ્લાહ તબારક વ તઆલાના હાથમાં છે જેને ચાહે અતા કરે, અને અલ્લાહ મહાન ફઝલવાળો છે.

પછી તેમનામાં આસપાસમાં ક્રમ આ પ્રમાણે છે કે સૌથી અફઝલ સિદ્દીકે અકબર, પછી ફારૂકે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી મૌલા અલી صَلَّى اللّٰهُ تَعَالٰى عَلٰى سَيِّدِهِمْ وَآلِهٖ وَعَلَيْهِمْ وَبَارَكَ وَسَلَّمَ .

Web : www.barkatekhvaja.net

વળી આ નેક ખાસિયતવાળા મઝહબ પર કુર્આન આયતો તથા ખૂબ જ પ્રમાણમાં હદીષો હુઝૂર નબી કરીમ عَلَيْهِ وَعَلٰى آلِهٖ وَصَحْبِهِ الصَّلٰوةُ وَالتَّسْلِيْمُ તથા અમીરુલ મો'મિનીન મૌલા અલીયે મુર્તઝા તથા અન્ય અહલે બયતના ઈમામોના મહાન ઈર્શાદો, તથા સહાબા તેમજ તાબઈનનો ઈજમાઅ તથા ઉમ્મતના અવલિયા તેમજ ઉલમા رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُمْ اَجْمَعِيْنَ ની સ્પષ્ટતાઓથી તે ઉઘાડી દલીલો છે જેને લખાણમાં સમાવી નથી શકાતુ.

*(ફતાવા રઝવિય્યહ, ૨૮/૪૭૮, રઝા ફાઉન્ડેશન–લાહોર)*

**૩૮. પીર સૈયદ મહેરઅલીશાહ ગોલળવી رحمۃ اللہ علیہ (વફાત : ૧૩૫૬)નો અકીદો :–**

"જેથી ખિલાફત તેમની ખિલાફતે રાશિદા ઠરી જેમાં ખલીફાનું અફઝલ હોવું જરૂરી સમજવામાં આવ્યું છે." *(તસ્ફિયા મા બૈને સુન્ની વ શીઆ, પેજ–૨૩)*

**૩૯. સદરુશ્શરીઅહ અલ્લામા મુફ્તી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ (વફાત : હિ. ૧૩૬૭)નો અકીદો :–**

"અંબિયા તથા રસૂલો બાદ મખ્લૂકાતે ઈલાહી માનવી તથા જિન તથા ફરિશ્તા સર્વથી અફઝલ સિદ્દીકે અકબર છે. પછી ઉમર ફારૂકે આ'ઝમ, પછી ઉષ્માન ગની, પછી મૌલા અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین. જે શખ્સ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને સિદ્દીક કે ફારૂક رضی اللہ عنہما થી અફઝલ બતાવે તે 'ગુમરાહ બદ્‌મઝહબ' છે."

*(બહારે શરીઅત, ૧/૨૪૬ થી ૨૪૬, મક્તબતુલ મદીના)*

**૪૦. હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી (વફાત : ૧૩૯૧ હિ.)નો અકીદો:**

"અહલે સુન્નતનો અકીદો છે કે હઝરત સિદ્દીક 'અફઝલુલ ખલ્કિ બઅદલ અંબિયા' છે. તેમની અફઝલિયતે મુત્લકા કુર્આનથી સાબિત છે."

*(મિર્આતુલ મનાજીહ, ૮/૩૧૬)*

અલ્લાહના ફઝ્લો કરમથી કુર્આન તથા હદીષો તથા સહાબાના આષાર (કથનો) તથા બુઝુર્ગાને દીનના અકવાલની રોશનીમાં એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે અંબિયા તથા માનવ રસૂલો તથા રસૂલ ફરિશ્તા عَلَيْهِمُ السَّلَام અને ખાતમુન્નબીય્યીન સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના પછી મખ્લૂકે ખુદા ઈન્સાન, જિન્નાત તથા ફરિશ્તાઓમાં સૌથી અફઝલ સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. આ જ અહલે સુન્નત વ જમાઅતનો અકીદો છે. આ અકીદાનો મુન્કિર 'ગુમરાહ બદ્‌મઝહબ રાફઝી' છે અને અહલે સુન્નતથી ખારિજ છે.

રસૂલે અકરમ ﷺના સર્વ સહાબીઓ તથા અહલે બયત અઝમત તથા શાનવાળા છે. એમનામાંથી અમુકને એવી જુઝઈ ફઝીલતો હાંસલ છે જે એમની જ સાથે ખાસ છે, કોઈ અન્યને તે હાંસલ નથી, કેમ કે જો તે અન્યને પણ હાંસલ થાય તો વિશિષ્ટતા ન રહેશે.

સેંકડો ખાસિયતો એવી છે જે મૌલા અલી کرم اللہ وجہہ الکریم ને મળી, તે ખૂબીઓ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ, હઝરત ઉમર رضی اللہ عنہ ને ન મળી. અને અમુક ખાસિયતો એવી છે જે ઉમર ફારૂક رضی اللہ عنہ ને મળી, અન્ય કોઈ સહાબીને નથી મળી. એ જ પ્રમાણે જે જુઝઈ ફઝીલત સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہ ને જે મળી તે કોઈ અન્યને ન મળી.

આ સર્વ ફઝાઈલ જુઝઈય્યહ (આંશિક) છે, પણ ફઝલે મુત્લક કુલ્લી જે જાતને મળ્યા તે સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની મુબારક જાત છે કે કોઈ અપવાદ વિના કોઈ પ્રકારની શર્ત વિના સેંકડો સ્પષ્ટતાઓ તેમની તફઝીલ (અફઝલિયત) પર મૌજૂદ છે. *(ક્રમશઃ)*

● ● ●

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## કિતાબુલ બુયૂઅ એટલે ખરીદ વેચાણનું બયાન

**મસ્અલા :** સોદા માટે હુકમ એ છે કે ખરીદનાર વેચેલા માલનો માલિક બની જાય અને વેચનાર પૈસાનો માલિક બને. જેના પરિણામે વેચનાર પર વાજિબ થઈ જશે કે માલ ખરીદનારના હવાલે કરી આપે અને ખરીદનાર પર વાજિબ થશે કે તે વેચાણ આપનારને તેની કિંમત ચૂકવી આપે અને આ સઘળું ત્યારે લાગુ પડશે જ્યારે કે વેચાણની વાત પાકી હોય અને જો વેચાણની વાત બીજાની સંમતિ પર મોકૂફ હોય તો કબજાની વાત ત્યારે થશે જ્યારે કે ઈજાઝત મળી જાય. *(હિંદિયા)*

**મસ્અલા :** એવા બે શબ્દો જે **તમલીક અને તમલકને** ફાયદો પહોંચાડનારા હોય (અર્થાત જેનો એવો મતલબ થતો હોય કે વસ્તુનો માલિક બીજાને કરી દેવામાં આવ્યો અથવા બીજાની ચીજનો માલિક બની ગયો) તે બન્ને શબ્દોને ઈજાબ, કબૂલ કહેવામાં આવે છે. એમાંના પહેલા કલામને ઈજાબ કહે છે અને એના મુકાબલામાં પાછળના કલામને કબૂલ કહેવામાં આવે છે. જેમ કે વેચનારે એમ કહ્યું કે આ વસ્તુ (માલ)ને મેં આટલી કિંમતમાં વેચી. એના જવાબમાં ખરીદનારે કહ્યું કે મેં ખરીદી. તો વેચનારના બોલવાને ઈજાબ કહે છે અને ખરીદનારના બોલવાને કબૂલ ગણાશે (કહેવાશે) અને જો ખરીદનાર પહેલાં એમ કહે કે આ ચીજ (વસ્તુ) મેં આટલામાં ખરીદી તો એ ઈજાબ કહેવાત અને વેચનારનું કહેવું કબૂલ કહેવાત. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** ઈજાબ અને કબૂલ બન્ને ભૂતકાળના રૂપના હોવાં જોઈએ. ખરીદી, વેચી અથવા બન્ને વર્તમાનકાળના રૂપમાં જેમ કે વેચું છું, ખરીદું છું અથવા એક ભૂતકાળ રૂપે અને બીજો વર્તમાનકાળના રૂપમાં (જેમ કે એકે કહ્યું કે વેચું છું અને બીજાએ કહ્યું કે ખરીદી). જો કોઈ પણ એકનું બોલવું ભવિષ્યકાળના રૂપમાં હશે તો વેચાણ થશે નહીં. (જેમ કે વેચીશ, ખરીદીશ.)

**મસ્અલા :** વેચનારે એમ કહ્યું કે આ ચીજ મેં વેચી એના જવાબમાં ખરીદનારે કહયું કે, હા ! તો વેચાણ થયું નહીં. જો ખરીદનાર ઈજાબ કરત અને તેના જવાબમાં વેચનાર હા કહેતે તો સહીહ થઈ જાત. પૂછવાના જવાબમાં હા કહ્યું તો વેચાણ ન થયું પરંતુ જ્યારે ખરીદનાર તે જ વખતે કિંમત ચૂકવી આપે કે આટલી કિંમત અદા કરવી મને કબૂલ છે, જેમ કે એવું કહ્યું કે શું તમે આ વસ્તુ મને આટલી કિંમતમાં વેચી ? એણે કહયું કે, હા. ખરીદનારે પૈસા આપી દીધા તો વેચાણ થઈ ગયું. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા :** મારો ઘોડો મેં તમારા ઘોડાના બદલામાં આપ્યો (સાટુ માર્યું). બીજાએ એમ કહ્યું કે મેં પણ એમ કર્યું (સાટામાં કબૂલ છે) તો વેચાણ થઈ ગયું. વેચનારે એમ કહ્યું કે આ વસ્તુ તમારા માટે એક હજારમાં છે (કિંમત એક હજાર છે) ખરીદનારે કહ્યું કે મને માન્ય છે તો વેચાણ થઈ ગયું.

*(આલમગીરી)*

**મસ્અલા :** એક માણસે એમ કહ્યું કે જો તમને આ ચીજ પસંદ હોય તો તમારે માટે એની કિંમત એક હજાર છે. બીજાએ કહ્યું કે મને પસંદ છે તો

Web. www.barkatekhwaja.net

વેચાણ થઈ ગયું. એ રીતે જો એમ કહે કે તમને માફક આવે તો, અથવા તમારી એને લેવાની ઈચ્છા હોય તો, અથવા તમારો ઈરાદો હોય તો. એના જવાબમાં એમ કહયું કે મને માફક આવે છે, મારો ઈરાદો છે અથવા મારી લેવાની ઈચ્છા છે. તો આ પ્રમાણે બોલવાથી પણ વેચાણ થઈ જશે. *(હિંદિયા)*

**મસ્અલા** : એક માણસે કહ્યું કે આ સામાન લઈ જાઓ, એના માટે આજે વિચારી લો, જો તમને પસંદ હોય તો એની કિંમત એક હજાર છે. બીજો (સામાવાળો) એને (સામાન) લઈ ગયો તો વેચાણ જાઈઝ થઈ જશે. *(ખાનિયા)*

**મસ્અલા** : બાલિગે કહ્યું કે આ મેં તને વેચ્યું. ખરીદનારે એને ખાવા માંડયું (ખાવાની ચીજ હોય તો) વેચાણ થઈ ગયું. અર્થાત આ પ્રમાણે કરવું તે કબૂલ કરવાના અર્થમાં ગણાશે. એ રીતે એક માણસે બીજા માણસને કહ્યું કે આ ચીજ ખાઓ એના બદલામાં મારો એક રૂપિયો તમારા પર લાઝિમ થશે (એક રૂપિયો દેવો પડશે) તેણે ખાય લીધી તો વેચાણ દુરસ્ત ગણાશે. ખાવું હલાલ થઈ ગયું. *(હિંદિયા)*

**મસ્અલા** : જે બેઠકમાં ઈજાબ થયો હોય તે બેઠકમાં (જો) કબૂલ કરનાર ગેરહાજર હોય તો ઈજાબ બિલ્કુલ બાતિલ થઈ જાય છે. એવું નહીં થઈ શકે કે એના કબૂલ કરવા પર મોકૂફ રાખવામાં આવે કે એને ખબર પહોંચે અને તે કબૂલ કરે તો વેચાણ દુરસ્ત થઈ જાય. હા ! જો કબૂલ કરવાવાળા પાસે ઈજાબનું લખાણ લખી મોકલ્યું હોય અને તે જે મજલિસમાં બેઠો હોય ત્યાં એ લખાણ પહોંચે અને તે મજલિસમાં એણે કબૂલ કર્યું તો વેચાણ સહીહ છે. જો તે મજલિસમાં એણે કબૂલ ન કર્યું તો પછીથી કબૂલ કરી શકતો નથી. એ રીતે જો ઈજાબનો સંદેશો કોઈ કાસિદ સાથે કહેવડાવે તો જે મજલિસમાં કાસિદ એને ખબર પહોંચાડે તે મજલિસમાં કબૂલ કરી શકે છે. એની સૂરત એવી છે કે વેચનારે એક માણસને કહ્યું કે આ વસ્તુ મેં ફલાણા આદમીને જે મજલિસમાં વેચી, તું એની પાસે જા અને એને ખબર આપી દે. જો ગેરહાજર માણસના તરફથી કોઈ બીજા માણસે જે મજલિસમાં મોજૂદ છે તેણે કબૂલ કરી લીધું તો ઈજાબ બાતિલ થશે નહીં, બલ્કે આ વેચાણ ગેરહાજર માણસની ઈજાઝત પર મોકૂફ છે. જો એક માણસને ખબર પહોંચાડવા માટે નક્કી કર્યો હતો પરંતુ બીજાએ ખબર પહોંચાડી અને તેણે કબૂલ કરી લીધી તો વેચાણ સહીહ થઈ ગયું. જે રીતે ઈજાબ લેખિત હોય છે એ રીતે કબૂલાત પણ લેખિત હોય શકે છે. જેમ કે એકે બીજાને ઈજાબ લેખિત મોકલ્યો, બીજાએ લેખિત કબૂલાત મોકલી તો વેચાણ થઈ જશે પરંતુ જરૂરી એ છે કે જે મજલિસમાં ઈજાબનું લખાણ મળ્યું તે મજલિસમાં કબૂલાતનું લખાણ થવું જોઈએ. નહીંતર ઈજાબ બાતિલ થઈ જશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, હિંદિયા)*

**મસ્અલા** : નક્કી કરનારા બન્નેમાંથી જ્યારે એકે ઈજાબ કર્યો તો બીજાને અખત્યાર છે કે એ મજલિસમાં કબૂલ કરે કે રદ કરે. એનું નામ **ખયારે કબૂલ** છે. **ખયારે કબૂલમાં** વારસાઈ લાગુ પડતી નથી. જેમ કે એ મરી જાય તો એના વારસદારને કબૂલ કરવાનો હક્ક મળશે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ખયારે કબૂલ મજલિસ પૂરી થવા સુધીનો છે, મજલિસ બદલાય જવા પછી જતો રહે છે. એ પણ જરૂરી છે કે ઈજાબ કરનાર જીવિત હોય અર્થાત ઈજાબ પછીથી કબૂલ કરવા પહેલાં ગુજરી ગયો તો પછીથી કબૂલ કરવાનો હક્ક ન રહ્યો કેમ કે ઈજાબ જ બાતિલ થઈ ગયો (પછીથી) કબૂલ કઈ ચીજને કરશે ? *(હિંદિયા)*

**મસ્અલા** : બન્નેમાંથી કોઈ એક બેઠક છોડી જાય અથવા તો વેચાણ સિવાયની અન્ય વાતોમાં મશ્ગૂલ થઈ જાય તો ઈજાબ બાતિલ થઈ જાય છે. કબૂલ કરતા પહેલાં ઈજાબ કરવાવાળો ઈજાબને



Web.www.barkatekhwaja.net

પાછો લઈ શકે છે. કબૂલ કર્યા પછી પાછો લઈ શકતો નથી. કેમ કે બીજાનો હક્ક લાગુ પડી ગયો. હવે પાછો લેવામાં એનો **ઈબતાલ** થાય છે. *(હિંદિયા વગેરે)*

**મસ્અલા** : જ્યારે ઈજાબ અને કબૂલાત બન્ને થઈ ચૂક્યાં તો વેચાણ પૂર્ણ અને લાઝિમ થઈ ગયું. હવે કોઈને બીજાની રઝામંદી વગર રદ કરવાનો અખત્યાર ન રહ્યો. અલબત્ત ! જો વેચેલા માલમાં કોઈ એબ હોય યા ખરીદનારે (વેચેલા) માલને ન જોયો હોય તો **ખયારે ઐબ** અને **ખયારે રૂયત** હાંસલ થાય છે. *(હિંદિયા વગેરે)*

**મસ્અલા** : એક બોજ (પોટલી) એક રૂપિયામાં ખરીદી પછી વેચનારને કહ્યું કે આટલી જ કિંમતી બીજી એક પોટલી અહીં લાવીને મૂકી દે. એણે લાવીને મૂકી દીધી તો એ બીજી પોટલીનું વેચાણ પણ થઈ ગયું. ખરીદનાર એને લેવાથી ઈન્કાર કરી શકતો નથી. *(હિંદિયા)*

**મસ્અલા** : દુકાનદારોને ત્યાંથી વાપરવા માટે વસ્તુઓ માંગવામાં આવે છે અને વાપર્યા પછી કિંમતનો હિસાબ થાય છે, એવું કરવું જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચાણની વાતમાં જે વસ્તુ (ચીજ) નક્કી કરેલી હોય (જે વસ્તુ દેવાની કહી હોય) તે આપવી વાજિબ છે. તે વસ્તુને વેચેલી કહેવાય છે અને તે ચીજ નક્કી ન હોય તો કિંમત કહેવાશે. ચીજો ત્રણ પ્રકારની છે. એક તે જે હમેશાં કિંમતમાં (ષમન) હોય છે. બીજી તે જે વેચેલો માલ છે. ત્રીજી તે જે કોઈવાર કિંમતમાં તો કોઈવાર વેચાણના પ્રકારમાં હોય છે. જે હમેશાં કિંમતમાં હોય છે તે રૂપિયા અને અશરફીઓ છે. એના બદલામાં કોઈ ચીજ (વસ્તુ) હોય અને તેને એના બદલામાં વેચવાનું કહેવામાં આવે. અથવા તે ચીજને એનાથી (એનાથી બદલામાં) વેચવાનું કહેવામાં આવે. હર હાલતમાં એ કિંમત (ષમન) ગણાશે. પૈસા પણ કિંમત (ષમન) ગણાશે કેમ કે નિશ્ચિત કરી દેવાથી નિશ્ચિત થશે નહીં બલ્કે તેના કિંમત હોવું બાતિલ થઈ શકે છે. જે ચીજો ઝવાતુલ કિયમ (જમીન, ઘર વગેરે)થી છે જે નંગવાળી હોય તે હમેશાં વેચાણનો માલ હોય છે. પરંતુ કપડાની લંબાઈ જ્યારે કે એની તારીફ (કવોલિટી) બયાન કરી દેવામાં આવી અને એને માટે મુદ્દત નક્કી કરી દેવામાં આવે તો એ પણ કિંમત બની શકે છે (ગણી શકાય છે). એના બદલામાં ગુલામ વગેરે કોઈ નક્કી કરેલી ચીજ ખરીદી શકે છે અને જે ચીજો કોઈ વાર કિંમત હોય અને કોઈવાર વેચાણની ચીજ તે મકીલ (માપથી વેચાતી ચીજ) અને મૌઝૂં (વજનથી વેચાતી ચીજ) અને અદદી (ગણત્રીથી વેચાતી ચીજ) મુતકારિબ છે. તે ચીજોનો જો કિંમતના મુકાબલામાં ઉલ્લેખ કર્યો તો વેચાણ છે અને જો એના મુકાબલામાં તેના જેવી ચીજોનો ઉલ્લેખ કર્યો એટલે કે મકીલ (તોલવામાં આવતી વસ્તુ) અને મૌઝૂન (વજન કરવામાં આવતી વસ્તુ) તેમજ અદદી મુતકારિબને તો જો બંને તરફની ચીજો નિશ્ચિત હોય તો વેચાણ જાઈઝ છે અને બંને ચીજો વેચાણની ગણાશે. જો એક તરફ નક્કી હોય અને બીજી નક્કી ન હોય પરંતુ એ નક્કી નહીં કરેલી ચીજોનું વર્ણન કરી દેવામાં આવ્યું હોય કે તે આવા પ્રકારની હશે તો એવી હાલતમાં જો નક્કી કરેલી ચીજને વેચાયેલી અને ગેરહાજર ચીજને કિંમત ગણવામાં આવી છે તો વેચાણ જાઈઝ છે. પરંતુ ગેરહાજર ચીજનો ફેરફાર થતા પહેલાં કબજો કરવો જરૂરી છે અને જો ગેરહાજર ચીજને વેચેલી અને નક્કી કરેલી (હાજર) ચીજને કિંમત ગણવામાં આવી તો વેચાણ નાજાઈઝ થશે. આવી હાલતમાં વેચેલી અને કિંમત નક્કી કરવાનો મતલબ એ છે કે જેને વેચવાની હતી તે કિંમત છે અને જો બન્ને ચીજો (વેચાણની ચીજ તથા કિંમત) નિશ્ચિત ન હોય તો વેચાણ નાજાઈઝ થશે. *(આલમગીરી)*

Web: www.barkatekhwaja.net

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૦૭

**૦૮. અગર ઈમામને ઝોર સે ક઼િરાઅત શુરૂઅ કર દી તો ક્યા ઈસ સૂરત મેં ભી મુક઼્તદી ષના પળ્હ સક્તા હૈ ?**

બા'ઝ લોગ યે સમજે હૈં કે અગર ચે ઈમામને ઝોર સે ક઼િરાઅત શુરૂઅ કર દી ફિર ભી મુક઼્તદી ષના પળ્હ સકતા હૈ. યે બિલ્કુલ ગલત હૈ. હુકમ યે હૈ કે જબ ઈમામને ઝોર સે ક઼િરાઅત શુરૂઅ કર દી તો અબ મુક઼્તદી કો ષના પળ્હને કી ઈજાઝત નહીં, બલ્કે ખામોશ રેહના ઝરૂરી હૈ. જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :

"ઈમામને બિલ્જહર (ઝોર સે) ક઼િરાઅત શુરૂઅ કર દી તો મુક઼્તદી ષના ન પળ્હે અગરચે બવજહ દૂર હોને યા બેહરે હોને કે ઈમામ કી આવાઝ ન સુનતા હો. ઈમામ આહિસ્તા પળ્હતા હો તો પળ્હ લે."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફ્હા : ૫૨૩)*

ઐસા હી "ફતાવા રઝવિય્યહ" જિલ્દ : ૬, સફ્હા : ૧૮૨ પર હૈ.

**૦૯. અગર ગલતી સે દૂસરી રકઆત મેં આગે વાલી સૂરત શુરૂઅ કર દી જૈસે પેહલી રકઆત મેં સૂરએ કાફિરૂન (قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ) પળ્હી ઔર દૂસરી મેં સૂરએ કુરૈશ (لِاِيْلٰفِ قُرَيْشٍ) શુરૂઅ કર દી તો ક્યા કરે ?**

અગર ગલતી સે દૂસરી રકઆત મેં આગે વાલી સૂરત શુરૂઅ કર દી જૈસે પેહલી રકઆત મેં સૂરએ કાફિરૂન પળ્હી ઔર દૂસરી મેં સૂરએ કુરૈશ શુરૂઅ કર દી તો કુછ લોગ યે સમજતે હૈં કે ગલત હૈ, ચુનાંચે વોહ ફૌરન સૂરએ કુરૈશ છોળ કર સૂરએ કાફિરૂન કે બા'દ વાલી સૂરત પળ્હના શુરૂઅ કર દેતે હૈં. હાલાં કે શરીઅત કે એ'તેબાર સે ઈસ તરહ સૂરએ કુરૈશ કો છોળના જાઈઝ નહીં, બલ્કે જબ ઉસે શુરૂઅ કર દિયા તો અબ ઉસી કો મુકમ્મલ કરે. ઈસે છોળકર બા'દવાલી સૂરત પળ્હને કી ઈજાઝત નહીં.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ સે સવાલ કિયા ગયા, અવ્વલ રકઆત મેં "સૂરએ કાફિરૂન" પળ્હી દૂસરી મેં "કૌષર" કી એક આયત પળ્હી ફિર ઉસ કો છોળ કર "ઈખ્લાસ" (قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ) પળ્હી, ઐસા કરના જાઈઝ હૈ યા નહીં ?

"નમાઝ તો હો ગઈ મગર ઐસા કરના નાજાઈઝ થા, જિસ સૂરત કા એક લફ્ઝ ઝબાન સે નિકલ જાએ ઉસી કા પળ્હના લાઝિમ હો જાતા હૈ ખ્વાહ વોહ ક઼બ્લ કી (પેહલે કી હો) યા બા'દ કી."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૬, સફ્હા : ૩૫૩)*

**૧૦. અગર ગલતી સે દૂસરી રકઆત મેં આગે વાલી સૂરત શુરૂઅ કર દી જૈસે પેહલી રકઆત મેં સૂરએ કાફિરૂન (قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ) પળ્હી ઔર દૂસરી મેં સૂરએ કુરૈશ (لِاِيْلٰفِ قُرَيْشٍ) શુરૂઅ કર દી તો ક્યા કરે ?**

અકષર મુસલમાન યે સમજતે હૈં કે અગર નમાઝ મેં તર્તીબ કે ખિલાફ કિસીને ક઼ુર્આને મજીદ કી તિલાવત કી તો ઉસ પર સજદએ સહ્વ વાજિબ હો જાએગા, જબ કે શરઅન ઈસ સૂરત મેં સજદએ સહવ કા હુકમ બિલ્કુલ નહીં હૈ. ચાહે કોઈ જાનબૂજ કર ઐસા કરે યા ભૂલ કર ઐસા હો જાએ. હાં, ફર્ક઼ ઈતના હૈ અગર કોઈ ભૂલ કર ઈસ તરહ પળ્હતા હૈ તો ઈસ પર કોઈ ગુનાહ નહીં ઔર અગર કોઈ જાનબુજ કર

➺ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ-ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ)

Web : www.barkatekhwaja.net

ઐસા પળ્હતા હૈ તો વોહ ગુનેહગાર હોગા લેકિન સજદએ સહવ ઈસ સૂરત મેં ભી વાજિબ નહીં. જૈસા કે "ફતાવા રઝવિય્યહ્"મેં હૈ :–

"તર્તીબ ઉલટને સે ન નમાઝ કા ઈઆદા (દોબારા પળ્હના) વાજિબ હો ન સજદએ સહ્વ આએ. હાં, યે ફેઅલ (કામ) નાજાઈઝ હૈ અગર કસ્દન (જાનબુજ કર) કરે ગુનેહગાર હોગા વરના નહીં."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૭, સફ્હા : ૩૫૮)*

ઐસા હી "ફતાવા રઝવિય્યહ્" જિલ્દ : ૬, સફ્હા : ૩૪૭ ઔર "બહારે શરીઅત" હિસ્સા : ૪, સફ્હા : ૭૦૯ પર હૈ.

**૧૧. નમાઝ મેં દાહને (જમણા) પેર કા અંગૂઠા ઉઠ જાએ યા અપની જગહ સે હિલ જાએ તો ક્યા નમાઝ ટૂટ જાએગી ?**

અકષર અવામ મેં યે મશ્હૂર હૈ કે અગર નમાઝ મેં દાહને પૈર કા અંગૂઠા ઉઠ જાએ યા અપની જગહ સે હિલ જાએ તો નમાઝ ટૂટ જાએગી ઔર નમાઝ કો દો બારા પળ્હના ઝરૂરી હોગા, જબ કે યે સરાસર ગલત હૈ. શરીઅત મેં ઐસા કોઈ મસ્અલા નહીં કે દાહને પેર કા અંગૂઠા ઉઠને સે નમાઝ ટૂટ જાતી હૈ. હાં, બગૈર ઝરૂરત જાનબુઝકર નમાઝ મેં કોઈ હર્કત કરના ચાહે જિસ્મ કે કિસી હિસ્સે સે હો મકરૂહ હૈ, ઈસ સે બચના ચાહયે.

"ફતાવા ફૈઝુર્રસૂલ"મેં હૈ; દાહને પાઉં કા અંગૂઠા અપની જગહ સે હટ ગયા તો કોઈ હરજ નહીં."

*(ફતાવા ફૈઝુર્રસૂલ, જિલ્દ : ૧, સફ્હા : ૩૭૦)*

**૧૨. અગર કોઈ કુર્સી પર બેઠ કર નમાઝ પળ્હતા હૈ તો જમાઅત કે વક્ત સફ મેં કુર્સી કહાં રખે ? ક્યા સફ કે કિનારે દીવાર કે કરીબ રખના સહીહ હૈ ?**

શરીઅત કે એ'તબાર સે કુર્સી પર બેઠ કર નમાઝ પળ્હને કી જિન્હેં ઈજાઝત હૈ, ઉન મેં ઔર ઉન કે અલાવા દુસરે લોગોંમેં યે ગલત ફહમી પાઈ જાતી હૈ કે કુર્સી પર બેઠ કર નમાઝ પળ્હને કા યહી તરીક઼ા હૈ કે કુર્સી સફ કે બીચ મેં ન રખી જાએ, બલ્કે હમેશા સફ કે કિનારે દીવાર કે ક઼રીબ રખી જાએ ચાહે મુક઼્તદીયોં સે સફ પર ન હુઈ હો ઔર બીચ મેં જગહ છૂટી હો. હાલાં કે શરીઅત કા હુકમ યૈ હૈ કે અગર સફ મુક઼્તદિયોં સે ભર ગઈ હો તો ઐસી સૂરત મેં બેહતર યહી હૈ કે કુર્સી સફ કે કિનારે દીવાર કે ક઼રીબ રખી જાએ, લેકિન અગર સફ ભરી નહીં હૈ ઔર સફ મેં કુછ જગહ છૂટી હૂઈ હૈ તો ઈસ સૂરત મેં સફ કે કિનારે કુર્સી રખ કર નમાઝ પળ્હના, ઈસ હાલ મેં કે બીચ મેં સફ ખાલી હૈ, મકરૂહે તેહરીમી હૈ કે સફ કે બીચ મેં જગહ છોળના જાઈઝ નહીં, બલ્કે સફ મિલી હુવી રખના ઝરૂરી હૈ.

"કુર્સી પર નમાઝ પળ્હને કે એહકામ" કિતાબ મેં હૈ :–

"કુર્સિયાં સફ કે કિનારોં પર રખી જાએ, સફ કે દરમિયાન રખને કી વજહસે બિલા વજહ નમાઝિયોં કો વેહશત હોગી, સફ દુરુસ્ત કરને મેં બા'ઝ ઔક઼ાત દરમિયાન મેં રખી હુઈ કુર્સી કી વજહ સે ખલલ આતા હૈ. આમ તોર પર કુર્સિયા કિનારે હી પર રખી જાતી હૈ. યહી મુનાસિબ હૈ અગર બા'ઝ મસાજિદ મેં દાએં બાએં કે કિનારોં પર લાઈન સે ચાર પાંચ કુર્સિયાં સજાઈ હોતી હૈ. બા'ઝ કુર્સી પર બેઠનેવાલે તકબીરે ઉલા સે પેહલે આ જાતે હૈ, બા'ઝ કુર્સિયાં ખાલી હોતી હૈં ઐન નમાઝ શુરૂઅ હોતે વક઼્ત વહી દિક્ક઼ત કે ખાલી કુર્સિયોં કો ઉઠાને મેં કરની પળતી હૈ, બા'ઝ લાપરવાહી સે ઐસે હી નિય્યત બાંધ લેતે હૈં સફ પૂરી નહીં કરતે, ઈસ જાનિબ ભી તવજ્જોહ દેની ચાહિયે."

*(કુર્સી પર નમાઝ પળ્હને કે એહકામ, સફ્હા : ૯, ૧૦)*

"હદીષે પાક"મેં હૈ : "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

Web.: www.barkatekhwaja.net

ઉમર رضی اللہ عنہما સે રિવાયત હૈ, હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માતે હૈ, "જો સફ કો મિલાએગા, અલ્લાહ તઆલા ઉસે મિલાએગા ઔર જો સફ કો કૃતઅ કરેગા, (યા'ની કાટેગા ઈસ તોર પર કે બીચ મેં જગહ છોળેગા) અલ્લાહ તઆલા ઉસે કૃતઅ કર દેગા."

*(સુનને નસાઈ, સફહા : ૧૪૩, હદીષ નં. ૮૧૬)*

**૧૩. નમાઝ મેં કુર્આન પળ્હને મેં સિર્ફ હોટ હિલાના યા'ની દિલ મેં પળ્હના ઔર આવાઝ ન નિકાલના કૈસા હૈ ?**

અકષર અવામ કો દેખા ગયા હૈ કે જબ વોહ નમાઝ મેં યા નમાઝ કે બાહર કુર્આન મજીદ યા કુછ ઔર પળ્હતે હૈં તો સિર્ફ હોટ હિલાતે હૈં ઔર દિલ હી દિલ મેં પળ્હતે હૈં, આવાઝ બિલ્કુલ નહીં નિકાલતે. યે તરીકા સરાસર ગલત હૈ. ઈસ તરહ પળ્હને સે નમાઝ નહીં હોગી. બલ્કે **ઈતની આવાઝ સે પળ્હના ઝરૂરી હૈ કે અગર કોઈ રુકાવટ ન હો જૈસે શોર, કમ સુનાઈ દેને કી બીમારી વગૈરા તો આવાઝ અપને કાનોં તક પોંહચે ઔર ખુદ સુન લે.** નમાઝ મેં કુર્આન કી તિલાવત કરને ઔર બાકી ચીઝેં પળ્હને મેં ઈસ મસ્અલે કા લિહાઝ રખના ઝરૂરી હૈ. બહોત સારે લોગ ન જાનને કી વજહ સે ઈસ પર અમલ નહીં કરતે લિહાઝા ઈસ પર ખાસ તવજ્જોહ દી જાએ તાકે નમાઝેં બર્બાદ હોને સે બચેં.

"બહારે શરીઅત"મેં હૈ : "કિરાઅત ઈસ કા નામ હૈ કે તમામ હુરૂફ મખારિજ સે અદા કિયે જાએં, કે હર હર્ફ ગૈર સે સહીહ તોર પર મુમ્તાઝ હો જાએ ઔર આહિસ્તા પળ્હને મેં ભી ઈતના હોના ઝરૂર હૈ કે ખુદ સુને, અગર હુરૂફ કી તસ્હીહ તો કી મગર ઈસ કદ્ર આહિસ્તા કે ખુદ ન સુના ઔર કોઈ માનેઅ (રૂકાવટ) મષલન્ શોરો ગુલ યા ષિકલે સમાઅત (કમ સુનને કી બીમારી) ભી નહીં, તો નમાઝ ન હુઈ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૫૧૧, ૫૧૨)*

**૧૪. બેઠ કર નફ્લ નમાઝ પળ્હને મેં રુકૂઅ મેં સર કહાં તક જુકાયા જાએ ?**

બહોત સે લોગોં કો દેખા ગયા હૈ કે જબ બેઠકર નફ્લ નમાઝ પળ્હતે હૈં તો રુકૂઅ મેં બહોત ઝયાદા જુકતે હૈં યહાં તક કે પિછે સે સુરીન (સીટ) ઉઠ જાતી હૈ ઔર સર ઝમીન કે કરીબ પહોંચ જાતા હૈ, સિર્ફ દો, તીન બાલિશ્ત (વેંત) કા ફાસલા રેહતા હૈ. હાલાં કે બેઠકર નમાઝ પળ્હને મેં રુકૂઅ મેં ઈતના જુકના કે પીછે સે સુરીન ઉઠ જાય યે મકરૂહે તંઝીહી હૈ, યા'ની ઐસા કરના બેહતર નહીં હૈ બલ્કે સિર્ફ ઈતના જુકના સુન્નત હૈ કે પૈશાની ઘુટનોં કે સામને આ જાએ, ઈસ સે ઝયાદા જુકને કી કોઈ ઝરૂરત નહી.

"આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ સે સવાલ કિયા ગયા કે નફલ નમાઝ બેઠકર અદા કરે તો રુકૂઅ કિસ તરહ અદા કરેં યાની સુરીન ઉઠેં યા નહીં ? દર સૂરતે મુખાલિફ (યા'ની ઈસ કે ખિલાફ કિયા જાએ તો) નમાઝ મકરૂહે તેહરીમી યા તંઝીહી યા ફાસિદ ? ઈસ કે જવાબ મેં આપને લિખા :

"રુકૂઅ મેં કદ્રે વાજિબ તો ઈસી કદ્ર હૈ (યા'ની રુકૂઅ મેં જુકના ઈતના હી વાજિબ હૈ) કે સર જુકાએ ઔર પીઠ કો કદ્રે ખમ દે (યાની થોળા સા જુકાએ) મગર બેઠકર નમાઝ પળ્હે તો ઉસકા દર્જએ કમાલ વતરીકએ એઅ્તેદાલ (યા'ની મુકમ્મલ તરીકા) યે હૈ કે પેશાની જુક કર ઘુટનોં કે મુકાબિલ આ જાએ ઈસ કદ્ર કે લિયે સુરીન ઉઠાને કી હાજત નહીં તો કદ્રે એઅ્તેદાલ સે જિસ કદ્ર ઝાઈદ હોગા વોહ અબષ વ બેજા મેં દાખિલ હો જાએગા (ઈતના ઝયાદા જુકના બેકાર હોગા) ઔર નમાઝ મેં ઐસા ફેઅલ (કામ) કિયા જાએ લાએ લાઅકલ્લ (કમસે કમ) નાપસંદ મકરૂહે તંઝીહી હોગા."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૬, સફહા : ૧૫૭)* **(ક્રમશઃ)**



Web : www.barkatekhwaja.net

# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૧૩

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## ઈર્ષા, ચાડી ચુગલી અને જયોતિષ વિદ્યા પર ચેતવણી

હસદ, ચુગલી અને જ્યોતિષ વિદ્યા પણ સમાજમાં અશાંતિ ફેલાવનારી વાતો છે એટલા માટે જ આક઼ાએ નેઅ્મત સરવરે કોનૈન ﷺએ તેમના પર પાબંદી લગાડી અને તેમને પોતાના તરીક઼ાથી વિરુદ્ધ દર્શાવ્યાં.

હઝરત અબ્દુલ્લાહ બિન બુસ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આ઼લમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَيْسَ مِنِّيْ ذُوْ حَسَدٍ وَّلَا نَمِيْمَةٍ وَّلَا كَهَانَةٍ وَّلَا اَنَا مِنْهُ۔

"હસદ કરનાર, ચુગલખોર, અને જ્યોતિષનો મારી સાથે કોઈ સંબંધ નથી અને ન મારો તેમનાથી કોઈ સંબંધ છે." *(કન્ઝુલ ઉ઼મ્માલ, ૪૬૨)*

**હસદ** : હસદ એ છે કે કોઈને અલ્લાહ તઆ઼લાએ કોઈ નેઅમત અથવા કોઈ મર્તબો અતા ફર્માવ્યો છે તેનાથી જલન રાખવી અને ઈચ્છા કરવી કે તેને જે નેઅ્મત મળી છે તે ખત્મ થઈ જાય. જેના દિલમાં આ પ્રકારનો જઝબો હોય તેને "હાસિદ" (હસદ કરનાર) કહેવામાં આવે છે. હસદ પણ અત્યંત ખરાબ ચીજ છે અને તેને સૈયદે કોનૈન ﷺએ જન્નતમાં જવાથી રોકવાવાળા અમલોમાં વર્ણન ફર્માવેલ છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સરવરે કાએનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِيَّاكُمْ وَالْحَسَدَ فَاِنَّ الْحَسَدَ يَأْكُلُ الْحَسَنَاتِ كَمَا تَأْكُلُ النَّارُ الْحَطَبَ۔

"હસદથી બચો એટલા માટે કે હસદ નેકીઓને એ રીતે ખાઈ જાય છે જે રીતે આગ લાકડીઓને સળગાવી રાખ કરી દે છે."

**ચુગલખોરી** : ચુગલખોરી વિશે સહીહ મુસ્લિમના શરહકર્તા ઈમામ નુવવી رحمۃ اللہ علیہ વર્ણન ફર્માવે છે :–

"ઉ઼લમા ફર્માવે છે કે ચુગલખોરી એ કોઈ વ્યક્તિની વાતને બીજી વ્યક્તિ સુધી પહોંચાડવી જેથી તેમના વચ્ચે વિવાદ અને બગાડ પેદા થઈ જાય. ઈમામ ગિઝાલી ઈહયાએ ઉલૂમિદ્દીનમાં લખે છે, જાણી લો કે કોઈ વ્યક્તિએ કોઈના વિશે કોઈ વાત કહી તો જેના વિશે તે વાત કહેવામાં આવી છે તેના સુધી તે વાત પહોંચાડવાને સામાન્યતઃ ચુગલી કહેવામાં આવે છે. પરંતુ ચુગલી માત્ર આની સાથે ખાસ નથી બલ્કે જે વાતને જાહેર કરવાનું નાપસંદ કરવામાં આવે તેને જાહેર કરવાને ચુગલી કહેવામાં આવે છે ભલે જેની વાત પહોંચાડવામાં આવી છે તે નાપસંદ કરે અથવા જેના સુધી પહોંચાડવામાં આવી છે તે નાપસંદ કરે અથવા કોઈ ત્રીજી વ્યક્તિ નાપસંદ કરે અને ભલે તેને ઝબાનથી વર્ણન કરે કે ઈશારાથી. જો કોઈ વ્યક્તિ કોઈને કોઈના વિશે ચુગલી કરે અને કહે કે ફલાણો તારા વિશે આવું આવું કહે છે તો તેના માટે છ વાતો લાઝિમ છે :–

**૦૧.** તે (કહેનાર)ને સાચો ન જાણે કારણ કે ચુગલી કરનાર ફાસિક઼ છે.

web.: www.barkatekhwaja.net

૦૨. તેને તે વાતથી રોકે, તેનાથી બચવાની નસીહત કરે અને તેના એ કાર્યની બુરાઈ બતાવે.

૦૩. અલ્લાહના માટે તેનાથી દુશ્મની કરે કારણ કે ચુગલખોર અલ્લાહનો દુશ્મન છે અને જે અલ્લાહનો દુશ્મન છે તેનાથી દુશ્મની કરવી લાઝિમ છે.

૦૪. પોતાના (જેના વિશે ચુગલી કરવામાં આવે છે તે) ભાઈ વિશે બદ્‌ગુમાની ન કરે.

૦૫. જે વાત વિશે તેણે કહ્યું છે તેના વિશે બહસ અને છાનબીનમાં ન પડે.

૦૬. તે ચુગલખોરે જે વાત કહી છે તે બીજા કોઈને ન કહે નહીં તો એ ખુદ ચુગલખોર કહેવાશે. (અહીંયાં ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની વાત સમાપ્ત થઈ)

ચુગલખોર વિશે આ વાતો જે વર્ણન કરવામાં આવી છે એ ત્યારે છે જ્યારે તેના સંબંધે કોઈ શરઈ મસ્લેહત ન હોય. જો શરઈ જરૂરત હોય તો તેનાથી મનાઈ નથી. જેમ કે કોઈ માણસ કોઈના ઘરવાળાઓને અથવા તેના માલને નુકસાન પહોંચાડવા ઈચ્છે છે તેનું જણાવવું ચુગખલોરી નથી. અથવા કોઈ વ્યક્તિની બુરાઈ વિશે ખલીફએ ઈસ્લામ અથવા બાદશાહે ઈસ્લામને બતાવવું જેથી તેઓ તેની બુરાઈ પર રોક લગાડે. બલ્કે કેટલીક વાર તો આવી વાતો પહોંચાડવું મુસ્તહ્‌બ બલ્કે કોઈકવાર વાજિબ પણ હોય છે.

*(શર્હે નુવવી અલલ મુસ્લિમ, ૨/૧૧૨)*

હઝરત હુઝૈફા رضی اللہ عنہ બયાન ફર્માવે છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : لَا يَدْخُلُ الْجَنَّةَ قَتَّاتٌ "જન્નતમાં કોઈ ચુગલખોર દાખલ થશે નહીં." *(સહીહ બુખારી, ૮/૧૭)*

**જ્યોતિષ વિદ્યા** : એટલે અટકલથી ગૈબની વાતો બતાવવું પણ બુરો અમલ છે. સારાંશ કે હસદ, ચુગલખોરી અને જ્યોતિષપણુ તબાહ કરનાર બીમારીઓ છે. તેમનાથી દૂર રહેવું જરૂરી છે એટલા માટે કે તેમનાથી ફસાદના કેટલાય દરવાજા ખુલે છે.

હઝરત ઉમર ફારૂક્‌ رضی اللہ عنہ વિશે વર્ણન થયેલ છે કે આપ એકવાર કઅબ અહબાર (જે એક મોટા યહૂદી આલિમ હતા અને બાદમાં ઈસ્લામ લાવ્યા તેમના)થી પૂછયું કે તમે તવરાતમાં સૌથી મોટો ગુનોહ કયો પઢયો છે ? તેમણે જવાબ આપ્યો, ચુગલખોરી. હઝરત ઉમર ફારૂક્‌ رضی اللہ عنہએ ફર્માવ્યું, શું તેનો ગુનોહ કતલના ગુનાહથી પણ અધિક ભયાનક છે ? તેમણે કહ્યું : કત્લ પણ ચુગલખોરીથી જ થાય છે અને બીજી બુરાઈઓ પણ તેમનાથી જ પેદા થાય છે.

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૪૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હું મુસલમાન થઈને



# કુર્આન વિશે શું જાણું છું ?!

હપ્તો ૦૪

**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## કુર્આનની કિતાબત (લેખનકાર્ય)

હુઝૂરે અન્વર ﷺએ પોતાના મુબારક સમયમાં કેવળ કુર્આનના હિફ્ઝ થકી જ કુર્આનની હિફાઝતની ખાસ વ્યવસ્થા નથી કરી બલ્કે તેની સાથોસાથ કુર્આનની કિતાબત માટે પણ આપે ખાસ વ્યવસ્થા કરી હતી. અને પોતાની ઉમ્મતને એના માટે પણ ખાસ હિદાયત કરી હતી. એટલે રિસાલતકાળમાં વહીયે ઈલાહી અથવા કલામે ઈલાહીને ન કેવળ શબ્દે શબ્દ યાદ કરવામાં આવતુ હતું બલ્કે તેને કિતાબી સ્વરૂપમાં પણ મહેફૂઝ કરવામાં આવતુ હતું. આ રીતે કલામુલ્લાહની બમણી હિફાઝત કરવામાં આવતી હતી. એક મક્તૂબ (લખેલ) બીજુ મલ્ફૂઝ (મૌખિક યાદ કરેલ) કુર્આન. અને જાહેર છે કે જે ચીજ આ રીતે મહેફૂઝ કરવામાં આવે તો ન એમાં ગલતીની શક્યતા રહી શકે છે ન તેમાં ફેર બદલની શક્યતા રહેશે. વિવિધ હદીષોથી માલૂમ પડે છે કે હુઝૂરે અન્વર ﷺ કુર્આને પાકની કિતાબત (લખાણ કરવા)ની ખાસ વ્યવસ્થા કરતા હતા. જેમ કે હદીષોની રિવાયતથી જાણવા મળે છે કે રવિવાર રબીઉલ અવ્વલ નબવી સન ૪૦ના રોજ બીજી વહી નાઝિલ થઈ અને જુમેરાતના રોજ ખાલિદ બિન સઈદ ઈસ્લામથી પાવન થયા અને તેમના થકી હુઝૂર ﷺએ કિતાબત શરૂ કરાવી. એ રીતે વહીના નુઝૂલથી ચોથા દિવસે કિતાબત શરૂ થઈ જે કુર્આનના ઉતરાણના ખત્મ થતા સુધી ચાલુ રહી.

*(સહીહ બુખારી, ૩/૭૬૧, જામેઅ તિર્મિઝી, ૨/૧૨૪)*

એ જ પ્રમાણે એક અન્ય રિવાયતમાં છે કે, "હઝરત ઝયદ બિન ષાબિત આપના પડોશમાં રહેતા હતા. જ્યારે વહી આવી તો તરત જ તેમને બોલાવી લેતા અને જે કાંઈ નાઝિલ થતું લખાવી લેતા."

*(સુનને અબૂ દાઊદ)*

એટલુ જ નહીં બલ્કે લખાવ્યા બાદ પઢાવીને સાંભળતા અને જો ગલતી હોતી તેની સુધારણા કરતા. પછી લોકોને નક્લ કરવા માટે આપતા.

*(મજમઉઝ્ ઝવાઈદ, ૧/૬૦)*

સહાબાએ કિરામ કુર્આનને કઈ ચીજ પર લખતા હતા અને કેવી રીતે મહેફૂઝ કરતા હતા એના સંબંધે ફત્હુલ બારીમાં છે કે :

كانو يكتبون المصحف في الرق و يجعلون له دفتين من خشب

"સહાબીઓ કુર્આનને પાતળા ચામડા પર લખતા હતા અને તેને બે પડવાળાં પુઠ્ઠાંઓમાં રાખી દેતા હતા. અને એ રીતે રાખતા હતા કે જ્યારે કોઈ આયત નાઝિલ થતી તો એ હિદાયત કરવામાં આવતી કે ફલાણી ફલાણી સૂરતમાં ફલાણી ફલાણી આયત પછી એને લખવામાં આવે, તો લખી લેવામાં આવતી હતી.

*(ફત્હુલ બારી, ભાગ : ૯, અલ્ઈત્ક઼ાન, ૧/૧૪૪, ૧૪૫)*

ટૂંકમાં એ કે હુઝૂરે અન્વર ﷺએ નુઝૂલની સાથોસાથ વહીની કિતાબત (લેખિત કરવા)ની ખાસ વ્યવસ્થા રાખી અને જેમ જેમ વહી નાઝિલ થતી ગઈ તેમ તેમ ઘણી જ કાળજીપૂર્વક અને ધ્યાનપૂર્વક તેની

Web : www.barkatekhwaja.net

કિતાબતનો ક્રમ ચાલુ રાખ્યો. અને આ મહાન જિમ્મેદારીના માટે ખૂબ જ લાયક તથા કાબેલ વિશ્વસનીય વહીના કાતિબો (લખનારા) પસંદ કરવામાં આવ્યા. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ જે સહાબાએ કિરામથી કુર્આનની આયતો અને સૂરતોની કિતાબત કરાવી તેમની સંખ્યા ચાલીસથી અધિક છે. જેમનામાં નીચે પ્રમાણે કાતિબ સહાબીઓ ખાસ કરીને ઉલ્લેખનીય છે :–

(૧) હઝરત અબૂબક્ર સિદ્દીક઼ (૨) હઝરત ઉમર ફારૂક઼ (૩) હઝરત ઉષ્માને ગની (૪) હઝરત મૌલા અલી (૫) હઝરત ઝુબેર ઈબ્ને અવામ (૬) હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ (૭) હઝરત અમીર મુઆવિયહ (૮) હઝરત ઝયદ બિન ષાબિત (૯) હઝરત ખાલિદ બિન વલીદ (૧૦) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા (૧૧) હઝરત અમ્ર ઈબ્ને આસ (૧૨) હઝરત અબૂ ઐયૂબ અન્સારી (૧૩) હઝરત હુઝૈફા બિન ઈલ્યાસ (૧૪) હઝરત ઉબય ઈબ્ને કઅબ (૧૫) હઝરત તલ્બા બિન ઓબૈદુલ્લાહ (૧૬) હઝરત ષાબિત બિન ક઼ૈસ (૧૭) હઝરત ખાલિદ બિન સઈદ (૧૮) હઝરત અબૂ સુફયાન ઈબ્ને હરબ (૧૯) હઝરત યઝીદ બિન અબૂ સુફયાન (૨૦) હઝરત શરજીલ બિન હસના (૨૧) મુહમ્મદ બિન મુસ્લિમ અન્સારી (૨૨) મુગીરા બિન શઅબા (૨૩) અરકમ બિન અરકમ મખ્ઝૂમી (૨૪) અબ્દુલ્લાહ બિન ઝયદ (૨૫) અબ્દુલ્લાહ બિન અરકમ કર્શી. رضوان اللہ تعالیٰ علیہم اجمعین *(આખરી પયગામ, પેજ : ૪૭, ૪૮)*

જાણવા મળ્યું કે કુર્આન મજીદની કિતાબતનો ક્રમ શરૂથી જ ચાલુ થઈ ગયો હતો. અને કાતિબો થકી કલામે ઈલાહી શરૂથી જ કિતાબી સ્વરૂપમાં સુરક્ષિત થતો જઈ રહ્યો હતો. હુઝૂરે અન્વર ﷺ કુર્આનની આયતો તથા સૂરતોના નુઝૂલ બાદ જેવી રીતે કાતિબ સહાબીઓને લખવાનો હુકમ આપ્યા કરતા હતા તેવી જ રીતે એ પણ નિર્દેશ કર્યા કરતા હતા કે ક્યા શબ્દને કેવી રીતે લખવાનો છે, અને કઈ સૂરત અને કઈ આયતને કઈ જગાએ કોનાથી પહેલાં તથા કોના બાદ રાખવાની છે. જેમ કે હદીષ શરીફમાં છે કે :

كان النبى ﷺ مماتنزل على الأيات فيدعو بعض من يكتب له ويقول له : ضع هزه الأية فى السورة التى يذكر فيها كذا و كذا

"જ્યારે હુઝૂરે અકરમ ﷺ પર આયત નાઝિલ થતી તો કોઈ કાતિબે વહીને (વહી લખનારને) બોલાવતા અને ફર્માવતા કે આ આયતને ફલાણી સૂરતમાં લખો." (દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, પેજ : ૩૩૬), એ જ પ્રમાણે એક બીજી હદીષમાં છે કે :

فقال جبرئيل لنبى ﷺ ضعها على رأس مأتين ثمانين من سورة البقرة

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે જ્યારે સૂરએ બક઼રહની એક આયત નાઝિલ થઈ તો જિબ્રઈલ علیہ السلام એ રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી કે અને સૂરએ બક઼રહની આયત નં. ૨૮૯ પછી રાખી દો."

*(અલ્ ઈત્ક઼ાન ફી ઉલૂમિલ કુર્આન, ૧/૧૪૪, ૧૪૫)*

આ રીતે વર્ણવેલ હદીષોથી જાણવા મળે છે કે કુર્આન મુક઼દ્દસની ગોઠવણીનો ક્રમ તૌફીક઼ી તથા અલ્લાહ તરફથી છે અને રિસાલતના દૌરમાં નુઝૂલે કુર્આનની પૂર્ણતાને સાથે કુર્આનની કિતાબત પણ સંપૂર્ણ થઈ ગઈ હતી. જેમ કે મુબારક હદીષોથી એનો ખૂબ જ સ્પષ્ટ તથા સાફ અંદાઝમાં ષબૂત મળે છે કે રિસાલતકાળમાં કુર્આને પાક સંપૂર્ણ કિતાબી સ્વરૂપમાં મન્ઝરે આમ પર આવી ગયું હતું. હઝરત મૌલા અલી رضی اللہ عنہ ફર્માવે છે :

web.www.barkatekhwaja.net

ان القرآن کان مجموعا مؤلفا علی عہد النبی ﷺ

"બેશક ! કુર્આન મજીદ રસૂલુલ્લાહ ﷺના જમાનામાં બાકાયદા જમા કરેલું, ક્રમ આપેલું મૌજૂદ હતું." *(દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, ૧૬/૩૪)*

ઈમામ નવવી ફર્માવે છે :

ان القرآن کان مؤلفا فی زمن النبی ﷺ ما هو فی المصاحف الیوم

"કુર્આન પાક નબવી કાળમાં એ અંદાઝથી ક્રમસર ગોઠવવામાં આવેલ હતું જે પ્રમાણે ક્રમસર આજે તે મુસ્હફમાં મૌજૂદ છે."

*(દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, ૧૬/૩૪૦)*

તફસીરે મજમઉલ બયાનમાં છે :

ان القرآن کان علی عہد النبی ﷺ مجموعا مؤلفا علی ماهو علیه الآن۔

"નબવીકાળમાં કુર્આન મજીદ બિલ્કુલ આ જ પ્રમાણે સંગ્રહ પામેલ તથા ગોઠવાયેલ હતું જેવી રીતે આજે છે. *(દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, ૧૬/૩૪૦)*

હુઝૂરે અન્વર ﷺના સમયમાં એક કુર્આન નહીં બલ્કે હદીષોથી જાણવા મળે છે કે વિવિધ નુસ્ખા મૌજૂદ હતા. અને એનું એક કારણ એ હતું કે આપે જોઈને કુર્આને પાકની તિલાવત કરવાની સખત તાકીદ કરી અને બીજુ અજરની બશારત આપી. *(અલ્ઈત્કાન, ૨/૧૮)*

અમુક રિવાયતોથી માલૂમ પડે છે કે હુઝૂરે અન્વર ﷺના મુબારક સમયમાં મસાહિફે કુર્આન (કુર્આન નુસ્ખાઓ) એટલા અધિક પ્રમાણમાં થઈ ગયા હતા કે તે ઘરોમાં લટકાવવામાં આવતા હતા, જેના પર આપે ટીકા કરી અને ફર્માવ્યું, لا تغرنکم هٰذا المصاحف المعلقه લટકાવેલ કુર્આનોથી તમે ધોકામાં ન પડી જશો."

*(કન્ઝુલ ઉમ્માલ, સુનનુલ અક્વાલ વલ્આ'માલ, હિ.સ. ૧૩૧૨, ૧/૧૩૪ હૈદ્રાબાદ દક્કન)*

એના ઉપરાંત આપણે વાત કરીએ સિદ્દીકના યુગની તો મોઅત્તા ઈમામ માલિકની રિવાયતના પ્રમાણે એ યુગમાં કાગળો પર કુર્આન ભેગુ કરવામાં આવ્યું. જેમ કે મોઅત્તા ઈમામ માલિકમાં છે : جمع ابو بکر القرآن فی قراطیس "હઝરત અબૂબક્રે કુર્આને પાક કાગળો પર જમા કર્યું."

સહીહ બુખારી શરીફના પ્રમાણે ખુદ હુઝૂરે અન્વર ﷺની પાસે કુર્આન કિતાબી સ્વરૂપમાં મૌજૂદ હતું જેને જોઈને સહાબાએ કિરામ અન્ય નુસ્ખાઓ નકલ કરતા તથા ક્રમવાર ગોઠવતા અને સુધારણા કર્યા કરતા હતા. બુખારી શરીફની એક લાંબી હદીષ છે જેનો ભાવાર્થ આ પ્રમાણે છે :–

"યૂસુફ ઈબ્ને માલિકનું બયાન છે કે હું હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની ખિદમતમાં મૌજૂદ હતો એવામાં એક ઈરાકી આવ્યો, અને અર્ઝ કરી, یا ام المؤمنین ارینی مصحفک હે ઉમ્મુલ મો'મિનીન ! મને આપનુ કુર્આન તો બતાવો ! ફર્માવ્યું, ભલા ! શા માટે ? અર્ઝ કરી, જેથી કુર્આન મજીદની ગોઠવણી દુરુસ્ત કરી લઉં, કેમ કે લોકો ક્રમ વિરુદ્ધ પઢે છે." قال فاخرجت له المصحف فاملت علی آی السورة રાવીનું બયાન છે કે પછી આપે મુસ્હફ કાઢયું અને તેને સૂરતોનો ક્રમ લખાવી દીધો."

*(સહીહ બુખારી શરીફ (ઉર્દૂ), પેજ : ૩૭, બાબુ તાલીફુલ કુર્આન, ૨/હદીષ : ૨૧૦૧)*

એ જ પ્રમાણે એક બીજી રિવાયત છે : અબ્દુલ અઝીઝ બિન રફીઅ અને શદ્દાદ બિન મઅકલે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી પૂછયું કે શું નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ કોઈ ચીજ છોડી ? તેમણે ફર્માવ્યું કે જે કાંઈ "દફતૈન" એટલે બે પુટ્ઠાઓની વચ્ચે (કુર્આનના સ્વરૂપે) છે તેના સિવાય હુઝૂરે કાંઈ નથી છોડયું. તેઓ ફર્માવે છે કે પછી અમો ઈમામ

Web. www.barkatekhwaja.net

મુહમ્મદ બિન હનીફાની ખિદમતમાં હાજર થયા અને તેમને સવાલ કર્યો તો તેમણે ફર્માવ્યું કે કુર્આની સંગ્રહના સિવાય હુઝૂરે બીજુ કાંઈ નથી છોડયું.

*(બુખારી શરીફ–ઉર્દૂ, ૩/૩૭, બાબુ બયનુદ્દફતૈન, હદીષ : ૧૧)*

હુઝૂરે અકરમ ﷺના મુબારક સમયમાં કયા કયા સહાબાએ કિરામે કુર્આનને કિતાબી સ્વરૂપમાં સંપાદિત કરવાની મહાન ખિદમતો અંજામ આપી એને પણ હદીષ શરીફમાં ખૂબ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી દેવામાં આવેલ છે.

હઝરત કતાદાએ હઝરત અનસ رضی اللہ عنہથી પૂછયું કે નબી અકરમ ﷺના મુબારક જમાનામાં કુર્આને કરીમને કોણે જમા (એકત્ર) કર્યું હતું ? તેમણે કહ્યું કે ચાર હઝરાતે અને ચારેવ અન્સાર હતા. એટલે હઝરત ઉબય ઈબ્ને કઅબ, મઆઝ ઈબ્ને જબલ, ઝયદ ઈબ્ને ષાબિત તથા અબૂ ઝયદ (સઅદ બિન ઓબૈદ). رضوان اللہ تعالیٰ علیہم اجمعین *(બુખારી શરીફ–ઉર્દૂ, ૨/૯૯૬, બાબુલ કુર્રા મિન અસ્હાબિન્નબી, હદીષ : ૨૧૧૧)*

રજૂ કરેલ હદીષો ઉપરાંત ખુદ અલ્લાહના મુકદસ કલામ કુર્આન મજીદથી પણ એ સાબિત થાય છે કે કુર્આને હકીમ રિસાલતકાળમાં લખવામાં આવ્યું.

જેમ કે કુર્આને કરીમમાં અલ્લાહ عزوجل تعالیٰ ઈર્શાદ ફર્માવે છે :

فی صحف مکرمة مر فوعة مطهرة بايدی سفرة کرام برة

"આ કલામ તે સહીફાઓમાં કે જે ઈજ્જતવાળા છે, બુલંદીવાળા, પાકીવાળા એવાઓના હાથે લખવામાં આવેલ જેઓ કરમવાળા ભલાઈવાળા."

*(સૂરએ અબસ, આ. ૧૩ થી ૧૬)*

والطور و کتب مسطور فی رق منشور "તૂરની કસમ! અને આ લખેલાની કસમ ! જે ખુલ્લા દફતરમાં લખેલ છે." *(સૂરએ તૂર, આ. ૧ થી ૩)*

انه لقرآن کریم فی کتب مکنون "બેશક ! આ ઈજ્જતવાળુ કુર્આન સુરક્ષિત છે લખેલી સ્થિતિમાં."

*(સૂરએ વાકિઆ, આ. ૭૭, ૭૮)*

ઉપરોક્ત વર્ણવેલ મુબારક આયતોનો અંદાઝ બતાવી રહેલ છે કે હુઝૂરે અન્વર ﷺના મુબારક યુગમાં કુર્આન કિતાબી સ્વરૂપમાં આવી ગયું હતું એ રીતે સાબિત થાય છે કે રિસાલતકાળમાં કુર્આન ન કેવળ એ કે સહાબાએ કિરામના સીનાઓમાં મહેફૂઝ હતું બલ્કે તેમના થકી કિતાબી સ્વરૂપમાં કાગળના પૃષ્ઠો પર પણ લખાયેલ હતું. આપના મુબારક સમયમાં જેવી રીતે કુર્આનના ઘણા હાફિઝો તથા કારીઓ મૌજૂદ હતા તેવી જ રીતે ઘણી મોટી સંખ્યામાં કાતિબો પણ મૌજૂદ હતા. (દાઈરતુલ મઆરિફે ઈસ્લામિયા, પેજ : ૩૪૩ થી ૩૪૬) જે વિગત આપ સીરત વગેરેની કિતાબોમાં જોઈ શકો છો. અને આજે પણ એ જ પ્રમાણે મહેફૂઝ છે. એના અનુસંધાનમાં "સ્વામી વિવેકાનંદે" કેટલી સરસ વાત કહી છે.

"૧૮૯૧ની ફેબ્રુઆરીમાં એક દિવસે સ્વામી (વિવેકાનંદ) જિ. અલ્વર, રાજસ્થાન પહોંચ્યા જયાં હિંદુઓ તથા મુસલમાનોએ ભેગા મળીને તેમનું સ્વાગત કર્યું. ત્યાંના એક મુસ્લિમ આલિમને સ્વામીજીએ કહ્યું હતું કે કુર્આનના બારામાં એક ઘણી મજાની વાત એ છે કે પાછલાં ૧૧૦૦ વરસોથી એ જેવું હતું તેવું જ છે. આ ગ્રંથ (ધાર્મિક પુસ્તક)નું સ્વરૂપ જરા પણ નથી બદલાયું અને તેની અસલિયત તથા હકીકતમાં કોઈ ફરક નથી આવ્યો."

*(વિવેકાનંદ એક જીવની હિંદી, પેજ : ૩૩૦, સ્વામી નખલાનંદ સ્વામી વદીહાત્માનંદ)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**




હપ્તો : ૦૫

**લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી**

*(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)*

**અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા**

### ★ ફજરની નમાઝ ★

ઈન્સાન ફિતરતી અને પ્રાકૃતિક રીતે એક હરતું ફરતું શરીર છે એટલા માટે એની તંદુરસ્તીની સલામતી હલન ચલન અને ચાલવામાં જ છે અને નમાઝ આ જ તેહરીકનું નામ છે.

ફજરની નમાઝ એ સમયે પઢવામાં આવે છે જ્યારે રાત પૂરી થવા આવે છે અને એ સમયે માણસ સૂઈને પથારીએથી ઉઠે છે. મેડિકલ સાયન્સ અને તંદુરસ્તીની હિફાઝતનો નિયમ છે કે કોઈ પણ કસરતને કરવા માટે પહેલાં ધીરે ધીરે શરૂઆત કરે પછીથી ઝડપ વધારે ત્યાં સુધી કે દોડનાર માટે પણ એ જરૂરી છે કે એમાં પહેલાં ધીરે ધીરે પછી ઝડપથી અને પછી એકદમ તેજ ગતિમય બની જાય.

જો હવે માણસ સવારે ઊઠતાં જ સત્તર (૧૭) રકાતની નમાઝ પઢે તો એના શરીરની તંદુરસ્તી પર અસર પડશે અને એના અંગો ઘણા જલ્દી અશક્તિના શિકાર થઈ જશે. કેમ કે સવારે ઊઠતી વખતે પેટ ખાલી હોય છે એટલા માટે એમને આ રીતે કસરત આપવામાં આવે તો આવી હાલતોમાં સખત મહેનત અને વધારે ઉઠવા બેસવાથી થાકી જશે એટલા માટે અલ્લાહુ રબ્બુલ ઈઝ્ઝતે સવારની નમાઝ ઘણી થોડી રાખી છે.

ડોકટર કોસ્ટો કહે છે કે, સવારે મોડે સુધી માણસ સૂએ તો આંતરડાનો સોઝો, વરમ અને અલ્સરની ખતરનાક બીમારીમાં સપડાઈ જવાનો ભય છે. એટલા માટે ઈસ્લામમાં સવારની નમાઝનો મકસદ માણસને ઈબાદતની સાથે સાથે સફાઈની તરફ લઈ જવું છે. જો સવારે ઊઠીને એણે વુઝૂ કર્યું, દાતણ કર્યું તો એ જંતુઓ જે આખી રાત સુધી મોં માં ફેલતાં પરવરીશ પામતાં રહે છે એને વધારે સમય સુધી પોતાનું કામ કરવાનો મોકો મળતો નથી. એટલા માટે સવારે દિવસનો તડકો નીકળતા પહેલાં ચાલ્યા (મોર્નિંગ વોક) કરો. *(સાઈન્સ અને તંદુરસ્તી)*

### ★ ઝોહરની નમાઝ ★

સવારથી બપોર સુધી માણસ રોજી માટે કોશિશમાં રહે છે. એ દરમિયાન ધૂળ કચરો અને માટીથી એને પાલો પડે છે. અમુક સમયે ઝેરીલા કેમિકલો હવાની સાથે ખુલ્લા અંગો ચેહરા અને હાથો પર લાગી જાય છે જે વધારે વાર સુધી લાગેલા રહે તો અંત્યત નુકસાનકારક સાબિત થાય છે. તો આવી પરિસ્થિતિમાં માણસ જ્યારે નમાઝના માટે વુઝૂ કરે છે તો એના પરથી તમામ ગંદકી અને થાક દૂર થઈ જાય છે.

વૈજ્ઞાનિક સંશોધન પ્રમાણે સૂરજની તીવ્રતા જે બપોરથી શરૂ થાય છે તો જમીનની અંદરથી એક ગેસ નીકળે છે. એ ગેસ એટલા પ્રમાણમાં ઝેરી હોય છે કે જો માણસની ઉપર અસર કરી જાય તો તેને જાત જાતની બીમારીઓમાં સપડાવી દે છે. દિમાગની વ્યવસ્થા એવી રીતે વેરવિખેર થઈ જાય છે કે માણસ પાગલપણાનું ગુમાન કરવા લાગી જાય છે. જ્યારે કોઈ બંદો માનસિક રીતે ઈબાદતમાં મશગૂલ થઈ જાય છે તો એને નમાઝની નૂરાની લહેરો ખતરનાક ગેસથી બચાવી શકે છે અને નમાઝની નૂરાની લહેરોથી એ ગેસ બેઅસર થઈ જાય છે.

web: www.barkatekhwaja.net

### ★ અસરની નમાઝ ★

ફિલોસોફરો અને વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સવારથી બપોર સુધી જમીનમાં હિલચાલ પૈદા થાય છે અને એ હિલચાલ બપોરે ઝવાલ પછી ઓછી થઈ જાય છે. અને પછી ધીરે ધીરે એ હિલચાલ અસરના સમય સુધી એટલી ઓછી થઈ જાય છે કે હોશ પર દબાણ પડવા લાગે છે. માણસો, જાનવરો, પશુપંખીઓ બધાની ઉપર દિવસની અનુભૂતીને બદલે રાતની અનુભૂતીનો દરવાજો ખુલવાનો શરૂ થઈ જાય છે અને સમજ (હોશ) મંદ પડવા લાગે છે. દરેક માણસની સમજ શકિત એ વાતને અનુભવે છે કે અસરના સમયે એની ઉપર એવી હાલત ચાલુ થઈ જાય છે કે જેને કારણે એ થાક તથા બેચેની અનુભવે છે. અસરની નમાઝ સમજને એ હદ સુધી બેચૈન થવાથી રોકે છે જેનાથી દિમાગ પર ખરાબ અસરો થવાનો અંદેશો હોય છે. વુઝૂ અને અસરની નમાઝ કાયમ કરવાવાળા બંદાની સમજ શક્તિમાં તાકાત આવી જાય છે.

### ★ મગરિબની નમાઝ ★

આદમી પોતાના કામથી એ વાતનો શુક્ર અદા કરે છે કે અલ્લાહ તઆલાએ રોજી આપી છે. ધંધાથી એની અને એના બાળકોની જરૂરિયાતો પૂરી થાય છે એટલા માટે શુક્રના જઝબાથી તે ખુશખુશાલ થઈ જાય છે. અને જયારે તે પોતાના ઘરવાળાઓની સાથે સંતોષકારક ચહેરા સાથે વાતચીત કરતો હોય છે તો એની અંદરની રોશનીઓ (લહેરો) બાળકોમાં ડાયરેકટ પહોંચી જાય છે. અને એ રોશનીઓથી ઔલાદના દિલમાં માં બાપની ઈજ્જત અને વકાર કાયમ થઈ જાય છે અને એમની અંદર માં બાપની મહોબ્બતનો જઝબો પેદા થઈ જાય છે.

### ★ ઈશાની નમાઝ ★

માણસ સ્વભાવિકપણે લાલચી હોય છે અને જયારે તે દુનિયાના કામ કાજથી નવરો થઈને પોતાના ઘરે આવે છે તો તે ખાવા ખાય છે અને સ્વાદ તથા લાલચમાં આવી વધારે ખાઈ લે છે. હવે જો એ ખાવા ખાધા પછી સૂઈ જાય તો ખાવા હજમ ન થવાને કારણે આંતરડાઓ બગડી જશે અને બદ્હજમીમાંથી જાત જાતની બીમારીઓ જન્મ લે છે. એવી રીતે તરત જ સૂવાથી જાત જાતની બીમારીઓમાં સપડાઈ જશે. અને જો ઈશાની નમાઝ પઢીને સૂઈ જશે તો જેવી રીતે સવારે ઉઠતાં જ ફજરની નમાઝની કસરત કરી હતી એવી રીતે સૂતી વખતે ઈશાની નમાઝથી એને કસરત મળી જશે જેના કારણે તે સંતોષ અને આરામની ઊંઘ લેશે.

હવે તો મેડિકલ સાયન્સ પણ સૂતા પહેલાં કસરત પર ભાર આપે છે. અને ખૂદ ડોકટરોનું કહેવું છે કે સૂતી વખતે નમાઝથી શ્રેષ્ઠ અને વિશેષ કોઈ કસરત જ નથી.

### ★ જમાઅત (સમુહ ભાવના) અને સોશ્યલોજીસ્ટ ★

એક બેહતરીન તંદુરસ્ત પાક સાફ માહોલના માટે જરૂરી છે કે એમાં રહેવાવાળા બધા માણસો અંદરો અંદર પ્યાર મહબ્બતથી રહે અને એક બીજાના સુખ દુઃખમાં ભાગીદાર થાય અને બધા પાક સાફ રહે જેથી સમાજનો દરેક માણસ એકબીજાથી મહબ્બત તથા હમદર્દી રાખે.

આજનો સોશ્યાલોજીસ્ટ જયારે માણસના સામાજિક જીવનના વિશે વાતચીત કરે છે તો પહેલી વાત એ જ કહે છે કે માણસ એક સામાજિક પ્રાણી છે એટલે તે બીજા માણસોની સાથે હરીમળીને રહેવા પર મજબૂર છે. અને આ જ વાત ઈસ્લામ ભાર આપીને કહે છે કે ઈસ્લામમાં સાધુત્વ અને સન્યાસ નથી અને સમાજમાં રહીને બધાએ સમાજની સામુહિક

પધ્ધતિઓ પર જીવવું જોઈએ. હુઝૂર ﷺનો ઈર્શાદે પાક છે કે તમામ મુસલમાન એક શરીરની જેમ છે, જ્યારે એક ભાગને તકલીફ પડે છે તો આખું શરીર તકલીફ અનુભવે છે.

આ સમુહભાવનાને નજર સામે રાખતાં દિવસમાં પાંચવાર સખત તાકીદની સાથે જમાઅતની સાથે નમાઝ અદા કરવાનો હુકમ આપ્યો છે અને જણાવ્યું કે જમાઅતની સાથે નમાઝનો સવાબ એકલા નમાઝ પઢવા કરતાં **૨૭** ઘણો વધારે છે. અને એ એટલા માટે કહેવામાં આવ્યું જેથી મુસલમાન એક જગા ભેગા થાય અને એક બીજાની સાથે વાતચીત કરી શકે, એકબીજાના સુખ અને દુઃખને જાણી શકે અને એને હલ કરી શકે.

હુઝૂર ﷺના જમાનામાં અને સહાબીના જમાનામાં મસ્જિદો જ ઈજતેમાઈ, મઝહબી, સિયાસી અને અખલાકી કામના માટે મશ્વરાનું સ્થળ (ઈસ્લામી પાર્લામેન્ટ) અને નિખાલસ માર્ગનો ઝરિયો હતી એટલા માટે દરેક મુસલમાન સુસ્તી વગર અને બહાના વગર શરીક થવાને જરૂરી જાણતો હતો. અને આજે આપણે જ્યારે કોઈ મસ્અલાના હલના માટે મસ્જિદોમાં ભેગા થઈએ છીએ તો અંદરો અંદર ખૂબ લડવા ઝઘડવાનું અને શોર મચાવવાનું શરૂ કરી દઈએ છીએ. યાદ રાખો ! મસ્જિદનો એહતેરામ દરેક મુસલમાન પર ફર્ઝ છે.

## ★ નિય્યત બાંધવી ★

વૈજ્ઞાનિકોનું કહેવું છે દિમાગમાં કરોડો તંતુઓ કામ કરે છે. અને તંતુઓમાં ગરમી દોડતી રહે છે. દિમાગમાં કરોડો તંતુઓની જેમ કોશો પણ હોય છે જેમાં વીજળીક ગતિ ફોટો લેતી રહે છે અને વહેંચતી રહે છે. એ ફોટો અતિશય બારિક અથવા અતિશય ચમકદાર હોય છે.

એક બીજુ ખાનું છે જેમાં અમુક મહત્વની વાતો હોય છે. એ જરૂરી વાતોમાં એ જરૂરી વાતો પણ હોય છે જેને સમજ શક્તિએ ભૂલાવી દીધી હોય છે અને જેને આપણે રૂહાની તાકાતનું નામ આપીએ છીએ. નમાઝી જ્યારે હાથ ઉઠાવીને બંને કાનોની નજીક લઈ જાય છે તો એક ખાસ વીજળી પ્રવાહ પાતળી નસને પોતાનું કન્ડેન્સર (CONDENSOR) બનાવીને દિમાગમાં જાય છે અને દિમાગની અંદર એ ખાનાનાં તંતુઓને ચાર્જ કરી આપે છે જેને સમજશક્તિએ ભૂલાવી દીધાં છે. આ તંતુઓ ચાર્જ થતાં જ દિમાગમાં રોશનીનો એક જોરદાર ઝટકો થાય છે અને એ ઝટકાથી બધા અંગો ઉત્તેજીત થઈને એ કોશોની તરફ ધ્યાનિષ્ટ થઈ જાય છે જેમાં રૂહાની તાકાત છુપાયેલ હોય છે. સાથે સાથે હાથમાં જ્યારે કાનો પરથી હાથ હટાવીને દૂટીની તરફ લઈ જાય છે તો હાથોના કન્ડેન્સરથી દૂટીમાં વીજળીનો સંગ્રહ થઈ જાય છે. અને જ્યારે ષના પઢવામાં આવે છે તો રૂહ પોતાની પૂરી તાકાતની સાથે સિફાતે ઈલાહીયહ્‌માં ગુમ થઈ જાય છે. અને આખી શારીરિક વ્યવસ્થામાં અલ્લાહની સિફતો રોશની બનીને પ્રસરી જાય છે પછી શરીરનો રૂંવો રૂંવો અલ્લાહની તારીફમાં મશગૂલ થઈ જાય છે.

## ★ હાથોનું કાનો સુધી ઉઠાવવું ★

ઈસ્લામી તાલીમાતના પ્રમાણે હાથોને કાનો સુધી ઉઠાવવું સુન્નત છે અને જરૂરિયાતે નમાઝમાં સામેલ છે. પરંતુ મેડિકલ સાયન્સની શોધ છે કે જ્યારે આપણે હાથોને કાનોની બૂટ્ટી સુધી ઉઠાવીએ છીએ તો બાઝુઓ, ગરદનની રગો અને ખભાઓની રગોની કસરત થાય છે. જર્મન ડોકટર કર્ખનું કહેવું છે કે દિલના દર્દીના માટે એવી કસરત ઘણી જ લાભદાયી છે જે નમાઝ પઢવાથી ખૂદ બ ખૂદ થઈ જાય છે અને એ કસરત માણસને ડરથી બચાવે છે. *(ક્રમશઃ)*

# દાસ્તાન પેલેસ્ટાઈનના સોદાગરોની




આ ફેબ્રુઆરી ૧૯૪૫ની વાત છે. જિદ્દા નિયુક્ત અમેરિકન રાજદૂત વિલિયમ એડીને ''ખૂબ જ ગુપ્ત અને ખાસ''ના શિર્ષકથી એક સંદેશ મળ્યો તેમાં કહેવામાં આવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ સઊદી શાસક શાહ અબ્દુલ અઝીઝથી મુલાકાત કરવા માગે છે તેની વ્યવસ્થા કરવામાં આવે. એ મુલાકાતના સમય અને સ્થળની કોઈને પણ ખબર ન હતી. અનેક કારણોસર એ બંનેવ વડાઓની એ બેઠકને એટલી ગુપ્ત રાખવામાં આવી હતી કે જિદ્દામાં તેમની મુલાકાતની વ્યવસ્થાની ખબર ફકત પાંચ લોકોને હતી. શાહ અબ્દુલ અઝીઝ, સઊદી વિદેશ મંત્રી, અમેરિકન દૂતાવાસના ટાઈપિસ્ટ, અમેરિકન રાજદૂત અને તેની પત્ની. અમેરિકન રાજદૂતે સંપર્ક શરૂ કરી દીધો. એલચી કચેરીએ કાર્યવાહી શરૂ કરી આપી. મુશ્કેલી એ હતી કે યહૂદી તરફી ઈસાઈ દેશનો પ્રમુખ સઊદીની ભૂમિ પર આવી શક્તો ન હતો, કેમ કે તે સમયે અરબના મુસલમાનોને હજી એશોઆરામમાં સપડાવવામાં આવ્યા ન હતા. ખાસ કરીને શહેરથી દૂર રહેવાવાળા અરબી કબીલાઓ એ વાતને બિલકુલ સહન કરી શક્તા ન હતા કે ઈસ્લામી દેશની ભૂમિ ઉપર કોઈ એવા ઈસ્લામ દુશ્મન શાસકનો પગ પડે જેમનો હજાર વર્ષો પહેલાં દેશનિકાલ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ શાહ અબ્દુલ અઝીઝ આનાથી પહેલાં કોઈ વિદેશ પ્રવાસ પર ગયા ન હતા. આ તેમની કોઈ ગૈરમુસ્લિમ દેશના રાષ્ટ્રપ્રમુખ સાથે પ્રથમ મુલાકાત હતી. તેમજ એને અમેરિકાના હરીફ બ્રિટનના જિદ્દામાં રહેલા ગુપ્ત એજન્ટોથી છુપાવવાનો પણ હેતુ હતો. (જો કે ત્યાર બાદ બંનેવ દેશો હરીફાઈ ખતમ કરીને મળી સમજીને ખાવા પર સહમત થયા હતા.) જેથી આ મુલાકાત માટે સમુદ્રની વિશાળતાનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

શાહ અબ્દુલ અઝીઝની આદત હતી કે એ વર્ષમાં એકવાર જિદ્દા આવતા હતા. આ દરમિયાન ત્યાંના વહિવટકર્તાઓ સાથે મુલાકાતના ઉપરાંત ગરીબ, જરૂરતમંદોને ઈમદાદ પણ આપતા હતા. જેથી તેમના આગમન પહેલાં એલાન કરવામાં આવ્યું કે, અમેરિકાનું દરિયાઈ યુદ્ધ જહાઝ ''મેરફી'' બંદરગાહ પર આવી રહ્યું છે. મેરફીના આ પ્રવાસને શુભેચ્છા માટે થયેલો જનરલ પ્રવાસ જાહેર કરવામાં આવ્યો. જયારે કે આનાથી પહેલાં અમેરિકન યુદ્ધ જહાઝ બંદરગાહ પર જિદ્દામાં રોકાયું ન હતું. જહાઝની વાપસીનું એલાન ૧૨ ફેબ્રુઆરીના કરવામાં આવ્યું અને તેનાથી એક દિવસ પહેલાં એટલે કે ૧૧ ફેબ્રુઆરી ૧૯૪૫ના આ યુદ્ધ જહાઝનો કેપ્ટન તથા ફર્સ્ટ ઓફિસર, શાહ અબ્દુલ અઝીઝને જિદ્દાહમાં તેમના મહેલમાં સલામ કરવા ગયો, અને તે દરમિયાન વાપસીનો બધો જ કાર્યક્રમ નક્કી થયો. તે જ દિવસે અમેરિકન રાજદૂતે જહાઝના સ્ટાફ સિવાય જિદ્દામાં રહેતા ૧૪૫ લોકોને વિદાય કરતાં રાત્રિ ભોજન કરાવ્યું. અને જહાઝની વાપસીનું એલાન કરવામાં આવ્યું. બીજી બાજુ શાહના તરફથી બે શહઝાદાઓ સાથે સફરની તૈયારીઓ સંપૂર્ણ થઈ ગઈ હતી. જહાઝની રવાનગીના દિવસે શાહી મહેલ તરફથી એલાન થયું કે શાહ મક્કા મુકર્રમા પાછા જઈ રહ્યા

☞ રજૂકર્તા : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ *(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*



Web: www.barkatekhwaja.net

છે. શાહના કાફલાની ગાડીઓ મહલથી મક્કા મુકર્રમા તરફ પાછી ફરી પરંતુ તેમને રસ્તામાં એકદમ (અચાનક) હુકમ આપવામાં આવ્યો કે બંદરગાહ તરફ જાય. સાથે જ શાહ વલી અહદ (રાજકુંવર) શહઝાદા સઊદ બિન અબ્દુલ અઝીઝને ટેલીગ્રામ રવાના કર્યો કે તે બીજો હુકમ આવતા સુધી દેશની વ્યવસ્થા સંભાળે અને શહઝાદા ફૈસલ બિન અબ્દુલ અઝીઝ (જે પાછળથી શાહ ફૈસલના નામથી સઊદી અરબના શાસક બન્યા. અને તેમના ઈન્કેલાબી (ક્રાંતિકારી) વિચારોના કારણે રાષ્ટ્રના દુશ્મનોએ અરબસ્તાન પર પોતાનું વર્ચસ્વ કાયમ રાખવા માટે તેમને કતલ કરાવ્યા) બોલાવી દેશથી બહાર જવાની ખબર આપી અને તેમને હિજાઝમાં વ્યવસ્થા યથાવત રાખવાની સૂચના આપીને એક યાદી સોંપવામાં આવી જેમાં તેમની સાથે જનારા લોકોનાં નામો હતાં. અમેરિકન રાજદૂતને ઉપરથી ઓર્ડર હતો કે બાદશાહની સાથે ખૂબ જ ઓછા લોકો હોવા જોઈએ. ચાર હૈસિયત ધરાવનારા સાહેબો અને તેમની સાથે વધારામાં વધારે ૮ બોડીગાર્ડ અને સેવા કરવાવાળા એટલે કે બાદશાહના સિવાય ટોટલ ૧૨ લોકો હોય. પરંતુ જ્યારે બાદશાહનો કાફલો બંદરગાહ પર પહોંચ્યો તો ૪૮ લોકો, ૧૦૦ બકરીઓ અનેક મણના હિસાબથી શાકભાજી, ખોરાક વગેરે હતું. શાહનો ઈરાદો પોતાના અમેરિકન મહેમાનોનું ભોજન સમારંભ (મહેમાન નવાજી) કરવાનો હતો, પરંતુ કેપ્ટન કમાંડર કેરીંગે શાહના પ્રતિનિધિ નાણામંત્રી શેખ અબ્દુલ્લાહ સુલેમાનને બતાવ્યું કે વહાણ પર ખાસ નિયમોને કારણે સાદુ ખાણુ આપવામાં આવે છે. તેના ઉલ્લઘંનની સજા જેલ છે. શાહે તેને માન્ય રાખ્યું અને ફકત ૭ બકરીઓ જહાઝ પર ચઢાવવામાં આવી. શાહ અબ્દુલ અઝીઝના પહોંચતાં જ "મેરફી"એ કિનારો છોડયો અને સુએઝ નહેર તરફ રવાના થયા. ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૫ની સાંજે સાડા ચાર વાગ્યાનો સમય હતો. સૂરજ સમુદ્રના કિનારે ક્ષિતિજમાં ડૂબવા જઈ રહ્યા હતો, જહાજના મુસાફરો જંગના સાધનોનું અવલોકન કરી રહ્યા હતા અને સહેલગાહથી આનંદ ઉઠાવી રહ્યા હતા. પરંતુ **કોને ખબર હતી કે એ સફરનો અંત કેટલાક એવા કરારોથી થશે જે ઈસ્લામી આલમને પોતાના હરીફોથી કેટલાય સેંકડો વર્ષ પાછળ ધકેલી દેશે.** બાદશાહની સાથે તેમના ભાઈ શહેઝાદા અબ્દુલ્લાહ, બે પુત્રો શેહઝાદા મુહમ્મદ બિન અબ્દુલ અઝીઝ અને શેહઝાદા મન્સૂર બિન અબ્દુલ અઝીઝ તેમના સિવાય તેમનો ચિકિત્સક, ખાસ સલાહકાર તથા ખગોળશાસ્ત્રી માજિદ બિન હયક્લા પણ હતો, જે નમાઝના સમયે કિબ્લાની દિશા દર્શાવતો હતો. આ એક મોટો સિતમનો મામલો રહ્યો કે સઊદી હુકમરાન નમાઝ, તિલાવત અને હરમૈનની ખિદમતની વ્યવસ્થા તો ઘણી જ કર્યા કરે છે પરંતુ એ વાતથી બેદરકાર રહે છે કે શઆએરુલ્લાહ (અલ્લાહની નિશાનીઓ)ની તા'ઝીમ તેમના એહતેરામથી વધારે તેમની હિફાઝતમાં છુપાયેલી છે. અને આ હિફાઝત જેહાદ ફીસબીલિલ્લાહની સારામાં સારી તૈયારી વિના શક્ય નથી. હવે એ વાતને જોઈ લો કે જહાઝના ઉપરના ભાગમાં દિશાના નિષ્ણાતના માર્ગદશનથી નમાઝ પઢાઈ રહી હતી, જ્યારે કે **જહાઝની અંદર બેઠક રૂમમાં મુસલમાનોની સફેદ નસ કાફિરોના અંગૂઠા નીચે આપવાનો બંદોબસ્ત થઈ રહ્યો હતો.** રાત સમુદ્રની લહેરો પર જહાઝનો આ સફર બે રાતો અને એક દિવસ સુધી ચાલ્યો. જે સમયે જિદ્દાથી આ જહાઝ નીકળી રહ્યું હતું, તે સમયે માલ્ટાની બંદરગાહથી એક બીજુ જહાજ નીકળી રહ્યું હતું. ખાસ રીતે તૈયાર કરવામાં આવેલ "કોઈન્સી" નામના જહાઝમાં અમેરિકાનો રાષ્ટ્ર પ્રમુખ રૂઝવેલ્ટ સવાર હતો. મેરફીમાં મુસલમાનોના બાદશાહ તરફથી અમેરિકન અધિકારીઓની મહેમાન નવાઝી (ભોજન સમારંભ) થઈ રહી હતી. જહાઝના હવાદાર ઉપર

Web: www.barkatekhwaja.net

ભાગની મજેદાર હવાઓમાં તદ્દન અરબી અંદાઝમાં (ખાસ પ્રકારનું) કાર્પેટ લગાડી દસ્તરખાન પાથરેલાં હતાં અને ગપસપની મહેફિલો સજેલી હતી. ખાસ ખાદિમો અરબી ખાણુ તૈયાર કરી રહ્યા હતા જે રાહત બખ્શી રહેલી હવામાં બેસીને બે ફિકર થઈને ખાય રહ્યા હતા. બીજી બાજુ અમેરિકન રાષ્ટ્ર પ્રમુખના જહાઝની દીવાલો પર નકશા લાગેલા હતા. ટેબલ પર અહેવાલો રાખેલા હતા. યહૂદી રાજ્યની સ્થાપનાના આકાંક્ષી અમેરિકન રાષ્ટ્રપ્રમુખ સઊદી હુકૂમતથી કરવામાં આવનારી વાતચીતના પોઈન્ટસ પર પોતાના સલાહકારો સાથે ચર્ચા વિચારણા કરી રહ્યા હતા. બંને પક્ષોની દિમાગી સ્થિતિ, સામાન્ય વલણ જે તે સમયે હતું તે લગભગ આજે પણ એવું જ છે. એક સંપૂર્ણ બેફિકર અને આરામમાં પડેલા હતા, અને બીજો સંપૂર્ણ ચોક્કસપણે જાગૃત હાલતમાં હતો. આ વસ્તુઓએ મુસ્લિમ ઉમ્મતને લોહીના આંસુઓથી રડાવી રાખી છે અને સચ્ચાઈ એ છે કે હવે મુસલમાનો પાસે રડવાના આંસુ રહ્યાં છે, ન વહાવવાના માટે લોહી, ફકત અફસોસ અને અફસોસ છે !

૧૨ ફેબ્રુઆરી ૧૯૪૫ની સવારે ૧૦ વાગ્યે મેરફી અને કોઈન્સી બંને નક્કી કરેલ જગ્યાએ પહોંચ્યાં. બંને જહાઝોની ચારે બાજુ ફોજે ઘેરાવ લગાડી દીધો. એક પુલથી બંને જહાઝોને જોડવામાં આવ્યાં. અને "જલાલતુલ મુલ્ક" પોતાના બંને શેહઝાદાઓની સાથે અમેરિકન રાષ્ટ્રપ્રમુખના જહાઝ પર પહોંચી ગયા. આ ખાસ ગુપ્ત બેઠક એક કલાક દસ મિનિટ ચાલુ રહી. તેના વિષયો વિશેની કેટલીક વાતો હવે આમ થઈ ગઈ છે. મધ્યપૂર્વ પર સંશોધન કરવાવાળા લેખકોએ તેને ડરતાં ડરતાં સાવચેતીના અંદાઝમાં નકલ કરી છે. જો કોઈ એ બધા વિષયોને થોડાક શબ્દોમાં વર્ણન કરવા ચાહે તો એ આ હશે......**"પેલેસ્ટાઈનમાં યહૂદી રાજ્યની સ્થાપ્નાના વિશે સઊદી હુકમરાનોને જક્ડવા, તેમની પાસે ઉપલબ્ધ તેલની ખુદાએ આપેલ દોલત પર વર્ચસ્વ પામવું અને અરબો તેમાંથી થતી આવકને લશ્કરી પ્રગતિની જગ્યાએ એશ આરામવાળા (વૈભવી) જીવન પાછળ ખર્ચ કરાવવી."** એકંદરે પાંચ કલાક આ જહાઝ પર રહ્યા પછી જ્યારે શાહ અબ્દુલ અઝીઝ પાછા ફર્યા તો તેમણે જહાઝમાં ભેટો વહેંચી. અધિકારીઓને એક એક ઘડિયાળ અને નાના અમલદારોને ૧૫–૧૫ પાઉન્ડ આપવામાં આવ્યા. આ તેમની સ્વભાવિક શરાફત અને મહેમાન નવાઝી હતી. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે યહૂદીઓની ગંદકી આવા શરાફતભર્યા રિવાજોનો લેહાઝ (આદર) નથી કરતી. છેલ્લે અમેરિકન એલચી વિલિયમ એડી અને સઊદી પ્રતિનિધિ યૂસુફ યાસીને એક સંયુક્ત નિવેદન તૈયાર કર્યું, તેના પર બંનેની સહીઓ થઈ. અને જ્યારે રાષ્ટ્ર પ્રમુખ રુઝવેલ્ટનું જહાઝ સુએઝ નહેરથી પસાર થઈ પોર્ટ સઈદથી આગળ જઈ રહ્યું હતું અને બ્રિટિશ ગુપ્ત એજન્સીના અધિકારીઓ મુલાકાત (બેઠક)ના પરિણામની માહિતી મેળવવાની તનતોડ કોશિશ કરી રહ્યા હતા. તે સમયે યહૂદીઓની કુખ્યાત સંસ્થા "ફ્રી મિશન"ની કાહિરામાં રહેલી કચેરીમાં જે તેમનું હેડકવાર્ટર પણ હતું ત્યાં સફળતાના જામ પીવાઈ રહ્યા હતા. યહૂદી રાજ્યની રૂપરેખાનું ખાસ પગલુ લેવાઈ જવા પર યહૂદીઓના "વારિષ્ઠ નેતા" ખુશીથી ખીલી ઉઠયા હતા.

**૧૯૪૫માં આ બેઠક થઈ અને ફક્ત બે વર્ષો પછી ૧૯૪૮માં દુનિયાના નક્શામાં યહૂદી રાજ્ય ઉભરીને આવી ગયું. જે પાછલા ૩૦૦ વર્ષમાં ઉપસ્થિત થનાર અનોખો બનાવ છે.** અનોખો એટલા માટે કે યહૂદીઓ પર અલ્લાહના હુકમથી બેઈજ્જતી તથા બદ્નામીની મોહર લાગી ગઈ હતી, તો પણ તેમને એક દેશ મળી ગયો ! આ છેવટે કઈ રીતે શક્ય બન્યું ? ખુદ કુર્આને કરીમ બતાવે છે :

Web: www.barkatekhwaja.net

ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ اَيْنَ مَا ثُقِفُوْٓا اِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَ حَبْلٍ مِّنَ النَّاسِ وَ بَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَ ضُرِبَتْ عَلَيْهِمُ الْمَسْكَنَةُ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَ يَقْتُلُوْنَ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ذٰلِكَ بِمَا عَصَوْا وَّ كَانُوْا يَعْتَدُوْنَ ﴿١١٢﴾

"તેમના પર જમાવી દેવામાં આવી ખુવારી (બર્બાદી), જ્યાં પણ હોય અમાન પામશે નહીં પણ અલ્લાહની રસ્સી અને માણસોની રસ્સીથી અને અલ્લાહના ગઝબના પાત્ર ઠર્યા. અને તેમના પર જમાવી દેવામાં આવી મોહતાજી. આ એટલા માટે કે **તેઓ અલ્લાહની આયતોથી કુફ્ર કરતા અને પયગંબરોને નાહક્ક શહીદ કરતા,** એ એટલા માટે કે (તેઓ) નાફર્માન તથા માથુ ઊંચકનારા હતા." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૧૨)*

યહૂદીઓએ કેટલીક હદ સુધી ઘમંડ અને શરારત છોડીને રૂદન આજીજી શરૂ કરી અને દુનિયામાં તાકતની દિશાને પહેચાનીને પોતાને તેમાં એવી રીતે જમાવી દીધા કે તેને પોતાની મરજીના તાબે કરી લીધી. જ્યારે કે મુસલમાનોએ (અરબ દેશો વગેરેએ) પરસ્પરના મતભેદ અને પોતાના સ્વાર્થને ધંધો બનાવ્યો. **શક્તિની પ્રાપ્તિથી ગાફેલ બન્યા અને છાવણીઓમાં હથિયાર જમા કરવાની જગ્યાએ બેડરૂમોમાં ફર્નિચર અને બાથરૂમોમાં ટાઈલ્સો સજાવવામાં લાગ્યા.** જેથી પોતે જ પોતાના ઉપર એ બેઈજ્જતીને લાદી દીધી જે યહૂદીઓ માટે લખવામાં આવી હતી. થયું એવું કે સઊદી અરબે પેલેસ્ટાઈન સાથે લાગવાવાળી પોતાની સરહદને પાછળ હટાવી લીધી જેથી તે પેલેસ્ટાઈનના પાડોશીઓમાં ગણવામાં ન આવે, ન તેના તરફથી પેલેસ્ટાઈનને મદદ પહોંચે, ન પેલેસ્ટાઈનના શરણાર્થીઓ આશ્રય મેળવવા જલાલતુલ મુલ્ક "ઝિલ્લે ઈલાહી" (સઊદી રાજા)ના છાંયડામાં આવી શકે. ક્યારેક **દુનિયામાં એવું નથી થયું કે કોઈ દેશ છુપી રીતે પોતાનો ભાગ કાપી કોઈને આપી દે ! પરંતુ સઊદી અરબના બહાદુર હુકમરાનોએ આ કારનામુ અંજામ આપ્યું અને પેલેસ્ટાઈન સાથે મળતો સરહદી ઈલાહો ઉર્દનને સોંપ્યો અને પોતે પાછળ ખસી ગયા જેથી ન મુસલમાનો તરફથી કોઈ તેમને ગૈરત અપાવે ન યહૂદીઓના સરપરસ્તોની નારાજગી વેઠવી પડે.** *ન રહે બાંસ ન બજે બાંસરી !*

*(કિતાબ : અકસા કે આંસૂ, અઝ : અબૂ લુબાબા,* ***www.pdfbooks.org)***

વર્તમાન સમયે યહૂદી ઈઝરાઈલ તરફથી પેલેસ્ટાઈન પર જુલ્મોની વર્ષા થઈ રહી છે છતાં સઊદી તરફથી કોઈ નોંધનીય કાર્યવાહી નથી થતી અને થવાની ઉમ્મીદ પણ નથી કેમ કે સઊદી રાજાઓએ અંગ્રેજોના બળે તુર્કીઓને મહાત કરીને હિજાઝની ભૂમિ પર કબજો મેળવ્યો. **એ તુર્કી ઉષ્માની હુકૂમત જેના સમયમાં ખલીફા અબ્દુલ મજીદ પાનીએ કહેલું કે જ્યાં સુધી હું જીવું છું યહૂદીઓને વસવા એક તસુ જમીન નહીં મળે !** કેમ કે તે જાણતા હતા કે યહૂદી મનહૂસ કૌમ જેમણે કેટલાય નબીઓને શહીદ કરેલા છે તેવી ટેઢી પ્રકૃતિવાળી કૌમ વસશે તો અશાંતિ જ ફેલાવશે અને ફિત્ના ફસાદ જ કરશે. પણ અંગ્રેજોની ગુલામ અને મુસલમાનોના ગદ્દાર સઊદીએ અંગ્રેજોની ગુલામીનો કરાર કરી લીધો હતો જેથી સઊદીની સ્થાપ્ના સાથે જ યહૂદીને વસવાટ માટે પેલેસ્ટાઈનમાં જગા મળી ગઈ, જેનું પરિણામ આજે મુસ્લિમો ભોગવી રહ્યા છે. અને ઈઝરાઈલ રાજ્યની સ્થાપના માટે પણ સઊદીએ ૧૯૪૫ માં અમેરિકા જોડે કરાર મુંગા રહેવાનો કર્યો અને ઈઝરાઈલ યહૂદીઓનું રાજ્ય બની ગયું પછી ધીરે યહૂદીઓએ પેલેસ્ટાઈનની મોટાભાગની ભૂમિ હડપ કરી લીધી અને હજી જુલ્મોની દાસ્તાનો રોજ બરોજ ચાલુ જ રહે છે. અલ્લાહ પેલેસ્ટાઈનવાળાઓ પર રહમ ફર્માવે. (આમીન)

Web : www.barkatekhwaja.net

## ક઼િબ્લાએ અવ્વલ

# બયતુલ મુક઼દ્દસ

## કલ આજ ઔર કલ !

રજૂકતા

મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી દયાદરવી

(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*બયતુલ મુક઼દ્દસ જે મુસ્લિમોનો ક઼િબ્લએ અવ્વલ છે અને કેટલાય નબીઓની પાક ભૂમી છે, જગતભરના મુસ્લિમોની આસ્થાનું કેન્દ્ર છે ત્યાં નાજાઈઝ રીતે અંગ્રેજોના સહારે લગભગ ૧૯૨૫થી વસેલી યહૂદી ક઼ૌમ પેલેસ્ટાઈનના મુસ્લિમો પર જુલ્મોની વર્ષા કરી રહી છે. તે પાક ભૂમિ વિશે ઈતિહાસને જાણો અને તેના મહત્વને સમજો.*

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મસ્જિદે હરામ (મક્કા મુઅઝ્ઝમા) અને મસ્જિદે નબવી પછી મસ્જિદે અક઼સા જેને મુસલમાનોનો પ્રથમ ક઼િબ્લો હોવાની સાથે સાથે એક ઐતિહાસિક મહત્વ પ્રાપ્ત છે. જેને બૈતુલ્લાહના ચાલીસ વરસ પછી હઝરત યાકૂબ علیہ السلام એ પેલેસ્ટાઈનની ધરતી પર બનાવી હતી. અસંખ્ય અંબિયાએ કિરામ علیہم السلام એના દામનમાં આરામ ફર્માવી રહ્યા છે. આ જ એ સ્થળ છે જ્યાં ઈમામુલ અંબિયા ﷺએ શબે મેઅરાજમાં તમામ અંબિયા વ મુરસલીનની ઈમામત ફર્માવી અને ત્યાંથી જ આસ્માનોની સૈર માટે રવાના થયા. કુર્આનમાં આ જમીનને બરકતવાળી જમીન કહેવામાં આવી : "જેમાં અમે તમામ જહાનવાળાઓ માટે બરકત રાખી છે." (સૂ. અંબિયા, આ. ૭૧) એ સરઝમીન જેને કુર્આન પવિત્ર અને મુક઼દ્દસ ધરતી કહે છે : "હે મારી ક઼ૌમના લોકો ! એ મુક઼દ્દસ (પવિત્ર) સરઝમીનમાં પ્રવેશ કરો જે અલ્લાહ તઆલાએ તમારા નામે લખી દીધી છે." (સૂ. માઈદહ્, આ. ૨૧) ઉપરાંત ઘણાય અંબિયાએ કિરામનો ઈતિહાસ આ પાક જમીન સાથે સંબંધિત છે માટે "બૈતુલ મુક઼દ્દસ" ઈસ્લામી જગતનું દિલ છે. એ ધરતીના દરેકે દરેક રજકણ સાથે મુસલમાનોની અક઼ીદત અને દિલી જઝ્બાત જોડાયેલ છે.

આપણો ક઼િબ્લએ અવ્વલ (બૈતુલ મુક઼દ્દસ મસ્જિદે અક઼સા) જે દરેક યુગમાં યહૂદીઓની સાઝિશોનો શિકાર થતો રહ્યો છે. બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળ હિ.સ. ૧૫માં મુસલમાનોએ તેને ફતેહ કરી તેના પર કબ્જો મેળવ્યો, પરંતુ મુસલમાનોએ તેને મેળવવા માટે કોઈ જુલ્મ અને સખ્તીથી કામ ન લીધું. ઘણા લાંબા સમય સુધી બૈતુલ મુક઼દ્દસ મુસલમાનોના હાથોમાં રહ્યું, મુસલમાનો સંપૂર્ણ આઝાદી સાથે તેમાં નમાઝ પઢતા. પરંતુ મુસ્લિમોના ક઼િબ્લએ અવ્વલ પર નાજાઈઝ કબ્જો મેળવવા હમેશાં પાદરીઓ નાપાક કોશિશો કરતા રહ્યા જેમાં એમને સફળતા પણ મળી. એને મુસ્લિમ શાસકોની અંજામથી બેપરવાહી કહો અથવા આપણી કમનસીબી ! હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળ પછી એક સમય એવો પણ આવ્યો કે મુસલમાનોના હાથોમાંથી ક઼િબ્લએ અવ્વલ (લગભગ હિ.સ. ૪૯૩માં) નીકળી ગયો અને તેમણે (ઈસાઈઓએ) મુસલમાનોનું એવું કત્લે આમ કર્યું કે એમની જ ઝબાની : "એમના ઘોડાઓ ગુઠણ સુધી મુસલમાનોના ખૂનમાં ડૂબેલા હતા અને ૬/૭ દિવસોમાં સિત્તેર હજાર મુસલમાનો કત્લ કરી દેવામાં આવ્યા !"

લગભગ ૯૦ વરસ સુધી બૈતુલ મુક઼દ્દસ પર

ઈસાઈઓનો નાજાઈઝ કબ્જો રહ્યો ત્યાર પછી સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہ એ હિ.સ. ૫૮૩માં અલ્લાહની નુસ્રત અને મદદથી ફરીથી બૈતુલ મુક઼દ્દસને મુસલમાનોના કબ્જામાં લીધું. એક મુદ્દત સુધી આ બાબરકત જમીન મુસલમાનોના કબ્જા હેઠળ રહી.



તુર્કી ઉષ્માની હુકૂમતે "બૈતુલ મુક઼દ્દસ"ના સુરક્ષા પ્રબંધની સાથે સાથે ઈસાઈઓ અને યહૂદીઓને તેના નજીક પણ ફરકવા નથી દીધા.

અરબસ્તાન પર નજદી વહાબી હુકૂમત પહેલાં તુર્કી સુન્ની ઉષ્માની શાસન હેઠળ જે અરબ વિસ્તાર હતો તે જ્યારે વિવિધ ભાગોમાં વહેંચાઈ ગયો અને ઉષ્માની હુકૂમત કમજોર થઈ ગઈ પછી અંગ્રેજોની ફૌજ "શહરે કુદ્સ" (બૈતુલ મુક઼દ્દસ)માં પ્રવેશી ગઈ અને સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૧૮માં પેલેસ્ટાઈન પર બ્રિટનનો કબ્જો થઈ ગયો. ત્યાર પછીથી જ બ્રિટને પેલેસ્ટાઈનની ધરતી પર યહૂદીઓને વસાવવાનું શરૂ કરી દીધું. દુનિયાભરના યહૂદીઓને ત્યાં વસવાટ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું. જેના કારણે ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૫ દરમિયાન ૯૨ હજાર યહૂદીઓ ત્યાં પહોંચ્યા. ત્યાર પછી ૧૯૪૬ થી ૧૯૪૮ સુધીમાં બીજા ૬૧ હજાર યહૂદીઓ વિવિધ સ્થળોએથી પેલેસ્ટાઈન આવ્યા અને ૨૭ હજાર એકર જમીનના વિસ્તારમાં ૭૩ હજાર યહૂદી કોલોનીઓ બનાવવામાં આવી. જુલ્મ તથા જંગલીપણાનો એ નઝારો પણ દુનિયાએ જોયો કે ૧૯૪૮માં અમેરિકી તથા બ્રિટનની મદદથી "ઈઝરાઈલ"ની સ્થાપ્ના કરી દેવામાં આવી, આના પર જેટલોય માતમ કરવામાં આવે ઓછો છે. ઈસ્રાઈલની સ્થાપ્નામાં સંયુક્ત રાષ્ટ્ર (યુનો)એ શરમજનક રોલ અદા કર્યો છે, એટલા જ માટે ડો. ઈકબાલે એને કફનચોરોની ટોળી કહી સંબોધેલ છે.

ઈઝરાઈલના જન્મ પછી એકવાર ફરી ૧૯૬૭માં બૈતુલ મુક઼દ્દસ જાલિમોના હાથોમાં આવી ગયું, અત્યાર સુધીમાં લાખો પેલેસ્ટાઈની બે ઘર અને ૫૦ હજારથી અધિક ખતમ થઈ ચૂક્યા છે, આજે સ્થિતિ એ છે કે કોઈ દિવસ એવો નહીં જતો હોય જેમાં પેલેસ્ટાઈનીઓ શહીદ અથવા ઝખ્મી ન થતા હોય, મુસલમાનોને એમનું અસ્લી વતન છોડવા મજબૂર કરવામાં આવી રહ્યા છે, ઔરતો, નાના બાળકો, વૃદ્ધોને પણ બેરહમીની સાથે ક઼ત્લ કરવામાં આવે છે. સાર એ કે કોઈ સવાર, કોઈ સાંજ તેમના જુલ્મ અને જંગલીપણાથી ખાલી નથી હોતી. માત્ર આટલું જ નહીં, ઈન્ટરનેશનલ યહૂદી ચળવળની ગુપ્ત યોજના હેઠળ યહૂદી પ્લાનિંગ થઈ ચૂકેલ છે કે મસ્જિદે અક઼સાનું અસ્તિત્વ સંપૂર્ણપણે ખત્મ કરી દેવામાં આવે.

૧૮૯૭માં યહૂદી ચળવળની સ્થાપ્ના પછી યહૂદીઓ અને ઈસાઈઓ એ વાત પર એકમત છે કે બૈતુલ મુક઼દ્દસ અને મસ્જિદે અક઼સાને યહૂદીઓની મિલ્કત બનાવી દેવામાં આવે, યહૂદિયત અને યહૂદી ચળવળના એક ઝંડાધારી "હર્ટઝલ"નું કથન છે કે "જો બૈતુલ મુક઼દ્દસ પર સંપૂર્ણ કબ્જો મળી જાય તો શહેરમાંથી એ તમામ નિશાનીઓને મિટાવી દઈશ જે યહૂદીઓના નજીક સન્માનપાત્ર નથી." યહૂદી ચળવળના એક બીજા કાર્યકર્તા "ગ઼ોર્યૂન"નું કહેવું છે : "બૈતુલ મુક઼દ્દસ વિના ઈઝરાઈલની કોઈ કલ્પના નથી અને હૈકલ (દીવારે સુલૈમાની) વિના એની કોઈ હક઼ીક઼ત નથી." જ્યારે "એરિયલ શેરોન"નું માનવું છે કે : "બૈતુલ મુક઼દ્દસ હવે હમેશાં માટે ઈઝરાઈલની

Web: www.barkatekhwaja.net

મિલ્કત છે જેના માટે હું આખી દુનિયાની ચેલેંજ સ્વીકારવા તૈયાર છું. કેવળ આટલુ જ નહીં, બલ્કે આ યહૂદીઓનું મહત્વનું સ્થાન છે, ન અમારું મક્કા છે, ન મદીના, ન વેટકીન, બલ્કે અમારું તો માત્ર હૈકલે સુલેમાની છે !''

યહૂદીઓની ગુપ્ત સાઝિશ એ છે કે કોઈ પણ રીતે મસ્જિદે અક્સાનો ધ્વંશ કરીને તેની જગ્યાએ ''હૈકલે સુલેમાની'' બનાવવામાં આવે, તેમના દાવા મુજબ ''મસ્જિદે અક્સા'' હૈકલે સુલેમાનીને તોડીને બનાવવામાં આવી છે. યહૂદીઓની આ ઝેહરીલી બકવાસોના આધારે સરળતાથી સમજી શકાય છે કે મસ્જિદે અક્સાનો ધ્વંશ કરવાની યોજના એ તેમની હાલની ભાંગફોડ એ સાઝિશનો એક ભાગ છે અને તેઓ પોતાની નાપાક યોજના પર અમલ પણ કરી રહ્યા છે. હૈકલે સુલેમાનીના અવશેષોના સંશોધન કામની આડમાં મસ્જિદે અક્સાની આસપાસ અને અંદર ખોદકામ ચાલુ છે અને ૭૦થી વધુ સુરંગો ખોદાઈ ચૂકી છે જેથી મસ્જિદે અક્સાના પાયા ખોખરા થઈને કોઈ પણ સમયે ભૂકંપ જેવી આકસ્મિક સ્થિતિમાં ભાગી પડે. (અલ્લાહ ન કરે) જેથી મુસલમાનોને ત્યાં નમાઝ પઢવાથી રોકવા, પશ્ચિમી બૈતુલ મુક઼દ્દસમાં યહૂદીઓને વસાવવાના અને મુસલમાનોને તેમના ઘરોથી બેઘર કરવાના રસ્તા સાફ થઈ જાય. તદ્ઉપરાંત ગુપ્ત રીતે હૈકલે સુલેમાની (પૌરાણિક યહૂદી ઈબાદતગાહ)ના બાંધકામની તૈયારી પણ ઘણા જ આયોજનપૂર્વક ચાલી રહી છે.

જાહેર છે કે આ રીતે મુસલમાનોની ગૈરતને લલકારવાના તથા તેમના મૂળ હક્ક઼ોથી તેમને વંચિત રાખવાની કોશિશો થઈ રહી છે. જ્યારે કે ઈતિહાસ સાક્ષી છે કે પેલેસ્ટાઈન પર હમેશાં મુસલમાનોનો કબ્જો રહ્યો છે અને આ ધરતી તેમની મિલ્કત છે, તે છતાંય ઈઝરાઈલ નથી ચાહતુ કે મુસલમાનોની અમાનત એમને સોંપી સંપૂર્ણપણે મઝહબી આઝાદી અને મૂળ હક્ક઼ો આપવામાં આવે. એક બાજુ યહૂદીઓ અને ઈસાઈઓના જુલ્મો સિતમની આ હક઼ીક઼ત છે તો બીજી બાજુ બીચારા પેલેસ્ટાઈનીઓની દયાજનક સ્થિતિ એ છે કે તેઓ રોટી, કપડાં અને મકાન સુદ્ધાંના મોહતાજ છે. ઈઝરાઈલ થકી આવા અત્યાચાર હોવા છતાં પેલેસ્ટાઈનીઓની દીની ગૈરતની એ શાન છે કે તેઓ આવી સ્થિતિમાં પણ મુક઼ાબલો કરી રહ્યા છે. જે રીતે ઈસ્રાઈલને અમેરિકા અને બ્રિટનનું પીઠબળ મળી રહ્યું છે જો પેલેસ્ટાઈનીઓને પણ જીવન જરૂરિયાતની સાથે સાથે યહૂદીઓના મુક઼ાબલા માટે સાધનસામગ્રી પૂરતા પ્રમાણમાં મળી જાય તો એ દિવસો દૂર નથી કે યહૂદીઓને પોતાની ક઼બ્ર માટે જમીન શોધવી મુશ્કેલ થઈ જાય !

આ છે આપણા ક઼િબ્લએ અવ્વલ બૈતુલ મુક઼દ્દસ, મસ્જિદે અક્સા અને પેલેસ્ટાઈનીઓની હાલની દુઃખદ પરિસ્થિતિ ! અરબ દેશોના કહેવાતા મુસ્લિમ ઐશપરસ્ત રાજાઓ અને અન્ય મુસ્લિમ રાષ્ટ્રોના આગેવાનો આ દુદર્શાને સારી રીતે જાણે છે, પરંતુ તેમનાં દિલ મુર્દા થઈ ચૂક્યાં છે કે ઈઝરાઈલ વિરુદ્ધ એક શબ્દ પણ નથી બોલી શકતા ! કારણ કે મુસ્લિમ હુકમરાનો પોતાના વ્યક્તિગત અને રાજનૈતિક ફાયદા ખાતર પોતાના ઈમાન અને ઝમીરનો અમેરિકા તથા બ્રિટનના હાથે સોદો કરી ચૂક્યા છે, દુનિયાના નક઼્શા પર આજે લગભગ ૫૬ મુસ્લિમ દેશો છે, જો બધા જ મુસ્લિમ દેશો એકી સાથે ઈઝરાઈલના જુલ્મો સિતમ અને અમેરિકા તથા બ્રિટનના અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવે અને ઈસાઈ, યહૂદી દેશોની બનાવટોનો બોયકોટ કરે તો ઈઝરાઈલ તો શું અમેરિકા અને બ્રિટન પણ ગુઠણો ટેકવા મજબૂર થઈ શકે છે.

*કુફ્ર સે બગ઼લગીર નઝર આતા હૈ*
*ક્યૂં નહીં હોતે મુસલમાં ભી મુસલમાં કે કરીબ*

www.barkatekhwaja.net

પરંતુ અફસોસ ! એક મુસ્લિમ દેશના સંબંધો બીજા મુસ્લિમ દેશ સાથે સારા નથી, મિસર પોતાની સરહદોમાં પેલેસ્ટાઈનીઓને પ્રવેશ આપવા રાજી નથી, ઈરાક, કુવૈતને જોઈ નથી શકતું, સઊદી અરબ અને સીરિયા આમને સામને છે. આવી નાઝુક સ્થિતિમાં બૈતુલ મુક઼દ્દસ પર ફરી કબ્જો તો દૂરની વાત, તેની તથા તેના અસ્તિત્વની સુરક્ષા પર પણ પ્રશ્ન વિરામ દેખાય છે. આજે યહૂદી અને ઈસાઈ તાક઼તો હજાર આપસી ઈખ્તેલાફ હોવા છતાં મુસલમાનોના વિરુદ્ધમાં એકમત છે, આજે જરૂરત છે મુસ્લિમ ઈત્તેહાદની, જરૂરત છે ઈસ્લામ માટે પોતાના સર્વ અંગત ઈખ્તેલાફ મિટાવવાની.......જરૂરત છે ઈસ્લામી એકતાની.

હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં જયારે બૈતુલ મુક઼દ્દસ પર મુસલમાનોનો કબજો થયો તો અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ ત્યાં ગયા, આપની સાથે હઝરત બિલાલ પણ હતા, રસૂલુલ્લાહ ﷺના પર્દો ફર્માવી ગયા પછી બિલાલ એવા ખામોશ થયા કે લોકો આપની પુરસોઝ અઝાન સાંભળવા તરસી ગયા, મસ્જિદે અક઼સામાં બિલાલ અઝાન ન દેતા, પરંતુ ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ કહ્યું, ''બિલાલ ! ઘણા લાંબા સમયથી મસ્જિદે અક઼સા અને બૈતુલ મુક઼દ્દસની દરો દીવારે અઝાન નથી સાંભળી અને હવે બૈતુલ મુક઼દ્દસ મુસલમાનોના ક઼બ્જામાં આવી ગયું છે તો શું આઝાદીની પહેલી અઝાન પણ નહીં પઢો ?! બિલાલે અઝાન કહી અને લોકોના રૂદનથી મસ્જિદે અક઼સા ગુંજી ગઈ હતી.

આજે ફરી એકવાર મસ્જિદે અક઼સાની દીવાલો અઝાનની અવાજ માટે તરસી રહી છે...વરસોથી મસ્જિદે અક઼સાના દ્વાર કોઈ મોઅઝ્ઝિનની રાહ જોઈ રહ્યા છે....મસ્જિદે અક઼સાનું ફર્શ નમાઝીઓની પેશાનીઓ માટે તડપી રહ્યું છે.

પરંતુ બૈતુલ મુક઼દ્દસ પર આજે યહૂદીઓનો ક઼બ્જો છે, તેના દ્વાર મુસલમાનો માટે બંધ છે. મિમ્બર અને મેહરાબની બેહુર્મતિ (બેઅદબી) કરવામાં આવી રહી છે, એના સેહનમાં જાલિમ યહૂદીઓ મુસલમાનોનું ખૂન વહાવી રહ્યા છે. આજે ફરી એકવાર પેલેસ્ટાઈન અને બૈતુલ મુક઼દ્દસ કોઈ સલાહુદ્દીન ઐયૂબીની રાહ જોઈ રહ્યાં છે.

યહૂદીઓના જાલિમ હાથોમાંથી બૈતુલ મુક઼દ્દસને મુક્ત કરવા સૌ પ્રથમ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہએ જંગ કરી હતી, એ જંગ આજે પણ જારી છે અને ત્યાં સુધી જારી રહેશે જયાં સુધી દુનિયાથી જુલ્મો સિતમ અને નાઈન્સાફીનો ખાત્મો ન થઈ જાય, ઈલ્હાદ, અધર્મતા અને બેદીનીનો નાશ ન થઈ જાય, શૈતાની તાક઼તો પરાજીત ન થઈ જાય.

આજે પેલેસ્ટાઈનીઓનો બચાવ, મસ્જિદે અક઼સાની સુરક્ષા અને પ્રાપ્તિ એ આપણો દીની, અખ્લાક઼ી, રૂહાની અને ક઼ૌમી ફર્ઝ છે, આપણે ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ અને સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીનાં સ્વપ્નો સાકાર કરી શકીએ છીએ પરંતુ એના માટે જરૂરી છે કે આપણે અલ્લાહ عزوجل અને તેના રસૂલ ﷺની ફર્માંબરદારી કરીએ, પોતાની હાલત બદલીએ, દીન પર મરી મિટવાનો જઝબો પેદા કરીએ, એકતા અને ઈત્તેહાદ પેદા કરીએ.

*એક હોં મુસ્લિમ હરમ કી પાસ્બાની કે લિએ*
*નીલ કે સાહિલ સે લેકર તા બખાકે કાશ્ગ઼ર*

બૈતુલ મુક઼દ્દસની અઝમતો અને તેનું તક઼દુસ (પવિત્રતા) પોકારી રહી છે.... હવે જાલિમોના ચુંગાલથી મને કાઢવા માટે કોઈ સલાહુદ્દીન ઐયૂબી આવવાનો નથી, તમારી એકતા અને ઈત્તેહાદ જ સલાહુદ્દીન ઐયૂબીનો અઝીમ કિરદાર અદા કરી શકે છે.

*રાસ્તા તક઼તી હૈ ફિર મસ્જિદે અક઼સા તેરા*

Web.: www.barkatekhwaja.net

# અંબિયાએ કિરામની

## બરઝખી જિંદગી

*અંબિયા કો ભી અજલ આની હૈ,*
*મગર ઐસી કે ફકત આની હૈ*
*ફિર ઉસી આન કે બાદ ઉનકી હયાત,*
*મિષલે સાબિક વહી જિસ્માની હૈ*

વિશ્વસનીય કિતાબોની રોશનીમાં શરીઅતના વિદ્વાનો એ વાત પર સહમત છે કે હઝરાતે અંબિયાએ એઝામ આલમે બરઝખ (દુનિયા તથા આખેરત વચ્ચેનો આલમ જેમ કે કબ્રની જિંદગી)માં વાસ્તવિક જિસ્માની હયાત સાથે એ રીતે જીવંત છે જે રીતે તેઓ દુનિયામાં જીવંત હતાં. બલ્કે તેમને એનાથી પણ અધિક શક્તિશાળી જીવન આપવામાં આવ્યું. અને આ અલ્લાહ તઆલાની બહુ મોટી કુદરત છે કે તેણે અંબિયાએ કિરામને હયાત અતા ફર્માવી.

**હયાત અને મોત :** ગઝાલીએ ઝમાં હઝરત અલ્લામા સૈયદ અહમદ સઈદ કાઝ્મી رحمۃ اللہ علیہએ મુસ્તનદ કિતાબોના હવાલાથી રિસાલા ''અસ્સઈદ'' હયાતુન્નબી એડિશનમાં હયાત અને મોતની જે સ્પષ્ટતા વર્ણવી તેનો સાર એ છે કે નબીઓની હયાત આલમે બરઝખમાં પણ હકીકી જિસ્માની હયાત છે અને મોત એક સ્વભાવિક વસ્તુ છે, વાસ્તવિક નથી અને સ્વભાવિક મોત હકીકી હયાત વિરૂધ્ધ પણ નથી અલ્બત્ત રૂહ હયાતનો સબબ છે, હયાતની ખાલિક઼ નથી. અને અલ્લાહ બુઝુર્ગ બરતરની કુદરત અસ્બાબથી પર છે. તે ચાહે તો રૂહ વિના અંબિયા, શહીદો અને બીજા પ્યારા બંદાઓને આલમે બરઝખમાં જીવંત રાખી શકે છે અને એમાં ન કોઈ રોક છે ન તેના માટે મુહાલ છે. હા ! રૂહ સાથે જીવંત રાખવું અલ્લાહ તઆલાનો એક ક઼ાનૂન છે.

**કાનૂન અને કુદરત :** અલ્લાહ તઆલાનું રૂહ સાથે જીવંત રાખવું તેનો ક઼ાનૂન અને રૂહ વિના જીવંત રાખવું તેની કુદરત છે. અલ્લાહ عزوجل تعالیٰ કદી ક઼ાનૂન ઉપયોગમાં લે છે કદી કુદરત, એ તેની મરજી છે. જેમ કે માતા પિતાના માધ્યમથી મનુષ્યને પેદા કરવું તેની કુદરત છે, અને માતા પિતા વિના પેદા કરવું એ તેની કુદરત છે. જેવી રીતે હઝરત સૈયદુના અબુલ બશર આદમ علیہ الصلوٰۃ والسلامને પેદા કર્યા. અલ્લાહનો ઈરાદો કદી કાનૂનનો તકાદો કરે છે કદી કુદરતનો. ઉપરોક્ત વર્ણનથી હયાતુલ અંબિયાનો મસ્અલો હવે સ્પષ્ટ થઈ ગયો કે કાનૂન અને કુદરત બંનેના તકાદા મુજબ અંબિયા હઝરાત આલમે બરઝખમાં વાસ્તવિક જીવન સાથે જીવંત છે. ચાહે અલ્લાહ તઆલા રૂહ સાથે જીવંત રાખે જે કાનૂન છે અથવા રૂહ વિના જીવંત રાખે જે કુદરત છે. અલ્લાહ તઆલા બંને પર કુદરતવાળો છે, જે ઈચ્છે તે કરનાર છે. અને અલ્લાહ દરેક ચીજ પર કુદરતવાળો છે. અને રૂહ દ્વારા અંબિયાએ કિરામને જીવંત રાખવા ન અલ્લાહ તઆલા માટે શર્ત છે અને ન અલ્લાહ તઆલા પર વાજિબ છે. ખુદ રબ તઆલા હમેશા હય્ય (જીવંત) છે, જ્યારે કે શરીર અને રૂહથી પાક છે.

**બરઝખમાં હયાતે અંબિયાની રોશન દલીલ :** બિફદ્લિહી તઆલા આવનાર લખાણમાં હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની હયાતે મુકદસા હકીકી જિસ્માની હોવાનું હકીકી સુબૂત વિશેષ રીતે અને અન્ય અંબિયાએ કિરામની હયાતે મુકદસા હકીકી જિસ્માની હોવાનું સામાન્યતઃ વર્ણન કરવામાં આવશે.

જેમ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :

➻ અઝ : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી દયાદરવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

Web.: www.barkatekhwaja.net

**(૧)** وَمَاۤ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ "ન મોકલ્યા અમે આપને (અય હબીબ !) પરંતુ રહ્મત તમામ જહાનોની." *–(સૂરએ અંબિયા, ૨૧/૧૦૭)*

*વો જો ન થે તો કુછ ન થા, વો જો ન હોં તો કુછ ન હો*
*જાન હૈ વો જહાન કી, જાન હૈ તો જહાન હૈ*

હઝરત સૈયદ મહ્મૂદ આલૂસી બગદાદી رحمۃ اللہ علیہ ઉપરોક્ત આયત હેઠળ ફર્માવે છે :–

"અને હુઝૂર ﷺનું તમામ જહાનો માટે રહ્મત હોવું એ રીતે છે કે આપ સર્વ મુમ્કિનાત પર તેમની લાયકાતો પ્રમાણે ફૈઝે ઈલાહીનો વાસ્તો છે. એટલા માટે આપ ﷺનું નૂર મખ્લૂક઼ાતમાં સર્વ પ્રથમ છે. કારણ કે હદીષ પાકમાં આવ્યું છે : હે જાબિર ! અલ્લાહ તઆલાએ સર્વ પ્રથમ તારા નબીનું નૂર પેદા કર્યું. અને બીજી હદીષમાં આવ્યું છે : અલ્લાહ તઆલા મુઅ્તી (અતા કરનાર) છે અને હું વહેંચણી કરનાર છું." *(રૂહુલ મઆની, પેજ : ૧૬, પારા : ૧૭)*

તફસીરે રૂહુલ મઆનીથી મધ્યાહનના સૂર્યની જેમ એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે હુઝૂર નબીએ કરીમ ﷺ સર્વ મખ્લૂક઼ાત પર રહમ કરનાર અને સમસ્ત કાઈનાત માટે ફૈઝે ખુદાવંદીના માધ્યમ છે અને હમેશાં અલ્લાહ તઆલાની નેઅમતોની વહેંચણી કરવાવાળા અને અસ્લુલ ઉસૂલ છે. બીજા શબ્દોમાં કહી શકાય કે આપ علیہ الصلوٰۃ والسلام ની ઝાતે મુક઼દ્દસ કાઈનાતની અસ્લ છે. સર્વ કાઈનાત આપની શાખાઓ છે અને તે લીલીછમ છે, જ્યારે શાખાઓ જીવંત છે તો જરૂર અસ્લ (મૂળ) પણ જીવંત છે. કારણ કે અસ્લ (મૂળ) જીવંત ન હોય અને ફરઅ (શાખ) જીવંત હોય એ શક્ય નથી.

*તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તું ઝિંદા હૈ વલ્લાહ !*
*મેરે ચશ્મે આલમ સે છુપ જાને વાલે*

**(૨)** હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યુ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું : "હઝરાત અંબિયા عَلَيۡهِمُ السَّلَام પોતાની ક઼બ્રોમાં જીવંત છે અને નમાઝ પઢે છે."

શારેહે બુખારી હાફિઝુલ્ હદીષ ઈબ્ને હજર અસ્ક઼લાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : ઈમામ બૈહક઼ીએ આ હદીષને સહીહ સનદની સાથે વર્ણવી. એ જ પ્રમાણે મેઅ્રાજનો પ્રસંગ જે હદીષે મશ્હૂરથી સાબિત છે કે મેઅ્રાજની રાત્રે સર્વ નબીઓનું મસ્જિદે અક઼સામાં ઈમામુલ્ અંબિયા علیہ الصلوٰۃ والسلام ની પાછળ ઈક઼્તેદા કરવું અને હુઝૂર ﷺનું હઝરત કલીમુલ્લાહ, ખલીલુલ્લાહ તથા રૂહુલ્લાહ عَلَيۡهِمُ السَّلَام વગેરેને ક઼યામની હાલતમાં નમાઝ અદા ફર્માવતા નિહાળવું, અંબિયાએ કિરામના બરઝખમાં હક઼ીક઼ી જિસ્માની હયાતની સાથે ઝિંદા હોવાની રોશન દલીલ છે.

**(૩)** હઝરત ઝુબૈર બિન બક્કાર رضی اللہ عنہ એ "અખ્બારુલ્ મદીના"માં રિવાયત કરી :–

"હઝરત સઈદ બિન મસૈયબ رضی اللہ عنہ થી રિવાયત છે : તેમણે ફર્માવ્યું, હું જંગે હર્રાના જમાનામાં હમેશાં અઝાન અને તકબીરનો અવાજ રસૂલુલ્લાહ ﷺની ક઼બ્રે અન્વરમાંથી સાંભળતો રહ્યો, ત્યાં સુધી કે લોકો પાછા આવી ગયા. આ રિવાયતને ઈબ્ને સઅ્દે તૃબ્ક઼ાતમાં વર્ણવી. સાથે જ દુર્રાનીએ પણ બીજા શબ્દોમાં પોતાની મુસ્નદમાં રિવાયત કરી. અમુક રિવાયતોમાં છે : અંબિયાએ કિરામ પોતાની ક઼બ્રોમાં રહીને નમાઝ પણ પઢે છે, હજ્જ પણ કરે છે અને રોઝા પણ રાખે છે."

**(૪)** અલ્લામા ઈમામ મુહમ્મદ અબ્દુલ બાક઼ી ઝર્ક઼ાની માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

"ફતાવા રમલીમાં વર્ણન થયેલ છે : અંબિયા, શહીદો અને ઉલમાના મુબારક શરીરો વિસાલ બાદ સડતાં નથી. ખાસ કરીને અંબિયા અને શહીદો પોતાની ક઼બ્રોમાં ખાય પીવે છે, નમાઝ પઢે છે, રોઝા રાખે છે અને હજ્જ કરે છે."

*(ઝર્ક઼ાની અલલ્ મવાહિબ, ૭૦/૩૬૯)*

**(૫)** હઝરત મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

web: www.barkatekhwaja.net

"બેશક ! હુઝૂર સૈયદે આલમ ﷺ પોતાની કબ્રે પાકમાં એ રીતે જીવંત છે જેમ કે બીજા અંબિયાએ કિરામ પોત પોતાની કબ્રોમાં પોતાના રબ પાસે જીવંત છે અને તેમની મુકદસ રૂહોનો સંબંધ આસ્માની દુન્યા અને આ દુનિયા સાથે એ જ પ્રમાણે સ્થાપિત છે જેમ કે (જાહેરી) દુનિયામાં હતો અને અંબિયાએ કિરામ علیہم السلام કલ્બ (દિલ)ના એ'તબારથી અર્શી અને કાલિબ (જાહેર)ના એ'તબારથી ફર્શી છે. અલ્લાહ તઆલા જ કમાલાવાળાઓના હાલાતને ખૂબ જાણનાર છે." *(શર્હે શિફા શરીફ, ૨/૧૪૨)*

**(૬)** હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અંબિયાએ કિરામ મૃત્યુ નથી પામતા અને તેઓ નમાઝ પઢે છે, હજ્જ પણ કરે છે અને પોતાની કબ્રોમાં પણ જીવંત છે." *(ફૈઝુલ હરમૈન, ૨૮)*

**(૭)** મુહક્કિકે અલલ્ ઈત્લાક શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અંબિયાએ કિરામની હયાત પર સર્વ ઉલ્મા સહમત છે તેમાં કોઈનો મતભેદ નથી. અને તેમની હયાત જિસ્માની દુનિયવી હકીકી છે ન કે હયાતે બાતિની રૂહાની."

એ જ પ્રમાણે શૈખ મુહક્કિક મદારિજુન્નુબુવ્વતમાં ફર્માવે છે : હજ્જતુલ્ વિદાઅના મોકા પર હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام એ જોયું કે હઝરત મૂસા કલીમુલ્લાહ, હઝરત સૈયદુના સાલેહ અને હઝરત હૂદ علیہ السلام વગેરે એહરામની હાલતમાં લબ્બૈક કહેતા અરફાતના મેદાન તરફ જઈ રહ્યા છે.

**(૮)** જો કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની બદ્નામે ઝમાના કિતાબ 'તકવિયતુલ ઈમાન'માં 'હું પણ એક દિવસ મરીને માટીમાં ભરી જઈશ." જેવા સ્પષ્ટ જૂઠા કથનને હુઝૂર નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام નું કથન બતાવ્યું. પરંતુ ઉલ્માએ દેવબંદ હકીકતના ચહેરાથી પડદો ઉઠાવતાં હુઝૂર નબીએ કરીમ ﷺની હયાતે મુકદસાનો એકરાર કરવા મજબૂર થઈ ગયા.

જેમ કે દેવબંદના અગ્રણી આલિમ લખે છે :–

"તો આપ ﷺ પોતાની કબ્ર શરીફમાં જીવંત છે અને દુનિયામાં જે પ્રમાણે ચાહે અલ્લાહની ઈજાઝતથી તસર્રુફ ફર્માવે છે." *(અલ્ મુહન્નદ, ૬૮)*

ઉપરોક્ત દલીલો અને હવાલાઓથી હયાતે અંબિયાનો મસ્અલો સૂર્યથી અધિક સ્પષ્ટ થઈ ગયો કે **અંબિયાએ કિરામ علیہم السلام આલમે બરઝખમાં હયાતે હકીકી જિસ્માની સાથે ઝિંદા છે, સમય સ્થળની કૈદોથી આઝાદ છે. નમાઝ પણ પઢે છે, રોઝા પણ રાખે છે અને હજ્જ પણ કરે છે. અને દુનિયામાં જેમ ઈચ્છે અલ્લાહના હુકમથી તસર્રુફ પણ કરે છે.** વિશેષ રીતે હુઝૂરે અકરમ ﷺની બરઝખી જિંદગી અન્ય અંબિયાએ કિરામ علیہم السلامની જિંદગી કરતાં અધિક સંપૂર્ણ અને કામિલ છે. આપની હયાતે તૈયબા (પવિત્ર જીવન)ની ન કોઈ મિષાલ છે ન કોઈ દૃષ્ટાંત છે.

હઝરત ઔસ બિન ઔસની રિવાયતમાં છે : "બેશક અલ્લાહ તઆલાએ જમીન પર અંબિયાએ કિરામના શરીરોને હરામ ફર્માવી દીધા છે."

*(સુનને અબૂ દાઊદ, ૧/૧૫૦)*

એક હદીષમાં છે : "અલ્લાહ તઆલાએ જમીન પર હરામ ફર્માવી દીધું કે અંબિયાએ કિરામના શરીરોને ખાય (સડાવે), જેથી અલ્લાહના નબી જીવંત છે, તેમની રોઝી પામે છે." *(મિશ્કાત, ૧/૧૨૧)*

આલમે બરઝખમાં હયાતે અંબિયાના સબૂતમાં આ સિવાય પણ ઘણા બધા પુરાવા છે. આ ટૂંકા લેખમાં તેમનો સમાવેશ શક્ય નથી.

و صلی اللہ تعالیٰ حبیبہ سیدنا محمد و علیٰ آلہ و صحبہ و بارک وسلم

*(માહનામા અશ્રફિયહ્ મંથલી–ઉર્દૂ, જાન્યુઆરી–૨૦૨૧)*

Web. : www.barkatekhwaja.net

## દયાદરામાં દીની સવાલો જવાબની મેહફિલો

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદમાં **"સુન્ની દા'વતે ઈસ્લામી"** દયાદરા શાખા તરફથી ૨૧ શાબાન હિ.સ. ૧૪૪૨, તા. ૪–૪–૨૦૨૧ને રવિવારે સુન્ની ઈજતેમામાં **"ઈસ્તક઼બાલે માહે રમઝાન"**નું આયોજન કરવામાં આવ્યું જેમાં **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** (સદર : ઈદારા શરઈય્યહ ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) સાહબે રોઝા તથા ઝકાત તથા ઉશ્ર વિશે તેમજ અન્ય સવાલોના ઈલ્મી ઈત્મિનાન બખ્શ જવાબો આપી હાજરજનોના ઈલ્મમાં રૂહાનિયતમાં વધારો કર્યો હતો. એ જ પ્રમાણે રમઝાન શરીફમાં પણ ૧૭ રમઝાન, તા. ૩૦–૪–૨૦૨૧ જુમ્આના રોજ અસર બાદ **"એ'તેકાફ તથા સદક઼એ ફિત્ર તથા ઝકાત"** વિશે સવાલો જવાબની મહેફિલમાં આપે ઈલ્મની રોશની વેરી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## યૌમે યાદે હઝરત અલી (રદિયલ્લાહુ તઆલા અન્હૂ) મનાવાયો

**દયાદરા** : ખાતે ૨૧ રમઝાનુલ મુબારક શહાદતે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના દિવસે તા. ૪–૫–૨૦૨૧ મંગળવારે અસર બાદ **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના સુન્ની ઈજતેમામાં **"યૌમે મૌલા અલી"** મનાવાયો જેમાં **હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) સાહબે હઝરત મૌલા અલી મુશ્કિલ કુશા, હૈદરે કર્રાર کرم اللہ وجہہ الکریم ની ફઝીલતોનું વર્ણન કર્યું તેમજ **"ખારજી ફિર્ક઼ા"** વિશે ઈતિહાસ વર્ણવ્યો હતો અને તેની હક઼ીક઼તને સ્પષ્ટ કરી હાજરજનોનાં ઈમાનોને તાજાં કરી દીધાં હતાં. *–તંત્રી*

## રમઝાન મુબારકમાં દર્સે કુર્આન

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે પ્રથમ રમઝાનથી ૩૦ રમઝાન સુધી અસર બાદ **હઝરત મૌલાના મુફ્તી તૌસીફ રઝા** (S/o. **હાફિઝ હસન રઝવી હલદરવી**) સાહબે રોજ તરાવીહમાં પઢાતી કુર્આનની સૂરતોની ખૂબ જ ઈલ્મી તફસીર વર્ણવી હાજરજનોના ઈલ્મમાં ઈમાનમાં તાજગી વધારી હતી. ખાસી સંખ્યામાં રોઝદારોએ હાજરી આપી ઈલ્મની પ્યાસ બુઝવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

Web...www.barkatekhwaja.net


**મદદની અપીલ**

**પીર હઝરત સૈયદ સફીયુલ્લાહ બાવા અશરફી દરીયાઈ**ની રિક્વેસ્ટ છે કે : વર્તમાન સમયમાં ક઼લમ અને કિતાબો દ્વારા સુન્નિયતનો પ્રચાર કરવો એ સવાબે જારિયાનું કાર્ય છે. મુસલમાનો ઈસ્લામી ઈલ્મ સાથે અહલે સુન્નતના અક઼ીદાને સમજી અમલી જિંદગી પસાર કરી શકે. ઉપરાંત ગુસ્તાખે રસૂલ એવા બદ્અક઼ીદાના ષડયંત્રોનો પર્દાફાશ કરવો એ વર્તમાન સમયમાં જરૂરી થઈ ગયું છે. એ જ ધ્યેય માટે આ કમિટીની સ્થાપ્ના કરવામાં આવી છે. માટે આપ સર્વને ગુઝારિશ છે કે આ કમિટીની ભરપુર મદદ આપની ખુશી અને ગમના મૌક઼ા ઉપર કરી સવાબે દારૈનના હક્ક઼દાર થશો અને ઝકાત, ખૈરાત, ફિત્રા, નઝરો–ન્યાઝ, ઈમદાદ આજે જ મોકલી અને કમિટીના નેક કાર્યમાં સહભાગી થાઓ એવી અપીલ છે. રકમ મોકલનારે સંપૂર્ણ એડ્રેસ પોસ્ટકાર્ડ અથવા એસ.એમ.એસ. દ્વારા મોકલી આપવું જેથી આપને ઘરબેઠાં કિતાબો મોકલી શકાય.

**કાદરી સુન્ની કમિટી–અમદાવાદ** ૭–અમ્માર ટેનામેન્ટ, અતાએ શાહે આલમ, દેના બેંક લાઈન, અલ નિયાઝ પાર્કની બાજુમાં, વિશાલા સર્કલ પાસે, જુહાંપુરા, અહમદઆબાદ–૩૮૦૦૫૫, Mob. 9913768553

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- ❑ **ઈખર** : ખાતે મુઝિમ્મલ ઈલ્યાસ બાપુના દાદા જનાબ હાજી ઈબ્રાહીમ આદમ ઈસા બાપુ તા. ૦૬–૦૪–૨૦૨૧, ૨૩ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- ❑ **ઈખર** : ખાતે હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલાના સાસુમા હજીયાણી આમિનાબહેન તા. ૨૯–૦૪–૨૦૨૧, ૧૬ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, જુમ્આના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- ❑ **ભેંસલી** : ખાતે મુઝિમ્મલ ઈલ્યાસ બાપુના નાના મુહમ્મદ પટેલ ભેંસલીવાલા તા. ૨૩–૦૪–૨૦૨૧, ૧૦ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, જુમ્આના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- ❑ **દયાદરા** : (તા.જિ. ભરૂચ) જનાબ હઝરત અલ્લામા મૌલાના મોહસિન મિસ્બાહી હવેલીવાલાના વાલિદા હજીયાણી જુબેદાબહેન આદમ હવેલીવાલા (જનાબ હાજી આદમ હવેલીવાલાના પત્ની) તા. ૨૧–૦૪–૨૦૨૧, ૦૮ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, બુધવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં ક઼બ્રમાં નૂરની વર્ષા કરે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- ❑ **દયાદરા** : (તા.જિ. ભરૂચ) જુલેખા ઈબ્રાહીમ કીડીવાલા (સુરતી) તા. ૦૫–૦૫–૨૦૨૧, ૨૨ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, બુધવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. ❑ મુહમ્મદહુસૈન આદમ રૂડી તા. ૦૮–૦૫–૨૦૨૧, ૨૫ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. ❑ શેહનાઝબહેન હાફેઝ મુહમ્મદ ગાજરાવાલા તા. ૦૯–૦૫–૨૦૨૧, ૨૬ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. ❑ આમિનાબહેન અબ્દુલ ગની તા. ૧૩–૦૫–૨૦૨૧, ૩૦ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. ❑ ઝુલેખાબહેન ઈબ્રાહીમ મશીનવાલા તા. ૨૦–૦૫–૨૦૨૧, ૭ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૪૨, જુમેરાતના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયાં છે.
- ❑ **વલણ** : હનીફભાઈ વકા તા. ૦૨–૦૫–૨૦૨૧, ૧૯ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, રવિવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- ❑ **કારંટા શરીફ** : ખાતે પીર હઝરત સૈયદ ક઼મરુદ્દીન બાવા કારંટવી અશરફી દરયિાઈના પત્ની સાહેબા સૈયદા ઝકીયા બીબીનો ઈન્તેક઼ાલ તા. ૦૧–૦૫–૨૦૨૧, ૧૮ રમઝાનુલ મુબારક, શનિવારના રોજ થયો છે. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, બાવા સાહબ તથા કુટુંબીજનો, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- ❑ **પીલીભીતશરીફ** : (યુપી) ખાતે ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ, ખલીફાએ કુત્બેએ મદીના હઝરત અલ્લામા ક઼ારી અમાનત રસૂલ સાહબ કિ઼બ્લા رحمۃ اللہ علیہ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. જેમની લખેલી કિતાબ 'તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા' આપણે ત્યાંથી ગુજરાતીમાં છપાયી છે.
- ❑ **ગોંડા** : ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મૌલાના હઝરત સૈયદ અફઝાલ હુસૈન સાહબ (ગોંડા) તા. ૮–૫–૨૦૨૧, ૨૫ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૨, શનિવાર મગરિબ બાદ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.

Web : www.barkatekhvaja.net

- **ટંકારીઆ** : (તા.જિ. ભરૂચ) યાકૂબભાઈ વેવલી તા. ૧૭–૦૪–૨૦૨૧, ૦૪ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **કુરચણ** : (તા. આમોદ, જિ. ભરૂચ) ખાતે હનીફ નૂરી બરકાતીના વાલિદા મર્હૂમા હુરીબેન મુહમ્મદ કપડવંજવાળાનો ૮–રમઝાન હિ.સ. ૧૪૪૨, તા. ૨૧–૪–૨૦૨૧ બુધવારે સુબ્હ સાદિક઼ના સમયે ઈન્તેક઼ાલ થયો. જેમના જનાઝામાં એલાન થયેલ કે કોઈ દેવબંદી મુર્તદે જનાઝાને હાથ ન લગાડવો. સલાતો સલામ સાથે દફનવિધિ થઈ. નમાઝે જનાઝા પેશ ઈમામ સૈયદ સાહબે પઢાવી હતી. મર્હૂમાના સવાબ અર્થે હાફિઝ હનીફ નૂરી તરફથી **રૂા. ૫૦૦/–** લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે, સગાં સ્નેહીઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*
- **સાઉથ આફ્રિકા** : ખાતે હાફિઝ અ. મજીદ સાહબ (મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)ના ભાઈ મર્હૂમ યાકૂબ અલી મક્કન, મૂળ રહેવાસી કુરચણ, તા. ૩૧–૦૩–૨૦૨૧, ૧૭ શાબાનુલ મુઅઝ્ઝમ, બુધવારના રોજ અચાનક નમાઝની હાલતમાં બેહોશ થઈ ગયા, ત્યાર બાદ હોસ્પિટલ લઈ ગયા પરંતુ હોશમાં ન આવી શક્તાં તેઓ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા હતા. જેમની દફનવિધિ બુધવારે સાંજે ૨.૦૦ કલાકે આફ્રિકામાં રાખવામાં આવેલ હતી. મર્હૂમ નેક સાલેહ અને પરહેઝગાર, રોઝા, નમાઝ તેમજ તહજ્જુદના પાબંદ હતા. તેમના સવાબ અર્થે રૂા. ૨૦૦/– "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં ક઼બ્રમાં નૂરની વર્ષા કરે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)
- **માંડવી** : મુફતીએ આ'ઝમ કચ્છ હઝરત સૈયદ અલ્હાજ અહમદશા બાવા સાહબ તા. ૦૮–૦૫–૨૦૨૧, ૨૫ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ આ નાશવંત દુનિયાથી વિદાય લીધી છે. અલ્લાહ તબારક વ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં તેમની ક઼બ્રમાં નૂરની વર્ષા કરે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **તિલકવાડા** : હાજી સુલ્તાનમુહમ્મદ ફકીરમુહમ્મદ ઘોરી તિલકવાડા તા. ૧૮–૦૪–૨૦૨૧, ૦૫ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૨ રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **ભાવનગર** : ખાતે નઅતિક઼ ક઼ાઝીના વાલિદ સાહબ જનાબ જરીશભાઈ ક઼ાઝી તા. ૩૦–૦૪–૨૦૨૧, ૧૭ રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **જિદ્દા** : સઊદી અરબિયા ખાતે ખાતે ખલીફાએ તાજુશ્શરીઅહ્ હઝરત સૈયદ શૌકત સાહબ ક઼િબ્લા જિદ્દા ખાતે તા. ૧૬–૦૫–૨૦૨૧, ૫ શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૪૨ શનિવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **પારખેત** : (તા. જિ. ભરૂચ) અઝહરુદ્દીન યાકૂબ વલી રોકડના કાકા દાઊદ ભાઈ ઈસ્માઈલ રોકડ અને તેમની પત્ની ફાતિમાબહેન દાઊદ રોકડ તા. ૧૮–૦૫–૨૦૨૧, ૪ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. જનાબ દાઉદ ભાઈ ઈસ્માઈલ રોકડ સુન્ની દા'વતે ઈસ્લામીના ખૂબ જ ચાહક હતા.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

Web. www.barkatekhwaja.net

## કુર્બાની વિરૂધ્ધ પોતાની અજ્ઞાનતાનો ઢંઢેરો પિટનાર



# "ગુજરાત સમાચાર" દૈનિકપત્રનો બહિષ્કાર કરો !

*રજૂ : પટેલ શબ્બીર અલી રઝવી તંત્રી, બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

વર્તમાન સમયમાં "વાણી સ્વાતંત્ર્ય"ની આડમાં છેલ્લા અમુક વર્ષોથી પોતાને બુધ્ધિશાળી તથા જ્ઞાની સમજનાર કેટલાક ફિત્તીન ફસાદી તત્વો ઈસ્લામ તથા મુસ્લિમોના વિરૂધ્ધ કાંઈ ન કાંઈ ઝહેર ઓકીને મુસ્લિમોનાં દિલોને ઠેસ પહોંચાડવાને, તેમની ધાર્મિક લાગણી દુભાવવાને પોતે બહાદુરી સમજે છે. અને છેલ્લા કેટલાક સમયથી જ્યારે પણ મુસલમાનોનો પવિત્ર તહેવાર "ઈદુલ અદહા" આવે છે તો તેના આગળથી જ કાંઈ ન કાંઈ તેની વિરૂધ્ધ વર્તમાન પત્રોમાં ચિતરતા રહે છે. જેમને પોતાના ધર્મ વિશે તથા પોતાના ધર્મના લોકોના રિવાજો વિશે જ્ઞાન કે ભાન નથી તેઓ ઈસ્લામ જેવા પવિત્ર ધર્મની બાબતોમાં ચંચુપાત કરે છે ! એવી જ કોઈ અણઘડ વ્યક્તિ "મેનકા ગાંધી"નું નામ આપી "ગુજરાત સમાચાર" દૈનિક, તા. ૧૭–૫–૨૦૨૧ સોમવારના પાના નં. ૬ "સંવેદના" કોલમમાં "ઈદે અદહા"માં થતી કુર્બાનીઓ વિશે લેખ મૂક્યો છે. આ લેખક જે હોય તેને તથા આ વર્તમાન પત્રના લેખને અમો સખત શબ્દોમાં વખાડીએ છીએ. કરોડો મુસલમાનોની ધાર્મિક ઉશ્કેરણી કરતા આ અને તેમની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડતા આ કૃત્ય સામે અમો સખત વિરોધ નોંધાવીએ છીએ. **કેટલાક ગૈર મુસ્લિમ ધર્મ સ્થાનો પર બલિના નામે ક્યાંક દરરોજ તો ક્યાંક અઠવાડિયામાં એક દિવસ અથવા ખાસ દિવસે હજારો જાનવરોની કતલ કરવામાં આવે છે તે જગ મશહૂર છે, એ આ દિલની આંખોથી આંધળાઓને દેખાતુ નથી પણ વરસમાં એકવાર થતી કુર્બાનીમાં મુસલમાનોને સલાહો આપવા બેસી જાય છે કે કુર્બાનીઓ રોકવામાં આવે !**

વળી કુર્આન શરીફનો "ક" ન સમજનાર પોતાની પોપટીયા અજ્ઞાનતામાં ઉપરથી મુસલમાનોને કુર્આન શીખવાડવાની મૂર્ખતા દર્શાવે છે કે, "કુર્આનમાં ક્યાંય લખ્યુ નથી કે બકરા કાપીને બલિદાન કરો." અને પોતાના લોકોમાંની બુધ્ધિથી પર અનેક અંધ શ્રધ્ધાઓ તો તેમને ધ્યાનમાં નથી આવતી, ઉપરથી વિશ્વમાં અમ્નો અમાનનો સંદેશ આપનાર, ઈલ્મની રોશની ફેલાવનાર ઈસ્લામમાં એમને જટિલતાનો પડછાયો દેખાય છે ! અફસોસ ! આવા બુધ્ધિનાં દેવાળિયાં કાઢી ચૂકેલા પોતાને બુધ્ધિમાન સમજે છે. **ઈસ્લામનો ઈન્સાફની નજરે, પૂર્વગ્રહના ચશ્મા હટાવીને જેમણે અભ્યાસ કર્યો તેમણે જાહેર કર્યું છે કે ઈસ્લામથી ભલો કોઈ ધર્મ નથી.**

આવો ! એમનો જે આક્ષેપ છે કે, "કુર્આનમાં ક્યાંય નથી કે કુર્બાની કરો" તેનુ ઓપરેશન કરીએ. આવા આક્ષેપોના અનેકવાર જવાબો ઈસ્લામના ઉલમા વિદ્વાનોએ રદ ન કરી શકાય તેવા પુરાવાઓ સાથે આપ્યા છે પણ આ ફિત્નાખોરો વળી વળીને એક જ રટણ આંખો મીંચીને કરતા રહે છે. કુર્બાનીની હિકમતો શું છે તેને અનેકવાર રજૂ કરવામાં આવેલ છે, પણ છીછરા જ્ઞાનવાળા અજ્ઞાનીઓ પોતાની હઠમાં કે દ્વેષમાં કાંઈ સંભળવા તૈયાર નથી. પણ લોકોમાં તેમની અજ્ઞાનતા પુરવાર કરવા અમો નીચે ખુલાસા રૂપે અમુક આયત તથા હિકમતો વર્ણવીએ છીએ.

પહેલાનાં સમયના નબીઓ હઝરત મૂસા علیہ السلام પર તૌરાત તથા હઝરત ઈસા علیہ السلام પર ઉતરેલ ઈન્જીલ (બાઈબલ)માં જેને માનવાવાળા અનુક્રમે યહૂદી તથા ઈસાઈ છે, તેમાં પણ કુર્બાનીનું વર્ણન છે પણ ત્યારે તરીક઼ો એ હતો કે કુર્બાની જેની મક઼બૂલ થતી તેને કુદરતી આગ સળગાવીને ઊંચકી જતી. જ્યારે અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદિયાને જે કુર્આની બંધારણ અર્પણ કર્યું છે તેમાં ઈન્સાનિયતની ભલાઈ તથા અન્ય હાજતો પૂરી કરવાનો પણ એક મહાન મક઼સદ છે. ગૈબી આગ જાહેર થાય અને કુર્બાનીઓને ખાય જાય તેના બદલે કુર્બાનીનો ગોશ્ત સગાં, મિત્રો, ગરીબો ફકીરોમાં અને જરૂરતમંદોમાં વહેંચણી કરવાનો હુકમ છે. મુસલમાન આ રીતે જાનોનું નઝરાણુ બારગાહે રબ્બુલ આલમીનમાં પેશ કરે

અનુસંધાન ટાઈટલ નં. ૩ પર...

અનુસંધાન ટાઈટલ નં. ૨નું ચાલુ...

છે અને ગોશ્તનો તોહફો પોતાના મુસલમાન ભાઈઓમાં વહેંચે છે, જેનાથી ઈસ્લામી ભાઈચારાના સંબંધની મજબૂતી તથા ગરીબોને નવાઝિશ પણ થાય છે જે ઈસ્લામી બંધારણની મહત્વની વહેંચણીની રીત છે.

**કુર્આન કુર્બાનીનો અલલ એલાન હુકમ કરે છે :** વિશ્વ શાંતિના જામિન કે જેમનાં ફર્માનો પર ચાલવામાં આવે તો જગતમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપાય જાય, જેમને રબ તઆલા તરફથી સર્વ દુનિયાવાળાઓ માટે રહ઼મત બનાવીને મોકલવામાં આવ્યા તે પૈગંબરે ઈસ્લામને ખુદાનો હુકમ થયો : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ **"તમારા રબને માટે નમાઝ પઢો અને કુર્બાની કરો."** *(સૂરએ કૌષર)* અન્ય પણ આયતો જાનવરની કુર્બાની વિશે છે પણ આ એક આયત જ અહીં પૂરતી છે. ઈસ્લામના પૈગંબરે આ જ હુકમનું પાલન કરતાં પોતે ઈદે અદહા પર જાનવરની કુર્બાનીઓ કરી અને પોતાના અનુયાયીઓને કુર્બાની માટે કેવું જાનવર, કેટલા વરસનું જાનવર, કેવી રીતે ક્યારે ઝબહ કરવું....વગેરે મસાઈલ શીખવ્યા છે.

**હુઝૂર صلی اللہ علیہ وسلمની ઝબાન મુબારકથી સાંભળો :** "કુર્બાનીના દિવસોમાં માણસનો કોઈ અમલ અલ્લાહને (કુર્બાનીના) લોહી વહેવડાવવા કરતાં વધુ પસંદ નથી. કુર્બાનીનું જાનવર ક઼યામતના દિવસે પોતાની શીંગો, વાળો તથા ખરીઓ સાથે આવશે અને જાનવરનું લોહી રબની હુઝૂરમાં જમીન પર પડતાં પહેલાં જ મક઼બૂલ થઈ જાય છે, જેથી **ખુશી ખુશી કુર્બાની કર્યા કરો."** *(મિશ્ક઼ાત શરીફ)*

સારાંશ કે કુર્બાનીના દિવસોમાં કોઈ લાખો રૂપિયા ગરીબોમાં વહેંચી કાઢે પણ એક સામાન્ય જાનવરની કુર્બાનીની સરખામણીમાં તે આવી શક્શે નહીં. જેથી કુર્બાનીનો કોઈ બુદ્ધુ ગલત અર્થ કાઢવા જતો હોય તો તે આ નબી પાકનું ફર્માન યાદ રાખી શાનને ઠેકાણે કરી લે. ઈસ્લામી શરીઅતની પરિભાષામાં કુર્બાની એક માલી ઈબાદતને કહે છે, એટલે કે ખાસ જાનવરને ખાસ દિવસોમાં અલ્લાહના માટે સવાબની નિયત સાથે ઝબહ કરવું. કુર્બાની મુસલમાન મુક઼ીમ (મુસાફર નહીં), આઝાદ, માલિકે નિસાબ (માલદાર) પર વાજિબ છે. કુર્બાની જેવી રીતે પુરૂષ પર વાજિબ છે તેવી જ રીતે સ્ત્રી પર પણ વાજિબ છે. *(કિતાબ : દુર્રે મુખ્તાર વગેરે)*

કુર્આનની વાત કરનાર કે, "કુર્આનમાં ક્યાંય કુર્બાનીનો હુકમ નથી" તે તેણી તથા અન્ય તેના સમવિચારી જાણી લે કે મુસલમાનોના શ્રેષ્ઠ વિદ્વાનો જેઓ કુર્આનની સમજૂતી, પયગંબરે ઈસ્લામની હદીષોની સમજૂતી તથા મસાઈલ દર્શાવવામાં નિષ્ણાત થઈ ગયા, તેવા મહાન ઈમામો (ટોચના સ્કોલર્સ) હઝરત ઈમામ નખઈ, ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ મુહમ્મદ, ઈમામ યૂસુફ વગેરે કુર્બાનીને વાજિબ (અનિવાર્ય, કરવી જરૂરી) ઠરાવે છે. અને ઈમામ શાફઈ અને ઈમામ અહમદ ઈબ્ને હંબલની નજીક સુન્નત છે. આગલા તથા પાછલા સર્વ ઈમામો, બુઝુર્ગો, ઈસ્લામના તમામ આલિમો તેની મહત્વતાને તથા તેના શરીઅત હેઠળ હોવાને માને છે. તો પછી કોઈ ઈસ્લામી જ્ઞાનથી અભણ કુર્બાની વિરુદ્ધ ગમે તેમ ભસે એ તેના પૂર્વગ્રહભર્યા બકવાસથી વિશેષ કાંઈ નથી.

જેથી સર્વ ન્યાયપ્રિય લોકો અને ખાસ કરીને મુસલમાનોને અમારી અપીલ છે કે આવા ફિત્નાખોરોના લેખો કે નિવેદનોને રદિયો આપો અને આ વર્તમાનપત્ર ગુજરાત સમાચારનો બહિષ્કાર કરો જે અવાર નવાર કોમી એકતામાં પલીતો ચાંપવાનું કામ કરે છે. અને ખુદા વ રસૂલ પર ઈમાન રાખીને તેમના ફર્માનો પર તથા દીનના ઉલમાની વાતો પર અડગતાથી રહી ઈસ્લામી શરીઅત પર ચાલતા રહો.

અમો સામા પક્ષની જો પોલ ખોલવા બેસીએ તો તેમની અંધશ્રદ્ધાની દાસ્તાનો એટલી છે કે જે ક્યાંય કોઈની બુદ્ધિમાં ફીટ થાય એવી નથી. પણ અમો અમ્નો શાંતિ ચાહીએ છીએ જેથી ઈલ્ઝામી (પ્રતિ આક્ષેપ રૂપે) જવાબ આપવા નથી માગતા, સમજદાર માટે આટલી વાતો બસ છે.

*ગર કુછ અષર કરે તો એક અશ્ક઼ હી બહુત હૈ–વરના રાત ભરકા રોના ભી બેકાર હોતા હૈ*